

કુમાર
અંક ૩૧
ઉગતી પ્રજાનું માસિક
રવિશંકર રાવળ
કુમાર
વર્ષ ૩ : અંક ૭
અષાઢ : ૧૯૮૨

જુલાઇની આખરે બહાર પડશે

થાકેલું હૃદય

લેખક—'સાગર'

[જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી]

રા. બ. રમણભાઇ મ. નીલકંઠના

વિસ્તારી અવલોકન સાથે

સારા ગ્લેઝ કાગળ અને સુંદર બાઇન્ડિંગ વાળું પુસ્તક.

અગાઉથી ગ્રાહક થનાર માટે

એક રૂપિયો

પાછળથી કીંમત સવા રૂપિયો

પોસ્ટેજ જુદું

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર

૩૦૩૫: પાનકોર નાકા: અમદાવાદ

બાળકોની રમત

દોઢ આનામાં ચોરાશી જ્ઞાન

બાળકોને ઘણી ગમ્મત સાથે જ્ઞાન આપે છે. નાનાં પાંચ વર્ષનાં છોકરાં પણ સમજી શકે તેવા સરલ મ્હોટા શબ્દોમાં ચિત્ર સાથે. ફક્ત દોઢ આનાની ટીકીટ બીડો.

ધી હોલ ઇન્ડિયા ઍડવર્ટાઇઝિંગ એજન્સી, અમદાવાદ

બાળકોને વહેંચવા માટે સામટી ૫૦ અગર તેથી વધારે લેનારને અરધા ભાવથી આપીશું.

માસિક રૂ. ૧૫૦

અને તેથી વધારે કમાવા માટે માત્ર ૩૦ જ દિવસમાં ઘેર બેઠાં સૌથી સરસ ઝડપીલું **ન્યુ શૉર્ટહૅન્ડ** શીખી લો. ગોખવાનું કે રિવિઝન કરવાનું નથી જાડા પાતળાની કટાકૂટ નથી. સંતોષ થાય તો જ ફી આપવાની છે. બે દિવસ ફ્રી ટ્રાયલ. બે આનાની ટીકીટ બીડી કેટલૉગ મંગાવો. સ્ત્રીઓ માટે સ્કોલરશીપ અને ઓછી ફી.

દેશાઈ શૉર્ટહૅન્ડ સ્કુલ ૧૫૧૫ ભાઉની પોળ, અમદાવાદ



લવાજમ વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની.

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો.

લેખકો જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.




બુદ્ધ યશોધરા અને રાહુલ

અજન્તા મઠની ૧૭ નંબરની ગુફા-
માંના એક ભવ્ય ચિત્રની પ્રતિકૃતિ

કરનાર : રવિશંકર રાવળ

અષાડ '૮૨ના ' કુમાર 'નું મુખચિત્ર



કુમાર

ગુજરાતીપ્રજાનું માસિક

વીરશ્રી

વીરશ્રી કાંઇ એક દેશ કે લોકોને વરેલી રિદ્ધિ નથી; એક કાલ કે સ્થિતિને અનુકુળ રહેતી અથવા અમુક વય કે લિંગમાં વસેલી સિદ્ધિ નથી. એ તો અનેકવિધ રૂપે, સર્વ–આરાધ્ય અને સર્વતોભદ્ર વિલસે છે.

શાળોપયોગી ઇતિહાસના જગતવીરો ભણવા જતાં આપણે પોળનાં પડોશી બાલવીરોને કે ગ્રામદેવતા શી શીલવંતી સતીઓને ઓળખવાની નજર હીણી પાડી છે. સામાન્ય દેખાતી દૈનિક દુનિયામાં અસંખ્ય શૂર આત્માઓ વસે છે તેને ભુલી ન જઇએ.

રાજનયની નજરે વીરની વ્યાખ્યા હો તે હો; પરંતુ જીવનની દૃષ્ટિએ તો જે કોઈ જીવી જાણે તે વીર. માનવજાતથી આગળ ધસતો વીર તો મૃત્યુને માણે. કીર્તિભુખ્યો નહિ, પણ કલ્યાણગામી હોય તે વીર. વીર એટલે જીવનનો અભય હિમાચલ. વીર ચિત્ત નવો જ ચીલો પાડે છે; સો સો વરસોનુ કલૈબ્ય જે કશું ય ન કરે તે એ એક અસામાન્ય પળમાં સાધી લે છે.

વીર હૃદય પ્રજ્ઞા અને પ્રેરણાની પાંખો વડે કૌતુક અને સાહસનું રસિયું રહે છે; સંબંધોને ને સિદ્ધાન્તોને સમજે છે; અને સૃષ્ટિ અને વિજ્ઞાનને ઘેરી વળે છે.

પરંતુ આજ તો. . . . આપણા સાહિત્યમાં વીરશ્રીને સટે શૃંગાર પેઠો છે; વ્યવહારમાં સાચી વીર-ભાવનાને બદલે આંધળી વીરપૂજા પંકાઈ છે.

વીરશ્રી તે દેહની વિપુલતા નહિ, પણ પ્રાણની પ્રફુલ્લતા છે; ચિત્તનું ચાંચલ્ય નહિ, પણ આત્મનિગ્રહનું સ્થૈર્ય છે; હૃદયનું જાડ્ય નહિ, પણ અંતઃકરણનું સ્વરાજ્ય છે.

એવી વીરશ્રીની વરદ માળા સૌ વાંછો ને સૌ પામો.

દેશળજી પરમાર

વર્ષ ૩ : અંક ૭
અષાડ : ૧૯૮૨



ખાનદાનીનો ખ્યાલ

આપણી આજની ક્ષીણસત્ત્વ દશામાં આપણા તરુણોની નીતિરક્ષાને અર્થે તેમનામાં ખાનદાનીના ઉગ્ર ખ્યાલ સીંચી, વિશાળ પુરુષાર્થની અનિવાર મહત્ત્વાકાંક્ષા તેમનામાં કેળવવી એ વધુ નરવું છે. જો આપણે આપણામાં આકરી ખાનદાનીના ખ્યાલ જતનપૂર્વક રોપ્યા હશે,— 'મારાથી તો આમ જ થાય', 'અમુક ન જ થાય;' 'આમ થાય તો જાત વેચવી જ પડે,' 'આમ થયું તો ભેરવજપ જ ખાધે છુટકો;'— એમ જો આપણે જીવનને ખાંડાની ધાર ગણી, હરકોઇ ક્ષણે, વટને માટે, ઇજ્જતને માટે જીવનને તુચ્છ ગણતાં શીખ્યા હોઇશું તો ગમે તે પરિસ્થિતિ વચ્ચે, ગમે તે વેળાએ, આપણે આપણા શીલની ચોકી સહેજે કરી લઇ જીવનને તેજસ્વી છતાં હળવું કરીશું, અને મોટી વયે એવા અભ્યુદય-પરાયણ જીવનને સારૂ સ્થિર અને સ્વાભાવિક એવું કાઠું અનાયાસે મેળવીશું.

સ્વામી આનંદ

તે જ જીવે છે, તે જ જીવે છે
મથે સદા જે ઉચ્ચ થવા;
સફળ થાય કે નિષ્ફળ થાયે
તોપણ તે જીવતા ગણવા.

વાતાવરણ

પૂર્વ હિંદુસ્તાનમાં થએલાં હિંદુ મુસ્લીમ રમખાણોની વાતો ચોમેર પ્રસરી રહી છે. એ ઉપરથી કોઇપણ સમજુ માણસ ધર્મદ્વેષને વધારવાનું તો હરગીઝ નહિ ઇચ્છે; પરંતુ જે ગુંડાઓ અને બદમાશો એ રમખાણોના ઓથ હેઠળ ગૃહસ્થોના ઘરની આબરૂ અને જાનમાલ પર હુમલા કરે છે તેની સામે ટકી રહેવાની સ્વરક્ષણની તૈયારી અને શક્તિ તો દરેક માણસે અવશ્ય સાધવા માંડવી જોઇએ. પોલીસ કે ચોકીદારોના રક્ષણ નીચે લાગતી સલામતી માટે હમેશાં ખાતરી રાખી શકાય નહિ એ પણ આ પ્રસંગે દેખાઈ ગયું છે. એટલે અંતે વાત જુવાનો પર જ આવીને ઉભી રહે છે. દેશના નવયુવકોએ જ એ જુમ્મેદારી ઉપાડી લેવાની રહી.

યુવાનોનો ભાગ

કલકત્તામાં હમણાં થએલાં રમખાણોમાં એક પ્રસંગે બે નવજુવાનોએ માત્ર લાઠીથી એક મોટા ટોળાને વારી રાખ્યું અને છેવટે સોલ્જરોની ગોળીના ભોગ થઇ પડયા એ વાત યુવાનોને કાળજે હમેશને માટે ચોંટી રહેવી જોઇએ. સ્વતંત્રતા માટે લડાઈ ચાલે ત્યારે જ મરવું યોગ્ય, એમ ગાંઠ બાંધી બેઠેલાએ ચેતવણી લેવી કે સ્વતંત્રતાની સિદ્ધિ માટે તો દરરોજ, દર પળે લગાડવાનું જ છે, અને તેમાં કોણ ક્યારે ખતમ થશે તેનો વિચાર જ કરવાનો નથી. એ બે બંગાળી વીરોએ જે વીરતા બતાવી તે સ્પષ્ટ સુચવે છે કે સમાજે પોતાના રક્ષણ માટે પોતાનાં ફુટતાં અંગો—ઉગતા જુવાનોને જ તૈયાર કરવાની જરૂર છે. એનું મુખ્ય સાધન અખાડા છે.

ગુજરાતની શરૂઆત

ગુજરાતને સુભાગ્યે અત્યારે ગુજરાત વ્યાયામમંડળે આ દિશામાં કામ આરંભ્યું છે. તે પહેલાં વડોદરાના શ્રી માણિકરાવના અખાડા અને ભરૂચ વાળા શ્રી અંબાલાલ પુરાણીએ કસરત માટે ફેલાવેલા શોખને લીધે એમના અખાડામંડળોમાંથી સશક્ત ને સુબદ્ધ શરીરવાળા જુવાનો બહાર પડયા છે. કાઠિયાવાડમાં સ્વામીરાવે પણ એ પ્રવૃત્તિનો પ્રચાર કરવા ઘુમવા માંડયું છે. પરંતુ જાહેર પ્રજા હજુ એ બાબતમાં કેટલી મંદ છે!

તોફાનો અને હુલ્લડો વખતે આપણા બારણા આડા કોણ ઉભા રહેશે? ભાડુતી ભૈયાઓ કે ગુરખાએ પણ કોઇ દિવસ દગો નહિ દે? ખરી વાત તો એ છે કે સમાજે પોતે જ પોતાના રક્ષણ માટે તૈયારીઓ કરવી જોઇએ. એ માટે ઘરઘરનો જુવાન તાલીમબદ્ધ, કસરતી, અને અત્યારે આપણા હાથમાં રહેલું એકમાત્ર બચાવનું સાધન જે લાઠી તે વાપરતો થઈ જાય અને પોતાની માતા, બહેન તથા કુલીન કે ગરીબ સ્ત્રીઓને ઓથ આપવા ખડેપગ બની રહે. દરેક ઘરને બારણે અકેકો વીર દુધમલ કુમાર આમ રક્ષણ માટે કાર્તિકેય સમો ઓજસ્વી ઉભો હશે તે દહાડે નિર્ભયતાનું ખરૂં વાતાવરણ જામવાનું છે.

અત્યારનું ચિત્ર

પણ એ નિર્ભયતા સ્થાપનારા એ દુધમલિયાનું અત્યારનું ચિત્ર પણ જોવા જેવું છે. બાળલગ્નની સાંકળોમાં ઝુંકતા, નાડીઓ તુટેલા, થાકેલા જેવા લાગતા, વિષયની વાતોના ધુમાડા કાઢતા કે ખાનગી કુટેવોના ભોગ બની રહેલા આપણા અસંખ્ય જુવાનોનાં ઘેટાંમેંઢાં જેવાં ટોળાંમાંથી એવા નિર્ભય વીર નીપજશે કે? જેમનામાં પોતાનું રક્ષણ કરવાની તાકાત નથી, શરીરો જેમનાં તાવ અને નબળાઈમાં તવાઇ રહ્યાં છે, એવા છોકરાઓને સ્ત્રીઓની છબીઓ જોઈ રહેતા કે પડોશની કે ગામની કન્યાઓને આકર્ષવા મથતા જોઇને દેશની સ્થિતિ પર ગ્લાનિ થયા વિના રહેતી નથી. અરે, ખુદ માબાપો જ બાળકોનાં અકાળે લગ્નો કરવા કેટલાં ઇંતેજાર હોય છે! અને પછી આસ-



શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનો સંદેશ

મારે તો એક જ સંદેશો મોકલાવવાનો છે. સમાજ કે ધર્મે ઘડેલાં બીબાંમાં રહી નિશ્ચેતન ઢીંગલીઓ બનશો મા. તપથી શક્તિ મેળવજો; ભાવનાથી શુદ્ધિ મેળવજો; અભ્યાસથી કાર્યદક્ષતા મેળવજો; જ્ઞાનથી સંસ્કારસમૃદ્ધિ ભેગી કરજો; છે તે જ જીવનમાં રસ કેળવી ઉલ્લાસ અનુભવજો; —અને આમ ઘડાએલી માનવતાને વ્યક્ત કરજો—શબ્દમાં, વિચારમાં, ચારિત્ર્યમાં ને કર્તવ્યમાં—કોઇનો ભય ધાર્યા વિના, કશાની આશા રાખ્યા વિના. ગુજરાતને મહાન રાષ્ટ્ર થવું હોય, સંસ્કારનો મંત્ર દેવો હોય તો તેની ઉગતી પ્રજાને આ માનવતા સર્જાવવી જ પડશે. **કનૈયાલાલ મુનશી**

પાસના સંસારમાં સ્ત્રીપુરુષોની વિવિધ લીલા બાળકોને કેટલા અકાળે વિષયેચ્છા તરફ ધકેલે છે તથા તેને લગતી જાતજાતની ચેષ્ટાઓ અને વાતોમાં કેટલા ઉંડો રસ લેતા કરી દે છે તે વિચારતાં ત્રાસ છુટે એવું છે.

ખાનગી જાગૃતિ

પણ જે સમજી કે વિચારી શકે છે તે ચેતી શકે છે અને બચી પણ શકે છે. વયમાં આવતા દરેક જણને મન કે શરીરના ઉશ્કેરાટનો અનુભવ તો થાય જ છે; પણ એનો અર્થ નહિ સમજાતાં કુસંગત કે ખોટી સલાહથી દોરવાઇ જઇ ઘણાં યે બાળકો શરીરને અપવિત્ર કરે છે અને કુટેવોથી ભયંકર નુકસાન પહોંચાડે છે.

એ ઉશ્કેરાટનો પહેલો અનુભવ થતાં જ ચેતી જવું જોઇએ. ખુલ્લી હવામાં ફરીને, ઠંડા સ્નાનથી, સાત્ત્વિક વિચારોથી, સજ્જનોના ને ઉચ્ચ ગ્રંથોના સત્સંગથી મનને ઠંડું કરી નાખવું જોઇએ. ખોરાકનો ફેરફાર કરવો, ખુલ્લી હવામાં સુતું અને મન ઉપર કડક ચોકી રાખી માનસિક તથા શારીરિક પવિત્રતા ટકાવી રાખવા ગંભીર પ્રયત્નો આદરવા જોઇએ.

યોગ્ય કાળે, યોગ્ય ઉમરે, દરેક માણસે સંસારમાં જોડાવાનું તો છે જ; પણ પોતાના જીવનનો યોગ્ય સાથી મળતાં સુધી શરીરના ઉશ્કેરાટને કાબુમાં નહિ રાખી શકનાર પવિત્રતાનો ભોગ આપી ક્ષણિક 'ચળ'ને સંતોષવા આકળો થઈ જાય છે ત્યારે તેની વિકળ મનોદશા અતીવ દયાજનક હોય છે. તે પામર, લાચાર, અંધ, મૂઢ પ્રાણી જેવો બની જાય છે. અને એકવાર લપસ્યો એટલે થઇ ચુકયું. તેને પછી ઉપર ચડવું બહુ મુશ્કેલ થઇ જાય છે.

દરેક કુમાર લગ્ન વખતે પવિત્ર દેહ અને મનવાળી કન્યા મળે એવું ઇચ્છતો હોય, તો દરેક કન્યા પણ એવું કાં ન ઇચ્છતી હોય કે તેના જીવનનો સાથી એટલા જ પવિત્ર અને શુદ્ધ હૃદયનો આત્મા હોય ? લગ્નની એ પવિત્ર ને ધન્ય સ્થિતિ પોતાને પ્રાપ્ત થાય ત્યાં સુધી તેઓ મનોબળ ટકાવી રાખી નિર્માલ્ય ઉશ્કેરાટોની પાછળ ખુવાર નહિ થાય તો એનો બદલો પણ અવશ્ય એટલો જ અનેરો અને અવર્ણનીય મળી રહેશે. પવિત્રતાની કાંતિ તેનાં નેત્રોમાં ઝળકશે, વીર્યના સંરક્ષણથી તેનું શરીર સાંગોપાંગ સુબદ્ધ અને સુંદર બની રહેશે, બુદ્ધિની નિર્મળતા અને વાણીનો પ્રભાવ તેને સહજ પ્રાપ્ત થશે, મનુષ્ય માત્ર તેની તરફ સ્નેહથી આકર્ષાશે અને તેની જીવનભાગી સ્ત્રીના પવિત્ર અને અમર પ્રેમનો તે અનુભવ પામશે. જે સુંદરતા અને આકર્ષણ કન્યાઓમાં સોળ વર્ષની ઉમરે આવી જાય છે તે તેમના પાવિત્ર્ય અને નિર્દોષતાને લીધે હોય છે. કુમારોમાં પણ નિર્મળ જીવન એથી યે વધુ શ્રી અને શક્તિનો પ્રકાશ પ્રવિત્રતાની પ્રસાદી રૂપે લાવવાનું જ.

જીવનની ધૂન

રોજ આપણે ઉન્નત થતા જઇએ છીએ એવી ભાવના રાખ્યા કરવાથી આપણા મન ઉપર તેની છાપ પડે જ છે અને આપણી નબળાઈ, કુટેવ કે કુવિચાર ધીરેધીરે દબાતાં જાય છે જ. પણ માત્ર સારા થવાના વિચારથી જ કે દુષ્ટ ભાવનાઓ દાબવાના સંકલ્પથી જ લડાઇ જીતી શકાતી નથી. આપણી સામે આપણને ઉન્નતિ આપે એવું કોઇ પણ કામ મોજુદ હોવું જોઇએ; ન હોય તો ઉભું કરવું જોઇએ.

મનને પવિત્ર અને શરીરને તંદુરસ્ત રાખવા ઇચ્છતા હોઇએ તો દુષ્ટ પ્રવૃત્તિ કે દુષ્ટ વિચારને જરા યે વખત ન મળે એવો જીવનક્રમ દરેક માણસે પોતાને માટે ઘડી રાખવો જોઇએ. અભ્યાસ, લોકસેવા કે કોઇ કલા–હુન્નરની જબરબસ્ત ધુન મનમાં જગાવવી. ખાલી ખ્યાલોમાં પડી રહેનારા, ઇશ્કી કવિતાઓ ગા ગા કરનારા કે આખો દિવસ કપડાં બુટ વાળની વરણાગીમાં જ વખત વેડફી દેનારા માટે જીંદગીની ઘણી લાલચોને તક મળી જાય છે.

કસરત કે કામ એટલું કરો કે તમારા શરીર અને મનને તેમાં જ ખતમ થવું પડે. આ થાકની પાછળ શક્તિઓનો વ્યય નથી પણ સંચય છે. એ શક્તિસંચયથી તમારાં કામોમાં ઉત્સાહ અને ગતિ આવશે, તમારૂં શરીર ખડતલ ને બલવાન બનશે, તમારામાં કોઈપણ કામ ઉઠાવવાનું કૌવત ઉભરાતું લાગશે.

મેઘ-નાદ

: માઢની ધુન :

કોઈ ગાજે અલખનો નાદ
જગતભર.. ઘુમે અલખનો નાદ;
કોઇ બોલે અંતર સાદ
જીવનભર.. ગાજે અલખનો નાદ.

ચંડ વિરાટના પ્રાણ સમોવડ
ફુંકે ઘન વંટોળ,
ઉડીઉડી હિમપહાડો ચ ભેટે
કંપે ગગનનો ગોળ;
અહોહો, ભીષણ જળઅંઘોળ: કોઇ૦

ચમકે અચિંત્યો, પલપલ છુપે
વીંધે ચેતનદોર,
કેસરી-પડઘા ત્રોડી વછોડે
વ્યાપક વજ્રશોર;
અહોહો, ગાઢ પ્રલયપહોર: કોઇ૦


કુદરતનો રણરાસો રમવા
આમંત્રે નભરાજ,
ઘેનતણા ઘુમ્મટ-પડ ફોડી
સજ્જ કરો જુધસાજ;
અહોહો, ગેબી વિશ્વ અવાજ: કોઇ૦

કોઇ બોલે અંતર સાદ
જીવનભર .. ગાજે અલખનો નાદ.

દેશળજી પરમાર

અર્વાચીન યુગના મનુષ્યત્વનો વિધાતા

યૂજેન સૅન્ડો



જ્યારે મર્દાનગીનાં કાર્યો માત્ર વાતોમાં જ સંભળાતાં, જ્યારે વિલાસની ગોદમાં ભરાઇ રહેવામાં જીવનની કૃતકૃત્યતા મનાતી, સ્વાસ્થ્ય અને શૌર્યને ભોગે ઉપભોગની આરાધના એ જ જીવનનો મહામંત્ર ગણાતી, મનુષ્યત્વ નિશાચર વૃત્તિમાં પર્યાપ્ત થતું, પુરુષ માત્ર વસ્ત્રોને લીધે ઓળખાતો, ત્યારે—યૂરોપની નપુંસકતાના એ કાળમાં એક યુગવિધાતાનો અવતાર થયો. એ યૂજેન સૅન્ડો.

જેના આગમનથી સૃષ્ટિમાં નવો શરીરધર્મ પ્રવર્ત્યો, જેના આદેશના પરિણામે સૃષ્ટિનું માનવજીવન નવપલ્લવિત થયું, જેના શાસનથી પ્રજા વીર્યવતી બની, એ નરકેસરી સૅન્ડો અત્યારે નથી. પેલા શાંતિમય મંગળ ધામમાં એનો અમર જ્યોતિ પ્રયાણ કરી ગયો છે. સૅક્સન, સીર, ઍપોલૉન જેવા સાથીઓ અને પ્રતિભટોની સાથે એ અક્ષરધામમાં વિરાજે છે. પણ એના યશોરાશિનો પરિમલ અત્યારે પણ આપણને ઘેનમાં ડોલાવે છે.

વીસવીસ વરસના ભીષ્મ પ્રયત્ને મનુષ્યજાતિના ઉદ્ધારકનું પદ એણે પ્રાપ્ત કર્યું છે. બે કરોડ જેટલી જનતા એના પુણ્યતીર્થે દર્શન કરી કૃતાર્થ થઇ છે. અર્વાચીન યુગના મનુષ્યત્વનો એ વિધાતા છે.

નેપોલિયન ને સીઝર જેવા વ્હેંતિયાની પાસે એ ગ્રહમંડળમાં સવિતા સમો છે. કેમકે સ્વાર્થના યજ્ઞમાં એણે વસુંધરાનો બલિ આપ્યો નથી. વિલાસના ખપ્પરમાં એણે સૃષ્ટિના સૌન્દર્યને હોમ્યું નથી. રાક્ષસી મહત્ત્વાકાંક્ષાથી એ વસુધાને વરવા રણમાં ઝુઝ્યો નથી. એણે તો સૃષ્ટિનો સૌન્દર્યરાશિ વધાર્યો, ખીલવ્યો ને પોષ્યો. નપુંસકતા અને નિર્બળતાની શૃંખલાથી એણે મનુષ્યજાતિને મુક્ત કરી.

કૉનિગ્સબર્ગના મહર્ષિ કૅન્ટના તત્ત્વજ્ઞાને જગતને શીખવ્યું કે આ જડ અને નામરૂપધારી જગતથી પર, અજ્ઞેય આત્મતત્ત્વ છે; કૉનિગ્સબર્ગના મહર્ષિ યૂજેન સૅન્ડોએ જગતને કહ્યું, 'આપણા તનુમંદિરમાં આત્મદેવ

વિરાજે છે; એ મંદિરને વિસારો છો શામાટે ? જર્જરિત અણુઓનો એના અંગેઅંગમાંથી નાશ કરો, આખો દેહ નિર્મળ કરો, એના સૌન્દર્યને વધારો, જેથી એમાં આત્મજ્યોતિ પૂર્ણ કળાએ પ્રકાશે.' કૅન્ટ જગતના આધ્યાત્મિક જીવનનો સ્વામી થયો: સૅન્ડોએ જગતના માનવદેહની નિર્બળતાનો નાશ કરવા બીડું ઝડપ્યું. સૅન્ડો અને કૅન્ટને ઉત્પન્ન કરી, કૉનિગ્સબર્ગ—જર્મનીએ સ્થૂલ-સૂક્ષ્મ, જડ-ચૈતન્યનો રમ્ય યોગ સાધવાનો પ્રયત્ન કર્યો છે. બંનેના વિજયરાશિ આગળ જગત ઉપકારના ભારથી અવનત વદને આજે ઉભું છે. કૅન્ટ અને સૅન્ડોના સ્થૂલ દેહ વિલીન થયા છે: એમનો યશ:સૌરભ જગતમાં મઘમઘે છે.

યૂજેન સૅન્ડો ! કેવળ બે જ શબ્દો ! પરંતુ એના શ્રવણ માત્રથી આપણા હૃદયમાં શા શા ભાવ ઉભરાય છે !

પુરાણ યુગોનાં મર્દાનગીનાં વાતાવરણ આપણા કલ્પનાપ્રદેશમાં ફેલાય છે. ફ્રોટોનાનો અદ્વિતીય મીલો, હરક્યુલિસ, એપોલ્લો આદિનાં અસંખ્ય ચિત્રો આપણી નજરે તરવરે છે, અને સૌન્દર્યાન્વિત મનુષ્યશરીરની—પુરુષશ્રેષ્ઠની અનુપમ મૂર્તિઓ અવલોકતાં આશ્ચર્ય અને ભયની વિવિધ લાગણીઓમાં તરબોળ થઇએ છીએ.

સૌન્દર્યપૂજનનો એ યુગ હતો. દેહની સુઘટિત અવયવરચના અને વીરશ્રીથી નીતરતાં અંગોની સુસંહતિ, એ યુગના પુરુષત્વ અને સ્ત્રીત્વના અલંકારો મનાતા. કામિનીઓની કલ્પનામાં પ્રચંડ બાહુવાળો, વિશાળ વક્ષ:સ્થળથી શોભતો, વૃષસ્કંધ પર શાંત અને સ્થિર નયનો વાળા મસ્તકથી અલંકૃત પુરુષ જ 'પુરુષ' નામને પાત્ર ગણાતો. સ્ત્રીત્વની શોભા દેહના અનુપમ લાવણ્ય અને બલિષ્ટપણામાં મનાતી. પુરુષ અને સ્ત્રી ઉભય, મર્દાનગીનાં ઉપાસક હતાં. આમ પુરાતન કાળની સંસ્કૃતિના પ્રધાન અંગ પર પડી, આપણી દૃષ્ટિ જ્યારે પાછી વળે છે ત્યારે ? ત્યારે નજરે અંધકાર જ દેખાય છે.

પરમાત્માની પરમ રમણીય અને કલાપૂર્ણ વિલક્ષણ સૃષ્ટિ 'મનુષ્ય'; તેની અત્યારની અધોગતિ જોઇ, ક્ષણ તો આપણે માની પણ શકતા નથી કે આ બધા એ પ્રાચીન પ્રજાના જ વંશજો છે. અનેક સૈકાઓના અનિયન્ત્રિત ઉપભોગ, સ્વચ્છંદ વિહાર ને નપુંસકતાને પોષનારી ભાવનાઓના પરિણામે અત્યારની પ્રજા વામનાચાર્યના વંશજો જેવી ઠીંગુજી બની ગઇ છે. નિ:સત્ત્વ શરીર, પ્રકાશહીન નેત્રો, ચૈતન્યરહિત મુખ અને નિર્બળ અંગોમાંથી નીકળતી નિર્માલ્યતાની બદબો આપણને ગુંગળાવી નાખે છે. વીરશ્રીનું તો નામ પણ ક્યાંથી હોય ? આહારમય અને શય્યાશૂરા આપણા જુવાનોને જોતાં કયા સહૃદયી હૃદયમાં, પ્રજાજીવનના આ વિનાશના દર્શનથી ચીરા નથી પડતા ? 'પાતળિયા' થવામાં જેમણે પુરુષત્વ માન્યું છે અને 'જીવતાં મુડદાં' જેવી બનવામાં જેમની કોમળતા ગણાય છે—એવાં આપણાં પુરુષ-સ્ત્રી રત્નો (!)થી ઉત્પન્ન થનારી આપણી ભાવિ પ્રજાનો વિચાર માત્ર કંપાવનારો થઇ પડે છે.

આજનો જમાનો શિક્ષણનો છે. એ શિક્ષણ 'જનતા' કેળવવાનું—પૃથ્વીના પટ ઉપર વીર્યશાળી નવી જ મનુષ્ય પ્રજા ઉત્પન્ન કરવાનું હોવું જોઇએ. આજના પ્રજાજીવનનો પોકાર શરીર અને મનના યોગવાળાં, સંપૂર્ણ વિકાસ પામેલા શરીરમાં નિર્મળ અને સ્વસ્થ મનની ગુંથણીવાળાં સ્ત્રીપુરુષ ઉત્પન્ન કરવાનો છે. આવા શિક્ષણનો આદ્ય દ્રષ્ટા તે યૂજેન સૅન્ડો.

અરધી સદી ઉપર આ યુગવિધાતાનો પ્રાદુર્ભાવ થયો. એણે વીસ વર્ષની પ્રખર તપશ્ચર્યા કરી જગતમાં આ નવા શિક્ષણના તત્ત્વોનો પ્રચાર કર્યો. એના ભગીરથ પ્રયત્નના યોગે આજનું જગત—યૂરપ, અમેરિકા ને એશિયા ખંડની વિવિધ જનતા—અત્યારે નવેસરથી યુવાનો અને યુવતીઓ ઘડવામાં રોકાયું છે. શરીરના વિકાસમાં મનનો વિકાસ રહ્યો છે એ સૂત્રનું પાલન કરવા દેશવિદેશની શાળાપાઠશાળાઓ અને રાષ્ટ્રમંડળો કુમાર અને કુમારીઓના શારીરિક સૌભાગ્ય અને સૌન્દર્ય તથા પૂર્ણતાને ઉછેરવાના પ્રયોગો આદરી રહ્યાં છે. એ વિશ્વવ્યાપી નવચેતન સૅન્ડોના લોકસંગ્રહની જયઘોષણા છે. જેની વીસવીસ વર્ષની તપશ્ચર્યાનાં ફળરૂપ આધુનિક કૌમારનો વસંત પ્રગટ્યો છે, એ બલવીર સૅન્ડોના યશ:શરીર આગળ જગત ઋણીભાવે ઉભું છે. અને વાંચનાર, એ ઋણનું અપા-


કરણ કરવાનો તારો, મારો, સર્વનો ધર્મ નથી ?

જે પરમ પુરુષાર્થથી સૅન્ડો યુગવિધાયક બન્યો તે માર્ગ આપણા માટે પણ ખુલ્લો છે. માત્ર પ્રયાણ કરનાર જોઇએ. અને એ તૈયારી કરવામાં સૅન્ડોનું જીવન ઘણું પ્રેરક બળ રેડે છે.

ઇ. સ. ૧૮૬૭ના એક પુણ્ય દિવસે સૅન્ડોનાં નયનો પર વર્તમાન યુગની ઉષાએ હાથ ફેરવ્યા. જર્મનીના કૉનિગ્સબર્ગ નગરમાં આ મહાન પુરુષનો સ્થૂલ દેહ અવતાર પામ્યો. યૂરોપના ઇતિહાસમાં એ કાળ અનેરો હતો. રાજકીય અને સામાજિક સંસ્કૃતિના વિવિધ વાતાવરણમાં નવીન પ્રેરણાઓ પ્રેરાતી અને એને ઝીલી ત્યાંનું પ્રજાજીવન ઘડાતું. એ કાળ વિચાર-સંક્રાન્તિનો હતો. એ સંક્રાન્તિકાળમાં સૅન્ડોનો જન્મ થયો. એમાં ઇશ્વરી સંકેત હતો. એનું જન્મનું નામ Meutter હતું.

Poeta nacitur, non fit—કવિત્વને વિષે કહેવાય છે કે એ સાહજિક ધર્મ છે, પુરુષાર્થસિદ્ધ નથી. કવિઓ જન્મે છે, બનતા નથી.—સાવ સાચું. પરંતુ શારીરિક સામર્થ્ય તો પુરુષાર્થથી પણ મેળવાય છે. ભીમ અને અર્જુન, કર્ણ કે અભિમન્યુને સ્વપુરુષાર્થ ઉપરાંત માતાના ગર્ભનિવાસનો પણ ઉપકાર માનવાનો હોય; પરંતુ પેલા એકલવ્યને તો પોતાના પુરુષાર્થનો જ મહીમા ગાવાનો. ભીલ જાતિમાં જન્મ; ગુરુનો અભાવ; જાતીય સંસ્કારો પણ નિર્બળ; છતાં ? અર્જુનના વિનાશના ભયે દ્રોણ જેવાને પણ અબ્રાહ્મણ બનાવનાર એ એકલવ્ય જગતના પુરુષાર્થવાદીઓનો વંદનીય છે.

એવો જ અર્વાચીન યુગનો ગૌરાંગ એકલવ્ય યૂજેન સૅન્ડો. માત્ર એને કોઇ દ્રોણાચાર્ય મળ્યા નહોતા. જન્મતાં જેણે સ્વાસ્થ્યનું મોં સરખું જોયું ન હતું એ સૅન્ડોએ એકવીસ વર્ષે કેવળ સ્વપ્રયત્ને જગતના પૂર્ણ વિકસિત અને બલિષ્ઠ ઉત્તમોત્તમ પુરુષનું પદ પ્રાપ્ત કર્યું. જન્મથી અઢાર વર્ષ સુધીના કાળમાં એનું જીવન મૃત્યુના આતિથ્યનો અભિલાષ ધરનારૂં દેખાતું. રોગ અને નિરાશાના વાતાવરણમાં એનું કિશોર વય કચરાઇ જતું. છતાં પણ એના ભાવિના બળે એને પ્રેરણા મળતી અને જીવનને પકડી રાખવાનો એ પ્રયત્ન કરતો. એના પિતા કળાના ઉપાસક હતા. ઇટલી અને ગ્રીસનાં પુરાતન કલામંદિરોના પુણ્યતીર્થે અનેક



યૂજેન સૅન્ડોનું પૂર્ણ વિકસિત, અત્યંત બલિષ્ઠ અને સૌન્દર્યથી નીતરતું શરીર

યાત્રાઓ કરવા એમણે બાળક સૅન્ડોને સાથે લીધેલો. રોમ અને ફ્લૉરેન્સના અમર શિલ્પીઓનાં મનોરાજ્ય કાંસા અને પત્થરમાં સજીવ બનેલાં જોઇ સૅન્ડોના હૃદયમાં વિચિત્ર ભાવનાઓ ઉભરાતી. શરીરની સુઘટિત રચના અને તજ્જન્ય સૌન્દર્યનો રાશિ એણે પ્રથમ આ જ સ્થળે જોયાં. એથી એના હૃદયમાં વિશાળ કલ્પનાઓ જન્મી. પિતાને પુછતાં એમણે એવા પ્રૌઢ અને માંસલ શરીરવાળા પુરુષોનો અત્યારના જમાનામાં અભાવ જણાવ્યો. 'જે કાળમાં આ પુરુષો વિદ્યમાન હતા તે કાળમાં હાલના મોજશોખ ન હતા. મનુષ્યની સલામતીનો આધાર એના શરીરબળ ઉપર હતો. બળ એ પ્રધાન દેવતા મનાતી; એના મંદિરે સ્ત્રી પુરુષો પૂજન કરતાં. જો કે અત્યારના આહારવિહારના જમા-



એકત્રીસ વરસનો યૂજેન

તામાં આવાં શરીર નથી. પરંતુ પુરુષાર્થથી એવાં શરીર બનાવી શકાય ખરાં.' થયું. સૅન્ડોના હૃદયમાં નવી જ્યોત જગી. શરીરના સૌન્દર્યનો એ ઉપાસક બન્યો. અને જે શરીરને જોઇ 'A Greek God come to life' (જાણે કોઈ ગ્રીક દેવતા સજીવન થયો) એમ જનતા આશ્ચર્યમુગ્ધ નયને પોકારી ઉઠતી, તે ભાવિ શરીરને રચવાના અસ્ખલિત ઉત્સાહપૂર્ણ નિશ્ચયનાં બીજ સૅન્ડોના હૃદયમાં રોપાયાં અને ગ્રીક તથા રોમના વીરોને આદર્શ રાખી માત્ર ચાર વર્ષમાં સૅન્ડોએ અપ્રતિમ શરીર બનાવ્યું.

અઢારમે વર્ષે સૅન્ડોએ શરીરશાસ્ત્રનું અધ્યયન શરૂ કર્યું. શરીરની રચના, એના સ્નાયુ, લોહી, ચામડી, હાડપીંજરની વ્યવસ્થા અને વ્યાપાર, ઇન્દ્રિયોના વિવિધ વ્યવહાર વગેરેનો સુક્ષ્મ અભ્યાસ એણે આરંભ્યો. પ્રત્યેક સ્નાયુનું શરીરમાં સ્થાન, હલનચલનની ક્રિયા, એનો પૂર્ણ વિકાસ સાધવાની પદ્ધતિ આદિના સંગીન જ્ઞાન માટે એણે ખુબ વિચાર કરવા માંડ્યો. આહાર-વિહારની શરીરના યંત્ર ઉપર અસર, શ્રમ અને તેના પ્રતિકાર રૂપ આરામનાં તત્ત્વો ઉપર પણ એણે નજર દોડાવી. આની સાથે શરીરના પ્રત્યેક અંગનો વિકાસ સાધવાની સરળ અને ભારે પદ્ધતિઓનું સેવન પણ ચાલુ રાખ્યું. વ્યાયામથી શરીરનો વિકાસ કરવાનાં ઉત્તમ સાધનોનો એણે આશ્રય લીધો.

અને પરિણામ? જગતમાં જેની તુલનાએ ચડે નહિ એવું અદ્વિતીય, પૂર્ણ વિકસિત, અત્યંત બલિષ્ટ અને સૌન્દર્યથી નીતરતું આદર્શ શરીર એણે પ્રાપ્ત કર્યું.

આ ૧૮ થી ૨૧ સુધીનાં ચાર વર્ષો સૅન્ડોના જીવનની ચાવી છે. એના ભાવિ જીવનમાં જે ગુણો આપણે જોઇએ છીએ એનો વિકાસ આ ચાર વર્ષોમાં થતો હતો. એના માર્ગમાં અનેક સંકટો આવતાં. નિરાશા અને ઉદ્વેગ તો ડગલેડગલે ઉભરાતાં. સાધનોનો ઉપયોગ કરવા છતાં પણ શરીરમાં જોઇતો ફેરફાર ન થતો. ત્યારે એ ગભરાતો, હતાશ બનતો અને વ્યાયામ છોડી દેવા લલચાતો. ઘણી વાર એને મુંઝવણ થતી. આગળ માર્ગ જડતો નહિ. પરંતુ સૅન્ડો દૃઢ નિશ્ચયી હતો. ચિત્તને કઠોર કરી એણે વિઘ્નો સહી લીધાં. મગરના જેવી પકડથી એણે પોતાનો નિશ્ચય સ્થિર રાખેલો. એનું સર્વ ધ્યાન ફલ—આદર્શ ઉપર હતું. માર્ગમાં આવતાં વિઘ્નો એને મારી નાખવા પુરતાં હતાં. પણ ડરાવવા માટે બહુ જ ઓછાં હતાં. દાંત પીસી એ હસી શકતો. સ્પાર્ટાના વીરોની સહનશીલતા એના આગળ હારી જતી. 'જો બચ્ચા સૅન્ડો, ધ્યાન રાખ. પેલી બાલ્યાવસ્થા ભુલી ગયો કે? માઇકાંગલો રહી જીવવાનું તો નથી જ. હીમત રાખ. થોડી વારમાં બધું શાંત થશે. આગળ વધ. બસ, હવે થોડું જ સહન કરવાનું છે. લે ચાલ ગભરાતો ના. પેલા સ્પાર્ટન છોકરાની વાત * ભુલી જવાની નથી. રડવું આવે તો પણ હસ. દાંત પીસીને પણ હસ. હાં. સાબાશ સૅન્ડો, બચ્ચા,

---


* એક સ્પાર્ટન છોકરાની વીર રસથી ઉભરાતી આ કરુણ કથા છે. એ છોકરાને જંગલી જનાવરનો શોખ હતો. નાનાં બચ્ચાંને એ ઉઠાવી લાવતો. માબાપ, શિક્ષક સૌ વઢતાં પણ ભાઈ માને શાના? એક વખત એ શિયાળના બચ્ચાને ઉઠાવી લાવ્યો. માબાપની બીકે કોટમાં છાતી પાસે સંતાડી બટન ભરાવી દીધાં. અંદર બચ્ચું ગભરાઇ તોફાન કરવા લાગ્યું. પેલી તરફ માબાપે ધમકાવવા માંડ્યા. શાંત ચિત્તે ઉભો રહી આ કુમાર બંને પીડાઓ હસતે મોંએ સહન કરતો હતો. ગભરાટમાં શિયાળના બચ્ચાંએ પેટ ઉપર બચકાં ભરવાં માંડ્યાં. ધીમેધીમે લોહી ચાખતાં વિકરાળ બની એણે અંદરનાં આંતરડાં કરડી ખાધાં અને આખરે મુડદું થઇ કુમાર નીચે પડ્યો. પણ મરતા સુધી એના મોં ઉપર શોક કે દુઃખની રેખા સરખી યે ન હતી. આ ધૈર્યનું મુળ સ્પાર્ટાના યુવાનોના ઘડતરની પ્રૌઢ પ્રણાલિ જ હતી.

સાબાશ છે. જખ મારે છે હવે વિઘ્નો. ચાલ, હવે જરા આરામ લે. પછી કાલ વળી આગળ.' આમ તે પોતાની જાતને હીમત આપતો. આથી એના વિચારમાં મહાન પરિવર્તન થતું. વ્યાયામની શરૂઆતમાં ઉપજનારો અભાવ અને આળસ તથા માનસિક થાક એને ઝાઝી અસર કરતાં નહિ. આખરે એણે સર્વ ઉપર વિજય મેળવ્યો. મન અને શરીરની એકતા સાધી. એકલક્ષ થઈ એણે એકવીસમું વર્ષ બેસતાં આદર્શને સિદ્ધ કર્યો. આનું નામ પુરુષાર્થ અને મનુષ્યત્વ.

§

સને ૧૮૮૯માં ઇંગ્લંડનો પ્રસિદ્ધ ચિત્રકાર ઑબ્રે હન્ટ વેનિસના પ્રવાસે ગએલો. ત્યાંના સૃષ્ટિસૌન્દર્યના અવલોકને નીકળતાં એક સ્થળે એણે અપૂર્વ દૃશ્ય જોયું. એક નિર્મળ ઝરાને તટે, લતામંડપમાં, ગ્રીસની શિલ્પકલાના ઉચ્ચ નમુના રૂપ એક પુતળું એની નજરે પડ્યું. દૂરથી જોતાં હન્ટની કલારસિક વૃત્તિ ઉત્તેજિત થઇ. પાસે જઇ એ અપૂર્વ કૃતિનું અવલોકન કરવાનું એને મન થયું. આકાંક્ષાથી ઉભરાતા હૃદયે એણે ત્વરાથી એ સ્થાનમાં પ્રવેશ કર્યો, ત્યાં તો એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. જે સ્થાને એણે પુતળું જોયું હતું ત્યાં જીવન્ત મનુષ્ય ઉભો હતો. નિશ્ચેષ્ટ જડ પત્થરને સ્થાને સજીવ મનુષ્યને જોતાં એ મહાન ચિત્રકાર ઠરી જ ગયો. જેને એણે પત્થરની કૃતિ ધારિલી, એ અન્ય કોઇ નહિ પણ યૂજેન સૅન્ડો હતો. વનવિહારનો એને શૉખ હોવાથી એ આ સ્થાને આવેલો અને એકાંત સ્થાન જોઇ, સૂર્યના મધુર તાપમાં શરીરને સેવવા કપડાં કાઢી એ ઉભો હતો. દૂરથી જોનારને એનું ગૌરવવાળું સુગ્રથિત માંસલ શરીર આબાદ પુતળા જેવું લાગતું. હન્ટનું આશ્ચર્ય શમ્યા પછી એણે સૅન્ડોનું ઓળખાણ કર્યું અને જ્યારે એના શરીરનું સૂક્ષ્મ અવલોકન કર્યું ત્યારે એના મોંમાંથી 'Sandow—Non Pareil—' (જગદેકવીર સૅન્ડો) એ ઉદ્‌ગાર નીકળી પડ્યા. અત્યારનું જગત એ અભિધાનથી જ સૅન્ડોને ઓળખે છે.

હન્ટ અને સૅન્ડોની ખુબ મૈત્રી જામી. જેમજેમ હન્ટ સૅન્ડોના ગાઢ પરિચયમાં આવતો ગયો તેમતેમ એનો પ્રેમ અને મમતા વધતાં ગયાં. રોમના વીરશ્રેષ્ઠ ગણાતા ગ્લૅડીએટરોનાં અંગોનું સૌષ્ઠવ સૅન્ડોના



રોમના 'કોલિસ્યમમાં ગ્લૅડીએટર' તરીકે
યૂજેન સૅન્ડોનું ઑબ્રે હન્ટે કરેલું ચિત્ર

શરીરસૌન્દર્ય આગળ ન્હીલું બની જતું જોઇ, હન્ટે સૅન્ડોને રોમના 'કોલિસ્યમમાં ગ્લૅડીએટર' રૂપે ચીતર્યો. એની એ અમર કૃતિ અત્યારે પણ સૅન્ડોના પરમ પુરુષાર્થની સાક્ષી પુરે છે.

એ સમયે યૂરોપનાં વિવિધ નગરોમાં, પોતાને 'જગતમાં બલિષ્ટ' રૂપે ઓળખાવનાર અનેક પહેલવાનો ધંધાર્થે ભટકતા. એમનાં બળનું પ્રદર્શન જોઇ પ્રજા પોતાના શૉખ પુરા કરતી અને નાનામોટા, યોગ્ય-અયોગ્ય અનેક પહેલવાનોની આ રીતે રોજી ચાલતી. ઈંગ્લંડમાં પણ એ સમયે સૅમ્સન નામનો પહેલવાન પોતાના શાગિર્દ સાઇક્લોપ્સ સાથે લંડનના રૉયલ ઍક્વેરિયમમાં ખેલ કરતો હતો. પોતાના શાગિર્દને હરાવનારને પંદર સો તથા પોતાને હરાવનારને પંદર હજાર રૂપિયા આપવાનું એણે જાહેર કર્યું હતું. એનો લાભ લેવા સૅન્ડોને હન્ટ ઈંગ્લંડમાં લાવ્યો. હન્ટ તથા અમેરિકામાં વ્યાયામનો પિતા ગણાતો પ્રો. લુઇ ઍટિલા, સૅન્ડોને, જ્યાં સૅમ્સન ખેલ કરતો હતો ત્યાં લઈ ગયા. સૅમ્સને હમેશની રીત પ્રમાણે ખેલની



સૅન્ડોના અનેક કસરતી ખેલોમાંનો એક: હાથ અને પગ પર ટેકવેલા શરીર ઉપર ગોઠવેલા પાટિયા પર ઘોડો ચલાવવો.

શરૂઆતમાં પોતાનું આહવાન પ્રેક્ષકો આગળ મુક્યું કે તરત જ સૅન્ડોએ ઉભા થઇ એનો સ્વીકાર કર્યો. સાદા પોષાકમાં એના બલ અને શક્તિનો ખ્યાલ ન આવવાથી પ્રેક્ષકો સૅન્ડોની ઠેકડી કરવા લાગ્યા. કેટલાકે એ મવાલીને મસળી નાખવા સૅમ્સનને ભલામણ કરી. પણ જેવાં સૅન્ડોએ કપડાં ઉતાર્યાં અને એનાં અપૂર્વ અંગો નજરે પડ્યાં કે તરત આખી નાટકશાળા આશ્ચર્ય અને આનંદના પોકારથી ગાજી ઉઠી. સૅમ્સન પણ જરા ગભરાયો. પણ હસતે મોંએ એણે સૅન્ડોની સામે પોતાના શિષ્ય સાઇક્લોપ્સને રજુ કર્યો. જોતજોતામાં સૅન્ડોએ એને હરાવ્યો, અને સૅમ્સનને કબુલાત પ્રમાણે પંદર સો રૂપિયા ગણી આપવા પડ્યા. પરંતુ સૅન્ડો પંદર સો માટે આવ્યો ન હતો. એને તો સૅમ્સનને હરાવી પંદર હજાર જીતવા હતા. કેટલીક રકઝક બાદ એક અઠવાડિયા પછી સૅન્ડો સામે ઉતરવાનું સૅમ્સને કબુલ કર્યું.

બીજી નવેમ્બર ૧૮૮૯ ને શનિવારે દિવસના બે વાગ્યેથી પ્રેક્ષકો ભરાવા લાગ્યા. રાત્રે નવ વાગ્યે ખેલ હતો એટલે સૅન્ડો અને એનો મૅનેજર સાડા આઠે નાટકશાળામાં આવ્યા. પણ રસ્તો બંધ. લોક એટલા ભેગા થએલા કે મુખ્ય દરવાજેથી અંદર પ્રવેશ કરવો અશક્ય હતો. સમય ઝપાટાબંધ જતો હતો અને વખતસર ન પહોંચે તો સૅન્ડોનું ભાવિ ધુળ મળે તેમ હતું. આથી તે પાછલે દરવાજે ગયો. ત્યાં પણ દરવાને દરવાજો ઉઘાડવાની ના પાડી. આખરે સૅન્ડોનો મિજાજ ગયો. લાત મારી એણે દરવાજો તોડી નાખ્યો અને છેવટની ઘડીએ લોકોની અશાંતિ વચ્ચે નાટકશાળામાં આવી પહોંચ્યો. યોગ્ય મંગળાચરણ પછી સૅમ્સન અને સૅન્ડોની પરીક્ષા શરૂ થઇ. સૅમ્સન જે બળના પ્રયોગ કરે તે અત્યંત સરળતાથી સૅન્ડો કરી બતાવતો. એમ કરતાં આખરે સૅમ્સનના ખેલ પુરા થયા અને સૅન્ડો વિજયી નીવડ્યો. છતાં પણ એણે વધારામાં પોતાના બે પ્રયોગો એવા દર્શાવ્યા કે જે સૅમ્સનથી થયા નહિ. સૅમ્સને હાર કબુલ રાખી સરતની રકમ બીજે દિવસે બૅંકમાંથી અપાવવાનું કહ્યું. પણ એ રકમ સૅન્ડોને કદિ મળી જ નહિ, કેમકે બીજે દિવસે તો સૅમ્સન બધાં નાણાં ઉઠાવી ઇંગ્લંડ છોડી જતો રહ્યો હતો. આ વિજયથી સૅન્ડોની પીછાન લોકને થઇ અને એણે પોતાના બળના પ્રયોગો ઇંગ્લંડમાં ઠેરઠેર શરૂ કર્યા.

સૅન્ડોની કાર્યદક્ષતા અપૂર્વ હતી. ઇંગ્લંડમાં એના નવા કલ્પેલા પ્રયોગોથી આબાલવૃદ્ધ પ્રજા ઓવારી જવા લાગી. એની તીજોરી પણ તર થવા લાગી. એ અરસામાં એ પોતાના દેશમાં હવાફેર માટે ગયો. ત્યાં એણે કાર્લ વેસ્ટફાલ નામના રાક્ષસી પુરુષને જોયો. સવા છ ફુટ ઉંચા અને દસ મણ વજનવાળા એ ભયંકર પુરુષને જોતાં જ સૅન્ડોએ એને પોતાની નોકરીમાં રાખી લીધો અને એનું નામ ગોલિયાથ પાડ્યું. લંડનમાં ખેલ કરવામાં તે એને પોતાની સાથે ઉતારતો. ગોલિયાથના ખભા ઉપર દસ મણ વજનની તોપ મુકવામાં આવતી, અને સૅન્ડો, ગોલિયાથ તથા તોપને એકસામટાં, એક આંગળીથી, જમીનથી બેત્રણ ઇંચ ઉંચાં કરતો.

ઇંગ્લંડમાં ખેલ કરી સૅન્ડો અમેરિકા ગયો. ત્યાં સાન્ફ્રાન્સિસ્કો નગરમાં એણે સિંહની સાથે કુશ્તી કરી. મોં અને પંજા ઉપર મજબુત સીંકાં બાંધેલાં હોવા છતાં પણ આ સિંહની શક્તિ ભયંકર હતી.

તોપણ સૅન્ડોએ એને થોડી જ વારમાં હરાવી પોતાની પ્રચંડ શક્તિ પ્રદર્શિત કરી. પછી અમેરિકામાં અનેક સ્થળે એણે પોતાના બળનો પરિચય આપ્યો. ત્યાર પછી એણે દુનિયાની પ્રદક્ષિણા કરી. હિંદુસ્તાનમાં આવી એણે અનેક જગ્યાએ ખેલ કરેલા. રામમૂર્તિએ એને આહ્વાન આપેલું, પણ અમુક કારણોને લીધે સૅન્ડોએ એ સ્વીકાર્યું ન હતું. ગત યૂરોપીય વિગ્રહમાં અંગ્રેજ સરકારે એને લશ્કરની શરીરસુધારણાનું કામ સોંપેલું. લંડનમાં એણે પોતાની વ્યાયામશાળા તથા પ્રાકૃતિક ઉપચારોથી રોગ મટાડવાનું રુગ્ણાલય પણ કાઢ્યું હતું.

સૅન્ડોનું જીવન અનેક પ્રકારના અનુભવથી ભરપુર હતું. કીર્તિની ટોચે પહોંચ્યા પહેલાં એને અનેક પ્રયત્ન કરવા પડેલા. પૂર્ણ કાર્યદક્ષ હોવાથી એણે પ્રસિદ્ધ થવાના અનેક માર્ગ લીધેલા. પોતાના ખેલોમાં લોકોની આસક્તિ અને અભિરુચી સચવાઈ રહે માટે એણે અનેક પ્રકારના નવા અને યુક્તિસાધ્ય ખેલો ઉપજાવેલા. આનો એક દાખલો લઇએ. હૉલંડના આમસ્ટર્ડામ નગરમાં એ ગયો ત્યારે એનો સત્કાર કોઇએ કર્યો નહિ. આથી એણે એક યુક્તિ રચી. ત્યાંના રસ્તાઓ ઉપર વજન ઉચકવાનાં યંત્ર હતાં. તે બધાંને વારાફરતી તોડી નાખવાનો ઉદ્યમ એણે આરંભ્યો. એના બળ આગળ એ યંત્રો ટકી શકતાં નહિ. આ સામે છાપાંમાં ખુબ પોકાર ઉઠાવવામાં આવ્યો. લાગ જોઇ પોલિસે સૅન્ડોને પકડ્યો અને કોરટમાં લઇ ગયા. ત્યાં એણે પોતાના બચાવમાં પ્રયોગ કરી યંત્રને તોડી બતાવ્યું. એના અપૂર્વ બળની આ પ્રમાણે ખાતરી થતાં કોરટે એને છોડી મુક્યો અને આ યુક્તિથી સૅન્ડોની ખ્યાતિ આખા શહેરમાં એકદમ ફેલાઇ ગઇ.


સૅન્ડો આનંદી પુરુષ હતો. ફ્રાન્સમાં એક વખતે એને એક ઉમરાવે જમવા બોલાવ્યો હતો. ભોજન પછી કંઇક ભાષણ રૂપે કહેવા ઉમરાવ અને એના મિત્રોએ સૅન્ડોને આગ્રહ કર્યો. સૅન્ડોએ આનાકાની કરતાં કહ્યું, 'હું બોલવા કરતાં કરવું વધારે પસંદ કરું છું.' ઉમરાવે કહ્યું, 'ત્યારે કરી બતાવો.' સૅન્ડોએ તરત જ બહારના ઓરડામાં પડેલી એક ઉંચી ભારે તીજોરી ઉચકી લાવીને ભોજનશાળાના બારણા આડે મુકી દીધી અને ઉમરાવ તથા એના મિત્રોને ઓરડામાં કેદ કર્યા. આ તીજોરી ખસેડવા બીજાં દસ માણસો ભેગાં કરવાં પડેલાં.



પ્રત્યેક રેખામાં સરળતા, પ્રત્યેક સ્નાયુમાં પૂર્ણ વિકાસ, પ્રત્યેક અંગમાં નૈસર્ગિક સૌન્દર્યવાળું સૅન્ડોનું શરીર

ફ્રાન્સની એક હૉટેલમાં થોડાક ફ્રેન્ચમેન સાથે એને બોલાચાલી થએલી. એક ફ્રેન્ચમૅને આવેશમાં સૅન્ડોને તમાચો માર્યો. પહેલો તમાચો પડતાં સૅન્ડો કંઈ જ બોલ્યો નહિ, પણ બીજો તમાચો પડતાં એણે પેલા ફ્રેન્ચમૅનને ઉચકી ગાંસડી કરી ટેબલ પર એટલા તો બળથી પછાડ્યો કે ટેબલ ભાંગી ગયું. આ ફ્રેન્ચમૅન પાછળથી સૅન્ડોનો પૂજક અને મિત્ર બન્યો હતો.

અમેરિકામાં એક હૉટેલમાં કામ કરનાર સીદી છોકરાએ સૅન્ડોના બુટ સાફ કરવાની ના પાડી તથા અવિનય દર્શાવ્યો એ માટે સૅન્ડોએ એક હાથે એને દાદર ઉપરથી લટકાવી રાખ્યો હતો. એના આ પ્રકારના બળની ખાતરી થતાં પેલો છોકરો બીચારો હેબકાઇ ગએલો.



પૂર્ણ વિકસિત સ્નાયુઓવાળું સૅન્ડોનું શરીર


સૅન્ડોના જીવનના બનાવો એના બળ અને સ્વભાવને રજ પણ જણાવતા નથી. સૅન્ડોનું બળ અપૂર્વ હતું. જોકે એને ટપી જનાર અનેક બલશાલી પુરુષો જગતમાં થઇ ગયા છે, તો પણ અત્યારની દુનિયામાં શરીર તરીકે આદર્શ શરીરધારી પુરુષ તો એક સૅન્ડો જ હતો. એના શરીરની એકેએક રેખા, એકેએક સ્નાયુ એટલાં પૂર્ણું અને સુરેખ હતાં કે એમાં દોષ કયાં કાઢવો એ કોઇને સુઝ્યું નથી. શરીરના એકેએક સ્નાયુનો સંપૂર્ણ વિકાસ એણે સાધ્યો હતો. એના શરીરયંત્રનું પ્રત્યેક અંગ પ્રપૂર્ણ અને યોગ્ય સ્થાને હતું. હાર્વર્ડ યૂનિવર્સિટીના શરીરમાપના પ્રખર અભ્યાસી દાકતર સાર્જન્ટે સૅન્ડોને પૂર્ણરીતે વિકાસ પામેલો જણાવ્યો છે. એણે એની ૨૭ વર્ષની ઉમરે લીધેલું માપ આ પ્રમાણે છે: ઉંચો ૫ ફુટ ૭ ૩/૮ ઇંચ; વજન ૧૮૦ રતલ; ગરદન ૧૬ ૩/૪ ઈંચ; છાતી (સામાન્ય) ૪૪ ૩/૧૦ ઈંચ; છાતી (ફુલાવેલી) ૪૬ ૯/૧૦; દંડ ૧૬ ૯/૧૦; પ્રકોષ્ટ ૧૩ ૨/૫; કાંડું ૭ ૩/૧૦; કટિ ૩૨ ૭/૧૦; સાથળ ૨૩ ૭/૧૦; અને પિંડલી ૧૫ ૧/૨ ઇંચ.

એના શરીરની આવી સુઘટિત રચનાના પરિણામે એ ઘણી વાર પ્રાચીન ગ્રીક અને રોમન પુતળાં કરતાં ચઢી જતો. ફાર્નિઝ હરક્યુલિસ તરીકે સૅન્ડોએ પડાવેલી છબીમાં એનાં શરીરસૌષ્ઠવ અને સૌન્દર્ય મુળ કરતાં અત્યંત ચડિયાતાં છે, એમ બંનેને સરખાવતાં પ્રતીત થાય છે. સૅન્ડોના સમયમાં ફોટોગ્રાફીની કળા બાલ્યાવસ્થામાં હતી. અત્યારના જેવાં અનેક સાધનો અને યુક્તિઓ એ વખતે ન હતાં. છતાં પણ એનાં એ વખતના ચિત્રો જોતાં સૅન્ડોના અસાધારણ વિકાસ અને માર્દવનું ભાન થયા વિના રહેતું નથી. પ્રત્યેક રેખામાં સરળતા, પ્રત્યેક સ્નાયુમાં પૂર્ણ વિકાસ અને પ્રત્યેક અંગમાં નૈસર્ગિક સૌન્દર્ય આ ગુણો સૅન્ડો સિવાય દુનિયાના કોઈપણ આધુનિક મનુષ્યમાં નથી.

સૅન્ડો બલનો ઉપાસક હતો. શરીરને રચવાનું સર્વોત્કૃષ્ટ સાધન વજન ઉપાડવાનો વ્યાયામ (Weight Lifting) છે એમ એ માનતો. Bent Press (બેન્ટ પ્રેસ) નામની અત્યંત કૌશલ્ય અને અસાધારણ ચપળતા તથા બળની આવશ્યકતા ધરાવનારી વજન ઉચકવાની વિશિષ્ટ પદ્ધતિનો જગતમાં પ્રચાર કરનાર સૅન્ડો હતો. આ પદ્ધતિથી માણસ બે હાથે ઉપાડી શકે તેના કરતાં પણ વધારે વજન એક હાથે ઉપાડી શકે છે. અત્યારે આનો સર્વોત્તમ સ્વામી જૉસેફ નૉર્ડક્વેસ્ટ નામનો અમેરિકન છે, જે જમણા હાથે ૩૦૦ રતલ વજન જમીનથી માથા ઉપર ઉચકી શકે છે. વજન ઉચકવામાં સૅન્ડો કરતાં ચઢી જાય એવા કેટલાક પહેલવાનો થઇ ગયા છે, પરંતુ સૅન્ડોએ એમની માફક ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાનું ધારેલું નહિ, નહિતો દુનિયાના અગ્રગણ્ય પુરુષ થવામાં એને અસાધ્ય કશું જ ન હતું.

આ પ્રકારના વ્યાયામનાં સાધન ઘેરઘેર ફેલાવી શકાય નહિ અને પ્રત્યેક વ્યક્તિ એનો ઉપયોગ પણ કરી શકે નહિ એ વાત ધ્યાનમાં લઈ, સર્વને સુલભ અને અલ્પ સમયમાં સરળતાથી સ્વાસ્થ્યસંરક્ષણ પુરતો વ્યાયામ લઇ શકાય એવાં સાધનનો શોધ કરતાં સૅન્ડોએ પ્રસિદ્ધ ડંબેલ્સ અને એકસ્પાન્ડર શોધી કાઢયાં અને એ વડે જગતનાં અનેક સ્ત્રીપુરુષોનો આશીર્વાદ મેળવ્યો. જનતાની નિર્બળતાના નાશ માટે આ સાધનો ઉપરાંત લખાણો, વ્યાખ્યાનો અને પત્રવ્યવહારથી આખા જગતમાં એણે વ્યાયામનો પ્રચાર કર્યો. વ્યાયામની ઉદ્‌ઘોષણા એણે કરી અને સ્વાસ્થ્યસત્રનો એ દિક્ષિત બન્યો. જગતના સ્વાસ્થ્યનો એ વિધાતા ગણાય.


હરિનારાયણ આચાર્ય



શાંત સંધ્યા

ચિત્રક : ચન્દ્રવદન ભટ્ટ

ભાઇ ચંદ્રવદનનું એક મધુર ચિત્ર પહેલી જ વાર ગુજરાતના વાંચનારાઓ આગળ મુકતાં અમને ઘણો હર્ષ થાય છે. ગુજરાત કલાકારોને જન્મ આપવા કેટલું સમર્થ છે તે તો છેલ્લાં દસ વર્ષમાં બહાર પડેલા ગુજરાતી કલાકારોની નામાવલિ જ કહી આપે છે. પરન્તુ ચિત્રશાળાની રજ પણ તાલીમ પામ્યા વિના સંસ્કાર અને સુરૂચીમયાં ચિત્રો ઉપજાવનાર તરીકે ભાઇ ચંદ્રવદન ખાસ સત્કારને પાત્ર છે. અત્યારે તો તે સાયન્સના ગ્રૅજ્યુએટ થવા સારૂ ગુજરાત કૉલેજમાં અભ્યાસ કરી રહ્યા છે અને માત્ર પોતાના ચિત્તરંજનાર્થે કે આત્મસંતોષ માટે નાની નાની સુરેખ ચિત્રકલ્પનાઓ રચે છે. તેમાં જે રસિક મગજનું સાફ પ્રતિબિંબ દેખાય છે એ પરથી તેમના ભવિષ્ય માટે ઘણી સુંદર આગાહી કરી શકીએ.




ચિત્રકાર

સૌન્દર્ય અને કુરૂપતા　　સર ફ્રેડરિક લેઈટન

સબળ સ્વચ્છ રેખાઓ અને જરા આછી છાયામા રચાએલું આ ચિત્ર, ઇગ્લંડની શાહી ચિત્રકાર સમિતિના પ્રમુખ (પ્રેસિડેન્ટ ઑફ ધ રૉયલ ઍકેડેમી) અને નામાંકિત સિદ્ધહસ્ત ચિત્રકાર સર ફ્રેડરિક લેઇટનની કૃતિ છે.

યૂરોપના અગાઉના ઉસ્તાદ ચિત્રકારો આ જાતના ઘણા નમુના મુકી ગયા છે. આ કૌશલ્યભર્યા ચિત્રમાં રેખાનું જ મહત્ત્વ છે. ઘડતરવાળું કામ બતાવવાનો ઇરાદો નથી, છતાં ઘડતર અને છાયા પ્રકાશનો સહેજ ભાસ થયા કરે છે. પુરાણા અને શિષ્ટ વિષયો ચીતરવા માટે આ શૈલી બહુ અનુકુળ છે. એવા વિષયો ચીતરનારાઓ, ચિત્રનિર્માણમાં કુરૂપતા અને ખંડિત વસ્તુઓ ભાગ્યે જ ઉતારે છે. છતાં આ ચિત્રમાં એક શ્રેષ્ઠ ચિત્રકાર કદ્રુપાપણું અને દારિદ્રય ચીતરવાનું પસંદ કરે છે એ જોવા જેવું છે. મનુષ્યની હુબહુ કુરૂપતા બતાવવાની તેની શક્તિ સાથે આપણુને તેની સુંદર ચિત્રણા જોવાની તક મળે છે.

અને બીજી જે આદર્શ સૌન્દર્યપ્રતિમા ચિત્રકારે બતાવી છે તે તો કેવળ સુંદર છે. કંગાલ દરિદ્રી એ પ્રતિમા તરફ કેવી દષ્ટિ ફેંકી રહ્યો છે? કોઈ ધનિક તેને ધનની એકાદ કોથળી આપી દે તો તેનું દારિદ્રય તો સહજમાં ફીટી જઈ શકે; પણ આ મૂર્તિના સર્વાંગ સુંદરતા અને છટા તેને કદિ પ્રાપ્ત થઈ શકવાની છે? તેની તો તેને માત્ર ઇર્ષ્યા જ કરવાની રહે છે.



આજની કેળવણી

અથાણું

જમનારો—(થાળીમાં જમતાંજમતાં) આવી ખબર હોત તો કાલે જ આવત; તો સારું થાત.

થાળીવાળો—રસોઇ વિષે આપનો આવો સારો અભિપ્રાય જાણી આનંદ થાય છે.

જમનાર—બીલકુલ ગેરસમજ; હું તો એમ કહેવા માગું છું કે આ તમે ટાઢી રોટલી પીરસી છે, તે જો હું કાલે આવ્યો હોત તો ઉની ખાઈ શકત.

*

ચોર—હે હનુમાન દાદા, આજ જો સો રૂપિયા મળશે તો પાંચ તમને ધરીશ.

પુજારી—અલ્યા, આહીં કહી જાય છે, પણ પાછળથી રૂપિયા આપવા ન આવ્યો તો તને કયાં શોધવો ?

ચોર—હનુમાન દાદાને વિશ્વાસ ન આવતો હોય તો અત્યારે જ પોતાના પાંચ રૂપિયા કાપી લઇ બાકીના પંચાણુ ગણી આપે.

શેઠ—પેલો કાગળ ટપાલમાં નાખ્યો ?

અબુધ નોકર—હા.

શેઠ—પણ એના પર સરનામું નહોતું એ તેં જોયું હતું ને ?

નોકર—હા.

શેઠ—ત્યારે તે પાછો કેમ ન લાવ્યો ?

નોકર—મેં જાણ્યું એનું સરનામું ખાનગી રાખવાનું હશે.

*

મોટર હાંકનાર—તમે ઘણા બેદરકાર માણસ છો. આજ બાર વરસથી હું મોટર હાંકું છું, પરંતુ એક પણ અકસ્માત મારે હાથે થયો નથી.

અકસ્માતનો ભોગ થએલો—જરાપણ નહિ સાહેબ; હું આજ ચાળીસ વરસ થયાં ચાલતાં શીખ્યો છું, પણ કોઇએ મને આજસુધી આવી રીતે ફેંકી દીધો નથી.

*

શિક્ષક—રમણ, હિમાલયનો સ્પેલિંગ બોલ.

રમણ—જરા રહો સાહેબ, આ મારી જ પેન્સિલ છે કે નહિ તે જોઇ લેવા દો. (તેની પેન્સિલ હિમાલય છાપની હતી.)

વનરાજનું હૈયું



ગંગાધર અને મહાવીરની મિત્રાચારી કંઇક ન સમજાય તેવી ને વિચિત્ર હતી;—એકતરફી જ કહીએ તો ચાલે. કોઇ હેતાળ પિતા પોતાના એકના એક લાડકવાયા પુત્રને જેટલી વત્સલતા અને ઉમળકાથી ઉછેરે એટલા જ પ્રેમથી પોતે ઉછેરેલા સિંહને ગંગાધર ચાહતો. પણ છેક બચપણથી પોતાની સતત સંભાળ રાખનાર અને અત્યંત પ્રેમપૂર્વક ઉછેરનાર ને કેળવનાર એ રક્ષકને માટે, એ ભવ્ય કેશવાળી અને ગંભીર પ્રશાન્ત આંખોવાળા વૃદ્ધ મહાવીરને કશી પણ લાગણી હોય એમ જણાતું. નહિ


મહાવીર એ 'ભાગીરથી સરકસ'માં જુનામાં જુનું પ્રાણી હતું. ગામેગામ મુસાફરી કરતાં રૈલવેનાં વૅગનોમાં પુરાઇ રહ્યા કરીને, માથું પાકી જાય એવા પાંજરાના ખડખડાટો અને આંચકા ખમીખમીને અને સરકસના મુકામ વખતે છેક પાછલા અંધારા ભાગમાં ગોંધાઇ રહેવાને લીધે તેનો સ્વભાવ અત્યંત ચીડિયો ને ખરાબ થઇ ગયો હતો. ગંગાધર તેને આટઆટલું ચાહતો, છતાં સૌને લાગતું કે ખેલ કરતી વખતે મહાવીર હમેશાં ચીંગો અને હઠીલો જણાતો.

કોઇકોઇવાર તે વૃદ્ધ ને વિચક્ષણ સિંહ પોતાના કેળવનાર ઉસ્તાદ અને રક્ષક ગંગાધર ઉપર ચીડાઇને હુમલો પણ કરી લેતો અને તેના કોટની બાંય કે ચાળ ચીરી નાખતો. પણ છતાં યે ગંગાધર તો લેશમાત્ર ગરમ થયા વિના હેતથી ગળી જતા ચહેરે બોલતો, 'આજે મહાવીર જરા ચીડાયો લાગે છે. એ તો ઉપરઉપરથી આમ કરે એટલું જ; બાકી ખેલ તો બરાબર કરે છે. કોઇ વાર એ આમ મને ઉઝરડી લે છે; પણ મને એની કશી ય ખટક નથી.'

બીજા ખેલાડીઓ આ સાંભળીને કટાક્ષમાં ગંગાધરના ચાળા પાડતા. કેમકે તેઓ જાણતા કે આમ ઉઝરડા કરવા એ તો મહાવીરનું હમેશનું કામ હતું. તેના એ લોખંડી પંજાના તીણા નહોરને જરાજરા ઘસી કાઢી બુઠ્ઠા કરી નાખવામાં આવ્યા હતા, છતાં ગંગાધરના કોટની બાંયની પેઠે કોઇપણ માણસનાં હાડચામ સહેલાઇથી ચીરી છુટાં કરી શકાય તેમ હતું.

સરકસમાં જાપાની જાદુગરો, પોર્ટુગીઝ બૅન્ડવાળા, હાથચાલાકીના ખેલ કરનારા ચીનાઓ, શીખ અને ગુરખા પહેલવાનો, તથા બીજા એવા અનેક ચિત્રવિચિત્ર નોકરોમાં, હિંસક પશુઓને કેળવનાર

ચિત્તાના ફેંકાવાથી હચમચી ઉઠેલા પાંજરાનો ખણખણાટ શમ્યો ન શમ્યો ત્યાં તો વાઘે શરીર સંકોચી તરાપ મારી. પણ વનરાજ તેનું સ્વાગત કરવા તૈયાર જ હતો.



અને કેળવનાર ગંગાધર—ઉત્તર હિંદનો વતની અને એક વખતનો પ્રખ્યાત સરકસમાલેક—મહીને માત્ર દોઢસોના પગારથી કામ કરતો. એ લોખંડી સળિયાના મોટા ચક્કરમાં તેના હાથ તળે કામ કરતાં, મહાવીર ઉપરાંત બીજાં પણ પ્રાણીઓ હતાં. તેમાં એક, દેખાતો બિલાડી જેવા સ્વભાવનો, પણ વખત આવ્યે મહાકાળ જેવો ભયંકર સંગ્રામ નામનો બંગાળી વાઘ હતો; એક નાનું રમુજી રૂંછડાંવાળું જંબુ નામનું રીંછ હતું, તે સાઇકલ ચલાવતું; અને એક દગલબાજ જાતિનો ગણાતો ભયાનક અને અગ્નિ સમી આંખોવાળો, ક્રોધી, કાળા રંગનો ભૈરવ નામનો દીપડો હતો.

આવાં પ્રાણીઓને સરકસમાં કામ કરતાં જોવાં એ કમકમાટી ઉપજાવે એવું હતું. વૃદ્ધ ગંભીર સિંહને, ગોળ વાળેલા તારમાંથી કુદવા જેવા નજીવા કામમાં પોતાનું ગૌરવ શા માટે ખોવું તે ન સમજાતું, અને એમ ખોવા તે ઇચ્છતો પણ નહિ. હિમાલયની તળેટીના કોઇ ઘાડા જંગલનો રાજા થઇ શક્યો હોત એવો સંગ્રામ, સરકસમાં થીગડાં મારેલો પોશાક પહેરેલા જાડા માણસ સાથે કુસ્તી કરવાનો ઢોંગ કરવા નાખુશ હતો; અને અંગારા જેવી આંખો તથા તીણા સફેદ નહોરવાળો, જોરથી પુંછડી પછાડતો, ઘુરકતો અને વીજળીના દીવા તથા બૅન્ડના અવાજથી ભડકતો ભૈરવ આ ગુલામીમાં જીવન વીતાવવા લેશમાત્ર ઇચ્છતો નહિ.

માત્ર નાનકડા જંબુને પોતાના ભાગ્ય સામે કશી ફરિયાદ નહોતી. તે જન્મથી જ રમતિયાળ ને ખેલાડી હતું. તેને સાઇકલ ચલાવવી ગમતી, અને કામ પુરૂં થઇ રહ્યે ગંગાધર પાસેથી એક પતાસું ઇનામ તરીકે તેને મળતું તે લેતાંલેતાં તો એ ખુશ થઇ જતું. નહોતું ગમતું તેને માત્ર પેલા ભયંકર પ્રાણીઓ જોડે લોખંડી ચક્કરમાં કામ કરવું. એ પ્રાણીઓનો તેને હમેશાં ડર લાગતો, ને ખેલ કરવા માટે પાંજરામાં ઉતરતાં પહેલાં તે હમેશાં અચકાતું.

ગંગાધરનો પગાર સામાન્યરીતે ઠીક ગણાય; છતાં તેની પાસે પાઇ બચતી નહિ. મુસાફરીમાં બહુ ખર્ચ થતું, અને ઉપરાંત પોતાનાં માંસાહારી પ્રાણીઓ માટે તે અંગત નાણાંમાંથી પણ ખાનગી ખર્ચ કરતો. સારાં કપડાંમાં તેની પાસે માત્ર તે ખેલ કરતી વેળા

પહેરતો તે કાળા રેશમનો જરીવાળો પોષાક જ હતો. અને તેમાં પણ ખાંધ આગળ તથા વાંસામાં વિચિત્ર છતાં સુઘડ થીગડાં મારેલાં હતાં, તે તેની સાથે ખેલ કરતાં પ્રાણીઓની ભયંકરતાનો ખ્યાલ આપતાં. એવા જ ઉઝરડા ને ઘાના જખમ તેના શરીર પર પણ હતા.

ખેલ સિવાયના વખતમાં પણ તે ભાગ્યે જ સરકસની બહાર જતો. જ્યારે જુઓ ત્યારે જુદાંજુદાં પાંજરાંના સળિયા વચ્ચેથી માંસના નાનાનાના ટુકડા અંદર નાખતો અને પોતાના પ્રિય મહાવીર સાથે એકલોએકલો વાતો કરતો તે ઝાડના છાંયામાં બેઠો હોય. રીંછ તો ભાગ્યે જ તેની સાથે હોય. તે આખા સરકસના ખેલાડીઓ અને નોકરોનું હેવાયું, એટલે એનો આખો દિવસ કોઇની રાવટીના ખુણામાં કે કોઇ ઝાડ તળે પ્રેક્ષકે ફેંકેલાં ફળ ચાવવામાં જતો.

સરકસ લખનૌથી ઉપડી ફરતુંફરતું હમણાં જ મીરત આવ્યું હતું. એવામાં અચાનક મહાવીર માંદો પડ્યો. સૌને લાગ્યું કે એ ઘરડો સિંહ જીવનથી કંટાળીને હવે મરવા જ પડ્યો હતો. પાંજરાના છેક પાછળના ભાગમાં, તે માંદો અને દુઃખી સિંહ કંટાળા અને બેપરવાઇભરી રીતે પડ્યો રહેતો. ગંગાધરની આજીજીભરી વીનવણીઓ કે તેણે પ્રેમપૂર્વક નાખેલા માંસના ટુકડા તરફ તે નજર સરખી પણ ન નાખતો. સરકસના દાક્તરે કહ્યું કે મહાવીર નહિ જીવે. પણ ગંગાધરને જબરી શ્રદ્ધા હતી. તે દઢતાથી કહેતો કે હું એને જીવાડવાનો છું અને એ જીવવાનો છે.

પાંચ દિવસ અને પાંચ રાત સુધી અખંડ બેઠકે બેસી રહીને તેણે મહાવીર આગળ જાણે પ્રેમનું તપ કર્યું. એ પાંજરૂં છોડતો જ નહિ, સિવાય કે સંગ્રામ, ભૈરવ અને જંબુના ખેલો કરવા રાત્રે તેને જવું પડતું એ જ. નિર્ભયપણે એ મહાવીરના પીંજરામાં જતો, તેના કંટાળાભર્યા ગંભીર ઘુરકાટને લેશમાત્ર ગણકાર્યા વિના તેની પાસે જઈ તેના શરીર પર હાથ ફેરવતો, તેની કેશવાળીમાં આંગળાં ભેરવી તેની ગુંચ કાઢતો, તાવથી સુકાતી તેની જીભ પાણી વડે થોડીથોડી વારે ભીંજવતો, અને તેની સ્થિર આંખો પર બેસતી માખીઓને પંખા વડે ઉડાડતો. ફાટ્યાંતુટ્યાં થીંગડાંવાળાં કપડાંમાં દયાજનક દેખાતો એ ડોસો, મરણપથારીએ પડેલા બાળકની સુશ્રુષા કરતી માતાના જેટલી વત્સલતાથી પોતાના વહાલા સિંહની ચાકરી કરતો, અને કદિકદિ એ વનરાજને રીઝવવા ખોખરે અવાજે તેની સાથે વાતો કરતો.

અને ખરેખર મહાવીર જીવ્યો. હઠીલા છતાં પ્રેમને અધીન તેના સ્વભાવે તેને માંદગીમાંથી ઉઠાડ્યો. પરંતુ પહેલાં કરતાં બમણો ચીડિયો, હઠીલો અને ક્રોધી થઇને તે ઉઠ્યો. તેનો એ ક્રોધ જંગલી પશુની ક્રૂરતા કરતાં માંદા માણસના ચીંગાપણા જેવો હતો. ખેલ કરતાંકરતાં પણ તે ઘુરક્યા કરતો.

પણ ગંગાધર તો તેની સાથે હમેશાં હસ્યા જ કરતો. ખેલ કરતી વખતે પણ તે પોતાની સાથે માત્ર એક ચાબુક જ રાખતો. આ એક જ તેના બચાવનું સાધન હતું. હસતાંહસતાં એ ચાબુક અડાડી કહેતો, ' મહાવીર, વો પીપ પે ચડ જાઓ. સમાલો; દેખ કે પૈર ઠયરાઓ. મેરે પે ગુસ્સે હોનેમેં કુચ્છ હરજા નહિ. મૈં જાનતા હું તુમકો દાંત હૈ. '

એક બાજુ બીલાડીની પેઠે ધીમુંધીમું ઘુરકતો અને દાનવની પેઠે કુદકો મારતો, વિકરાળ બંગાળી વાઘ સંગ્રામ, ખેલ કરવાના પીંજરામાં પોતાની જગ્યાએ બેઠોબેઠો પીળી, ચળકતી, લાગણીહીન આંખે ગંગાધરની હીલચાલ નીરખ્યા કરતો. બીજી બાજુ કાળો દીપડો ભૈરવ પણ પીળી સોના જેવી અને અરધી મીંચેલી ભયાનક આંખે, ધીમેધીમે પુંછડી હલાવતો તેને નીરખી રહેતો.

એ બંધ પીંજરામાં ગંગાધર પાસે હથિયારમાં માત્ર એક ચાબુક જ હોવા છતાં, હજી સુધી આ ભયંકર પ્રાણીઓમાંથી કોઇ તેની સામે કેમ થયું નહોતું એ એક કોયડો જ હતો. કદાચ તેઓ એની નિર્ભયતાથી ભય પામતા હશે. સામાના હૈયાની નિર્ભયતા પારખી જવામાં વન્ય પશુઓની શક્તિ અજબ હોય છે. તેઓનાં પોતાનાં જીવન ભય ઉપર રચાએલાં હોય છે, ભયથી ઘેરાએલાં હોય છે અને ભયમાં જ પુરાં થાય છે. કોઇ નિર્ભયને જોઇ તેઓ ભય પામે છે. ખરી વાત ગમે તે હોય, પણ આ તો ગંગાધરનો અભિપ્રાય છે.

સંગ્રામ ને ભૈરવ તેનાથી દબાએલા જ રહેતા. માત્ર મહાવીર જ હમેશાં તેનો વિરોધ કરતો, ઘુરકતો, ખેલ કરવામાં હઠ પકડતો ને કદિક પોતાના ઉસ્તાદ

પર કુદવાનો અને પંજો મારવાનો યત્ન પણ કરી લેતો.

આખું અઠવાડિયું અસહ્ય ગરમી પડી હતી. તંબુની બહારનું મેદાન સખત ગરમીમાં ધીખી ઉઠ્યું હતું અને આગની જીભ જેવી વરાળો કાઢતું હતું. બપોર નમીને સાંજ પડવા આવી તોયે ગરીબડી પૃથ્વી પરથી સૂર્યદેવનો રોષ ઓછો થયો લાગતો નહોતો. બફાઇ ગએલા વાતાવરણમાંથી પવનની આશાએ રાવટી બહાર નીકળેલા ખેલાડીઓ પરસેવે નીતરતા આમતેમ નિષ્ફળ દૃષ્ટિ ફેંકતા હતા. તાપની અકળામણમાં તેમના સ્વભાવ ચીડિયા થઇ ગયા હતા ને વાતવાતમાં તેઓ છેડાઇ પડતા હતા.

પશુઓ પણ ઓછાં નહોતાં અકળાયાં. મોટાં ઘેરાં રૂંછડાંવાળું ગરીબડું રીંછ જોરથી હાંફતું ઝુંફતું એક ઝાડ નીચે ભીની ધુળમાં પડ્યું હતું. આ ગરમીથી પોતાનાં વહાલાં પશુઓને બચાવવા ગંગાધર પોતાથી બનતું કરતો હતો. વાળાની ત્રણ ટટ્ટીઓ મંગાવી પીંજરા પર ટાંગી તે પાણી છાંટ્યા જ કરતો હતો, અને એ અસ્વસ્થ



વરદાન

: ઇંદ્રવજ્રા :

'ઈલા ! અહીં જો કદિ દેવ આવે,
ને સાથ જો બે વરદાન લાવે;
જાણે છ તો શું વરદાન કેવું—
હું એક માંગું પ્રભુ પાસ એવું—?

દેવેન્દ્ર રાખે સહુ વજ્ર, એવાં
પૃથ્વી વીશે છે દુઃખ વજ્ર જેવાં;
આપો મને એ દુઃખ ગ્રન્થી બાંધી,
ને આ કડાકા વીજથી ય સાંધી.

એ વજ્ર જેવાં વીજ ને કડાકા,
સ્વર્ગે લઇ ફોડું ત્યહીં ધડાકા;
વેરૂં બધે એ દુઃખગ્રન્થી દારૂ,
એવું હું માગું વરદાન મારૂં.'

'હું તો, ક ની, ભાઇ. ન એમ માગું,
એ દેવને તો નમી પાય લાગું;
ને દિવ્ય સંગીત ત્યહીં ગવાય,
જેથી બધો રાસ વળી રચાય.

ટાળી સદાની દુઃખની ય ભ્રાંતિ,
દે નિત્ય આનંદ અનંત શાંતિ;
સંગીત એવું ઉર હારનારૂં,
યાચું હું તો એ વરદાન મારૂં.

પૃથ્વીતણી નિત્ય પ્રદક્ષિણાઓ
હું તો ફરૂં ને ગજવું દિશાઓ;
ગાયા કરૂં એ જ અનંત ગીત,
પૃથ્વી પછી થાય જ સ્વર્ગજીત.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

પ્રાણીઓને આરામ આપવા મથતો હતો.

અઠવાડિયાના છેલ્લા ત્રણ દિવસ તો આ ગરમી જાણે ભઠ્ઠીની વરાળો હોય તેમ કેવળ અસહ્ય બની રહી. બળબળતું વાતાવરણ એટલું તો ગમગીન, સ્થિર અને ખેંચી રાખેલા વાજિંત્રના તાર જેવું બેચેની ઉપજાવનારૂં બની રહ્યું હતું કે એ તાર ક્યારે તુટશે, અને તે સાથે શું અનિષ્ટ બનશે એવી અધીરાઇ અને કુશંકાઓ દરેકના મનને ભરી દેતી હતી.

ત્રીજા દિવસની સાંજ પડવા આવી. ખેલનો વખત પાસે આવતો જતો હતો, છતાં તંબુની પાછળના છેક અંધારાવાળા ભાગમાં ઝાડોનાં ઝુંડમાં ભરાએલા ખેલાડીઓને ત્યાંથી બહાર નીકળવાનું મન જ નહોતું થતું. નમતો પહોર હતો છતાં બહાર આંખો આંજી નાખે એવો તડકો પડતો હતો. આ વાતાવરણની અસર ખેલાડીઓનાં મન ઉપર થતી હતી. સરકસનો વખત થઇ ગયો હોવા છતાં કોઇને તૈયાર થવાની સુઝ નહોતી પડતી. જાપાનીઓ અને ચીનાઓ સામસામા તેમની અગમ્ય ભાષામાં જોરથી ચીસો પાડતા લડતા હતા.

ધીમેધીમે પ્રેક્ષકો ભરાયા અને ખેલ શરૂ થયો. રાજપૂત કન્યા યમુનાના અંગકસરતના ખેલોથી લોકોનાં તાપથી કંટાળેલાં મન કંઇ બહુ પ્રફુલ્લ ન થઇ શક્યાં. તંબુમાં ગણગણાટ હતો તેવો જ ચાલુ હતો. જનાવરોનાં પીંજરાની પાછળના ભાગમાં સરકસના મજુરોનો મદ્રાસી મુકાદમ એક બત્તીવાળા ભૈયા સાથે તકરાર કરતો હતો અને તેમની ઉલટાસુલટી ભાષાની ગાળોનો પ્રવાહ બૅંડના અવાજને વીંધીને પણ બહાર નીકળતો હતો.

આ બધાંથી ત્રાહિત્રાહિ થએલો ગંગાધર કંટાળેલો ને ધોળો પુણી જેવો થઇને, મોટા તંબુની પાછલી કનાત આગળ જ્યાં ખેલાડીઓ બેઠા હતા ત્યાં જઇ એક ખુરશીમાં પડ્યો ને કપાળેથી પરસેવો લુછતોલુછતો બોલ્યો, ' આ તકરારોથી તો તોબા ભગવાન! આ ગરમી, ને તેમાં આ લડવાડ! મારાં પ્રાણીઓ ઉપર આની કેવી ખરાબ અસર થાય છે તે કાંઈ કોઇને ભાન છે? ભૈરવ ધુંધવાટથી ગાંડો જ થઇ ગયો છે, અને પેલો મહાવીર તો જાણે હમણાં પ્રલય કરી નાખશે એવો ભીષણ બની ગયો છે. '

પણ આટલું બોલતાંબોલતાં તે અચકી ગયો. તેને લાગ્યું કે પોતે પોતાનાં પ્રાણીઓ વિષે વધારે-પડતું કહી નાખ્યું છે; એટલે તેણે વાત વાળી લઇને ચલાવ્યું, ' પણ કાંઇ એટલાં બધાં ખીજાયાં નથી; સંગ્રામ તો શાંત જ દેખાય છે. પેલા બે પર પણ આ ગરમીની જ બેચેનીની સ્હેજ અસર થઇ લાગે છે.'

પણ આ વાત થતી હતી તે દરમ્યાન એનો સ્વભાવ જાણનારી યમુના આવી પહોંચી હતી. તેણે કહ્યું, ' કાકા, આજ રાત્રે તમે ખેલ કરતી વખતે પાંજરામાં ભાલું કે રિવૉલ્વર લેતા જાઓ તો? એટલી સાવચેતીની જરૂર લાગે છે. '

' એટલે? એમ કરીને હું પેલાંઓને એમ જણાવું કે હું એમનાથી ડરૂં છું? ના–ના–ના. મારાથી એ હરગીઝ નહિ બને. તમારા કરતાં મારાં જનાવરોને હું વધારે પિછાનું છું. પેલો ભૈરવ મને ધિક્કારે છે —એનું ચાલે તો આ ઘડીએ મને ફાડી ખાય; પણ તે હમેશાં જાણે સંગ્રામને કહે છે કે ' જોયું? તેની પાસે ભાલું કે પિસ્તોલ કશું જ નથી. માત્ર આ નાચીઝ ચાબુક છે; તે કાંઇ એટલી ભયંકર નથી. ત્યારે એની પાસે એવું શું છે કે જેને લીધે તે આપણાથી લેશમાત્ર ડરતો નથી? એને જોઇને જ મારી તો એની સામે જોવાની હામ નથી ચાલતી.' મારાં જનાવરોની આ મુંગી વાતચિત હમેશાં એમની આંખો મારફત ચાલ્યાં કરે છે; ને હું બધું જોઉં છું. તમને શી ખબર પડે? હું બધું સમજું છું. '

આટલેથી વાત પડતી મુકી તેણે રીંછને બોલાવ્યું અને તેના મોં આગળ એક પતાસું ધર્યું. બે પગ પર કુદતું કુદતું તે આવી પતાસું ખાઇ ગંગાધરના ઢીંચણ સાથે માથું ઘસવા લાગ્યું. તેના માથા પર પ્રેમથી હાથ ફેરવતો ને ખેલાડીઓ સામે જોઇ ફિક્કું હસ્યો, અને પછી રીંછને ગળાને પટેથી પકડી ખેલ કરવા ચાલ્યો ગયો.

ગંગાધરના ખેલો કાર્યક્રમમાં સૌથી છેલ્લા રાખવામાં આવતા. તેની પહેલાં બૅન્ડ સાથેનો વિદુષકનો નાચ ચાલતો. બૅન્ડ બંધ થયું અને પ્રેક્ષકોની તાળીઓ, અટ્ટહાસ્ય તથા સીટીઓના અવાજથી સરકસનો તંબુ ગાજી ઉઠ્યો. એવામાં પીંજરા પાછળથી ઇટાલિયન ખેલાડીઓની તકરારનો અવાજ સંભળાયો. એમાંના કોઇએ ફેંકેલો પથ્થર પીંજરા સાથે અથડાયો અને પીંજરૂં ખણખણી ઉઠ્યું.

' મહેરબાની કરી હવે કંકાસ બંધ કરો તો સારૂં. મારે હજી ખેલો કરવાના બાકી છે; અને તમે મારા પ્રાણીઓને એટલાં ઉશ્કેરી મુક્યાં છે કે આજ મારે તેમની પાસેથી કામ લેવું બહુ વસમું થઈ પડવાનું.' ગંગાધરનો ઉશ્કેરાએલો ને આજીજીભરેલો ગળગળો અવાજ સંભળાયો.

તંબુમાંના પ્રેક્ષકોના ઘોંઘાટ અને મૅનેજરના ધમકીના ઘાંટા વચ્ચે થઇને એક ધીરો ગંભીર ઘુરકાટ સંભળાયો. મહાવીરના એ ધીમા સ્થિર ગર્જનમાં કંઇક અશુભનો ભાસ હતો. એ સાંભળીને પીંજરા પાસે પીપને અઢેલી ઉભેલી યમુનાને તીણી કંપારી છુટી, ને તે મનમાં ગણગણી, ' ગંગાધર કાકા માનતા નથી, પણ આજ રિવૉલ્વર લઇ જાય તો સારૂં' અને અધીરાઇથી તે તંબુની કનાત તરફ ચાલી.

ચોમેર સળિયાથી સુરક્ષિત, ખેલ કરવાના સ્થાન આગળ ત્રણે પીંજરાં લઇ જવામાં આવ્યાં હતાં. મહાવીરને ઉભા રહેવાનું પીપ, સંગ્રામને કુદવાનાં મોટાં ગોળ સળગતાં ચકરડાં અને ભૈરવનો ઝુલો



તૈયાર હતાં. ગંગાધર આ બધું તપાસતો ત્યાં કચવાતે ચહેરે ઉભો હતો, અને તેની પાસે ઉભુંઉભું જંબુ માથું ધુણાવતું હતું. તેને સિંહ, વાઘ ને દીપડાની ગંધ આવે ત્યારે આમ કરવાની ટેવ હતી. મહાવીરે ઘુરકવું બંધ કર્યું હતું, પણ તેનું પીંજરૂં ખેંચી લાવનારાઓ તરફ ખીજમાં અધમીચાએલી આંખે તે જોઇ રહ્યો હતો.

ખેલ શરૂ થતાં પહેલાં થોડો વખત બૅન્ડ વાગ્યું અને પ્રેક્ષકો તંદ્રામાંથી જાગૃત થઇ પાંજરા સામે જોવા લાગ્યા. સ્મિત કરતો ગંગાધર અંદર દાખલ થયો અને તેની પાછળ રીંછે પ્રવેશ કર્યો. તેણે હોંશથી નાનકડાં પૈડાંવાળાં પોતાનાં ચંપલ પહેરી લસરકવા માંડ્યું. પ્રેક્ષકોને તેથી સંતોષ થતો લાગ્યો ને જંબુએ પોતાનું કામ પુરૂં કર્યું કે તરત સૌએ તેને તાળીઓથી વધાવી લીધો.

પણ આ પછી જે બન્યું તેને માટે કોણ જવાબદાર હતું તે કોણ જાણે. કદાચ બત્તીવાળા સાથે તકરાર કરનાર પેલો સરકસના મજુરોનો મુકાદમ જવાબદાર હોય. પોતાની એ તકરારના વિચારમાં તે એવો ગુંચવાઇ ગયો હતો કે કામમાં તેનું મન ચોંટતું નહોતું. તેણે જરા ઉતાવળ કરી. તેણે જાણ્યું કે રીંછ ખેલ કરી રહ્યું. એ ખરૂં; પણ હજી તો રીંછ જતાં પહેલાં પ્રેક્ષકોને નમન કરતું હતું, અને ગંગાધર એક બાજુ હસતો ઉભો હતો—એના હાથમાં ચાબુક પણ નહોતી—એવામાં તો સિંહ વગેરેને અંદર દાખલ કરવામાં આવ્યા.

આ ભુલની પ્રેક્ષકોને તો લેશમાત્ર શંકા પણ ન આવી. તેઓ તો હજી રીંછની ગમ્મત પર હસતા હતા અને હવે પછી આવતાં આ પ્રાણીઓ કેવાંક કામ કરશે તેની આતુરતાથી કલ્પના કરતા હતા.

પણ પાંજરાની પાછળ હાહાકાર થઇ રહ્યો. આ ભુલ પામી ગએલો ગંગાધર માંદા માણસ જેવા નિસ્તેજ મુખે પોતાની જગ્યાએ ઉભો હતો; પણ તેનો એ ભાવ એક જ પળ રહ્યો. બીજી જ ક્ષણે તેણે સ્વસ્થ થઇને થએલી ભુલ સુધારવા માટે રીંછને પાંજરા બહાર કાઢવા પ્રયત્ન કર્યો.

પણ નિષ્ફળ. રીંછે પાછા ફરતાં જ મહાવીરનું પ્રચંડ કેશવાળીવાળું શરીર, સંગ્રામના ચટાપટાઓનો સળવળાટ અને કાળા ભમ્મર ભૈરવના શરીરમાંથી તરી આવતી અંગારા જેવી આંખો જોઇ.

જોઇ ને તે જાણે દીવાનું બની ગયું. તેનું ચિત્ત ખસી ગયું. માણસની પેઠે તેણે ચીસ નાખી અને બહાર નીકળવા માટે પાંજરા તરફ ધસી સળિયા ઉપર ચડવાનો પ્રયાસ કર્યો. પણ ત્યાંથી છટકીને પેલાં ત્રણે ભયંકર પ્રાણીઓ ઉપર પછડાયું.

ભયને લીધે જંબુના મોંમાંથી ફીણ નીકળી પડ્યાં. ઈર્ષ્યા, વેર અને ખીજવાટથી ધુંઆંપુંઆં થએલાં પેલાં પ્રાણીઓ પુંછડાં પટકવા લાગ્યાં અને બળતી આંખે જોવા મંડ્યાં.

પાંજરાની પાછળથી ચીસો અને અવાજો આવવા લાગ્યા અને 'પડદો પાડો' 'ભાલાં લાવો' એવા હુકમો થવા લાગ્યા. છતાં ન કોઇ હલ્યું કે ન ચલ્યું. અસહાય અને અશક્ત થઇ ગયા હોય તેમ સૌ પોતપોતાની જગ્યાએ દિગ્મૂઢ બની જાણે ચોંટી ગયા હતા.

ગંગાધરના ફિક્કા પડી ગએલા હોઠ ધ્રુજતા હતા. થડકતે હૈયે તે રીંછ પાસે ગયો અને તેના મોં આગળ પતાસું ધર્યું. પણ રીંછ તો તેનાથી ભડકીને દૂર ભાગ્યું. પેલી ધુંધવાતી ત્રિપુટી પરથી પોતાની આંખ ખેસવી તેમના તરફ પીઠ ફેરવી તેણે રીંછ તરફ જવા માંડ્યું; અને તે જ પળે ભૈરવ તેના પર તુટી પડ્યો.

એવામાં પાંજરાની પાછળથી એક ઝીણી ચીસ અને કોઇના પડવાનો અવાજ સંભળાયો. યમુના આ દૃસ્ય જોઇ મૂર્છિત થઇ પડી હતી. પણ અહીં પાંજરામાં બની રહેલા બીષણ પ્રસંગ પર સૌનાં હૈયાં એવાં ચોંટી ગયાં હતાં કે કોઇનું ધ્યાન યમુના તરફ ખેંચાયું નહિ.

મધરાત સમા કાળા તે ભયંકર ચપળ દીપડાએ તરાપ મારી ગંગાધરને જમીન પર મોંભર પાડી દીધો, એ હજી સૌએ આંખો ફાડી ઉંચે હૈયે જોયું ન જોયું, ત્યાં તો એક બીષણ ગર્જના સંભળાઇ અને કેશવાળી ઉડાડતું મહાવીરનું પ્રચંડ ઝુમ્ખરૂં શરીર તીરની પેઠે ઉડી, લાંબાછડ પડેલા ગગાધરના શરીર ઉપર સવાર થઇને ઉભું. તેના ચારે પગની વચ્ચે, તેના પેટ તળે ગંગાધરનું બેફામ શરીર રક્ષાયું હતું અને ખીજવાટ તથા ભયથી ઘેરવાતો ઘુંઘવાતો ભૈરવ દૂર સળિયામાં ભટકાઇ પડ્યો હતો.

આ અથડાટથી આખું પાંજરૂં હચમચી ઉઠ્યું. એનો ખણખણાટ હજી શમે તે પહેલાં તો બંગાલી વાઘ સંગ્રામે શરીર સંકોચી તરાપ મારી. પણ મહાવીર તેનું સ્વાગત કરવા તૈયાર જ હતો. બીજી એક ભયંકર ગર્જના કરી તેણે કુદી આવતા વાઘને અદ્ધરથી જ જાણે ઝીલી લીધો હોય એમ ગળચીમાંથી પકડી ઉંચો હવામાં ઉછાળ્યો અને એવા તો જોરથી દૂર ખુણામાં પડેલા લાકડાના પીપ ઉપર ઝીંક્યો કે પીપના ચુરેચુરા થઇ ગયા.

વાઘ ઉઠીને સળિયા તરફ ગયો, પછી પાંજરામાં એક ચક્કર લગાવી ખુણામાં લપાયો અને ફરીથી તરાપ મારવા ટાંપી રહ્યો. પણ તેની હામ ન ચાલી. ભૈરવ પણ ચુપચાપ લપાઇને બેઠો હતો. કેમકે, જેના પૂર્વજો આજ જમાનાઓથી જંગલો, પહાડો ને વન ખાણોના અબાધિત ને નિર્વિવાદ સત્તાધારી રાજાઓ રહ્યા છે તે વૃદ્ધ ને બુદ્ધશાળી સિંહ મહાવીર, માંદગી ને સુખદુ:ખના દહાડામાં પોતાની સુશ્રુષા અને બરદાસ કરનાર તથા જીંદગી આખી પોતાનો ચીડિયો સ્વભાવ હેતથી સાંખી અખંડ પ્રેમથી ચાહનાર પોતાના પાલકના અસહાય શરીર પર તેનું રક્ષણ કરતો ગંજાવર સાગર સમો ભવ્યતાથી ઉભો હતો.

ક્રોધની જ્વાળા સમા તેના કેશવાળીના વાળ ઉભા થઇ ગયા હતા; અંગારાના ગોળા જેવી તેની ભયાનક આંખો ચોમેર બળબળતી નજર ફેરવી રહી હતી અને તેના ક્રોધથી કંપતાં વૃદ્ધ પણ ભયાનક જડબા લોહીની તરસથી જાણે અધીરાં બન્યાં હોય તેમ ખુલ્લાં જ રહ્યાં હતાં.

સંગ્રામ અને ભૈરવ તેનું સ્થાન—તેનો અધિકાર સમજતા હતા. ઘુંઘવાટા મારતા તેઓ નાખુશીથી સંકોચાતા ગયા. એટલામાં કોઇએ આવી ભાલાથી ઘોંકાવી તેમને પીંજરામાં પુર્યા. કોઇએ પડદો પાડી દીધો અને પ્રેક્ષકોની મૂર્છા શાંત કરવાનો પ્રયત્ન કર્યો. કોઇએ આવીને મહાવીરને તેના રક્ષકના શરીર પરથી ખસેડવા માટે ભાલું ઘોંચવાનો ઇરાદો કર્યો, પણ સિંહે વિકરાળ જડબું ફાડી ભયંકર ગર્જના કરી તેને ત્યાં જ ડારી દીધો.

સરકસનાં માણસો ઘડીભર થંભી ગયાં. કોઈ બોલી ઉઠ્યું, 'અરેરે, બાપડાના રામ રમી ગયા લાગે છે.' પણ એટલામાં સિંહના પેટ તળે રક્ષાએલું એ માનવ શરીર સળવળતું દેખાયું, તેણે ઉઠવાનો પ્રયત્ન કર્યો અને દીવાના પ્રકાશમાં લોહીથી ખરડાએલા કપાળવાળો ગંગાધરનો વૃદ્ધ ને કરચલીવાળો ચહેરો ઉંચો થયો.

તેના હમેશના ધીમા, બોખરા પણ નમ્ર રમુજી અવાજે ગંગાધર બોલતો સંભળાયો, 'મહાવીર, બેટા, બસ હવે; ખસી જા. સાંભળ્યું ? મને કશું નથી, જો; સાજોસારો છું, જુએ છે ? ખસી જા જોઉં, બેટા!'

વનરાજે ઘુરકવું બંધ કર્યું. તેની ઝીણી ને ભારે આંખોમાંથી યુદ્ધનું તેજ અદૃશ્ય થયું અને આજ્ઞાધીન બની સાવચેતીથી એક બાજુ ખસી ગયો. ગંગાધર ધીમેધીમે ઉભો થઇ તેની પાસે ગયો અને તેની કેશવાળીમાં આંગળાં પરોવી તેને પસવારતો તેની આગળ ઘુંટણિયે ઝુકી ગળગળે અવાજે બોલ્યો, 'બેટા, તું મને ખાઇ કેમ ન ગયો ? તારો જીવ ન ચાલ્યો કાં ? કદાચ તારા હૈયામાં મારા પર થોડુંઘણું હેત હશે ખરૂં? આજે તેં મને જીતી લીધો છે.'

અને વૃદ્ધ સિંહ આ બધું સમજતો હોય તેમ, નમ્રતાથી ગંગાધરનું લોહીથી ખરડાએલું નિસ્તેજ મોં ચાટવા લાગ્યો.

માથે પાટા બાંધીને સુતેલા ગંગાધરની ચોમેર, તેની નાનકડી રાવટીમાં સમાઇ શકે તેટલાં સરકસનાં

[અનુસંધાન આગળ પાન ૨૯૪ મે]



હસ્તલિખિત માસિકનો અંક કેમ તૈયાર થાય?

હસ્તલિખિત માસિકોની પ્રવૃત્તિ ગુજરાતના વિદ્યાર્થીઓમાં અને મિત્રમંડળોમાં ઘણા જ પ્રમાણમાં જોવામાં આવે છે. બાળ અને યુવાન હૃદયમાં કંઇક સરજવાની ઇચ્છા સહજ પ્રબળ હોય છે અને શાળાઓના શુષ્ક અભ્યાસક્રમમાં આનંદના આંતરા રૂપે આ પ્રવૃત્તિ તેમને ઘણી ગમતી જણાય છે. તેમાં તેઓ પોતાના અભ્યાસ, સંસ્કાર ને અનુભવનું પ્રતિબિંબ આપી શકે છે, તેમની રસિક વૃત્તિઓને છુટથી વેગ મળે છે, શોભા અને કળાની પ્રાથમિક ભૂમિકા ખેડાય છે, એટલું જ નહિ પણ તેમના એ જીવનકાળનું એક સુંદર ઐતિહાસિક દફતર બનતું આવે છે. આવું માસિક ચલાવનારને યોજના અને કામની વહેંચણીનો અનુભવ મળે છે, વિવિધ તત્ત્વોની એકરૂપતા સાધવાની અનેરી કુંચી હાથ આવે છે. આવા અનેકાનેક આશયોથી હસ્તલિખિત માસિકોની પ્રવૃત્તિ આવકારપાત્ર છે.

પરંતુ હાલ જોવામાં આવતાં માસિકોમાંનાં ઘણાં માત્ર દેખાદેખીનાં પરિણામો લાગ્યાં છે. એથી તેમાં સ્વતંત્ર વ્યક્તિત્વ, અપૂર્વતા કે કંઈ ખાસ લક્ષણ ભાગ્યે જ જણાય છે. તંત્રી અને લેખકો કંઇ મહત્ત્વનું લખવાનો ડોળ ઘાલે છે, પરંતુ એક પણ વિચાર કે ભાવના સ્પષ્ટ નહિ હોવાથી લાંબાં અને કંટાળાભરેલાં લખાણ માસિકોમાં ભરે છે.

ચિત્રો અને શોભામાં જ્યાંત્યાંથી તફડાવેલાં ચિત્રો, સુશોભનોની ઉતાવળે ઘસડી કાઢેલી બેડોળ નકલો, કદરૂપા અક્ષરે લખેલાં લેખોનાં મથાળાં અને બીજી પુરણીમાં પંચરૂપી ખીચડો જ હોય છે. આવાં પરિણામની પાછળ જે મહેનત, સામાન અને સમય વપરાયાં હોય તેનો વિચાર કરીએ ત્યારે ઘણી વાર શોક થાય છે. એટલે માસિકો સરજનારા કંઇક ગોઠવણ આગળથી કલ્પે, લેખો વિષે કોઇ ચોક્કસ નિયમો ઘડે, શોભા માટે વિશેષ આગ્રહ, ખંત અને રસિકતા બતાવે તો આ પ્રવૃત્તિનો પુરેપુરો લાભ પામે અને તેમાંથી મળેલી તાલીમ તેમના જીવનમાં ઉપયોગી થવા પામે.

માસિકના તંત્રીએ નીચેની બાબતો પર ક્રમસર વિચાર અને યોજના કરવાં જોઇએ:

(૧) માસિકનું કદ અને પુંઠા ઉપરનું નામ ને બીજી શોભા (૨) અંદરનું પહેલું ચિત્ર (૩) શરૂઆતનું પાનું અને બીજા લેખોનાં મથાળાં (૪) અંદર આવતાં ચિત્રો, પુરણીના કે છેવટનાં શોભાચિત્રો (૫) લખાણ માટે અક્ષરો, કંડિકાઓ (પૅરૅગ્રાફો), હાંસિયા અને બીજા જરૂરી ગાળા (૬) હાસ્યજનક માસિક ચિત્રો, ખાસ પ્લેટો કે ફોટોગ્રાફો અથવા બીજેથી આયાત કરેલાં કાપેલાં ચિત્રો.

પૃષ્ઠચિત્ર અથવા પુંઠા પરના ચિત્રને ઘરમાં દાખલ થવાના મુખ્ય દરવાજા જેવું ગણી શકાય. તે જોતાં જ માસિકનું પ્રતિબિંબ મનમાં પડે છે અને માસિક વાંચી રહ્યા પછી પણ તેનું તે જ ફરી વાર નજરે પડે છે. યૂરોપનાં છાપેલાં માસિકો પુંઠાં પરનાં આવાં ચિત્રો ખાસ તૈયાર કરવા માટે ચિત્રકારને મોટી રકમો આપે છે, કારણકે તેઓ બરોબર સમજે છે કે ઉપરના ચિત્રના ઉઠાવથી જ માસિક લોકોની નજર ખેંચે છે. જોકે ઘણી વાર સાદી દેખાતી ચોપડીઓમાં મહત્ત્વનું વાંચવાનું મળી આવે છે, પરંતુ એવા નિર્જીવ દેખાવની મુંગી જણાતી ચોપડીઓ માત્ર જુની રદ્દીના પ્રકાશકો જ બહાર પાડે છે.

પુંઠાના ચિત્રનો વિચાર કરતાં પહેલાં તેનું કદ નક્કી થવું જોઇએ. ફુલસ્કેપ કાગળના ચોથા ભાગ (૬॥×૮॥ ઈંચ)ના માપનું માસિક સાધારણ રીતે શાળા-



જુદા જુદા પ્રકારનાં હસ્તલિખિત માસિકોનાં પુઠાં કેવાં હોવાં જોઇએ તેના થોડા નમુના. માસિકની ભાવનાને અનુકુળ, સ્પષ્ટ, ઉઠાવદાર અને મન પર છાપ પાડનારાં પુંઠાં એ માસિકનું મુખ્ય અને અગત્યનું અંગ ગણાય.

ઓ ને મંડળો માટે અનુકુળ પડે છે; પરંતુ તેઓ માસિક માટે ખાસ માપના કાગળો પસંદ કરવા ઇચ્છતા હોય તો ૭×૧૦ ૮×૧૨ કે ૧૨×૧૮ એવા કંઇકંઇ અવનવીન અને સુંદર લાગતાં કદ સરજી શકાય. સારા સ્ટેશનર કે કાગદીને ત્યાં ફુલ્સકેપ ઉપરાંત ઉંચી જાતના બૅંકપોસ્ટ, લેજર પેપર અથવા પ્રિન્ટિંગ પેપરની સાઇઝના જાડા ઍન્ટિક કાગળો અનેક જુદાજુદા માપના મળે છે. તેમાંથી જુદીજુદી ગડો પાડીને, વધારાની કાપલીઓ પાડ્યા સિવાય પણ, અવનવીન ઘાટના ને માપનાં પાનાં કાપી શકાય. કદ નક્કી કરતી વખતે, અને ત્યાર પછી પણ, આ યે ધ્યાનમાં રાખવું કે માસિકની સૌંદર્યરચના, ચિત્રો, શોભનો અને લખાણની ગોઠવણી, બધું એ કદને અનુરૂપ આવે એ રીતે જ પસંદ કે તૈયાર કરવાં જોઇએ.

વળી હસ્તલિખિત માસિક એટલે તો હાથની જ કૃતિ. એમાં મુળ ભાવના તો એવી કે એમાં વપરાએલી બધી જ ચીજો હાથબનાવટની હોવી જોઇએ. તો પછી કાગળો પણ સંચાની બનાવટના શા માટે વાપરવા? આ ભાવનાને સંપૂર્ણ શુદ્ધપણે પાળવા માટે કોઇ ખાસ કે મોટા અંક માટે હાથના બનાવેલા અમદાવાદી કાગળો—અથવા પોતાના ગામમાં કાગળ બનતા હોય તો તે—જ વાપરીને અંકમાં સૌન્દર્ય અને કલામયતા આણી શકાય.

પુંઠા ઉપરનું ચિત્ર દરેક સ્કુલ કે મંડળીના હોશિયાર ચિત્રકને હાથે જ થવું જોઇએ. એ ચિત્રમાં મંડળની, સંસ્થાની કે પછી છેવટે માસિકના નામની ભાવના પ્રગટ થાય એવું સાદું ને ઉઠાવદાર તે થવું જોઇએ. પુંઠા ઉપરના ચિત્રમાં મુખ્ય આકૃતિની સાથે ઘણી ખુલ્લી જગ્યાનું પ્રમાણસર મુકાણ થવું જોઇએ અને બીજી ઝીણી બાબતોનો ભરાવો થઇ જવો ન જોઇએ.

પુઠાના ચિત્રની આકૃતિ સાદી રાખવાથી જોનાર પર ઉંડી છાપ પડે છે. તેમાં રંગો પણ બહુ ન હોવા જોઇએ; બે કે ત્રણ રંગ મુખ્ય દેખાયાં કરેઃ એકાદ અક્ષરોનો બીજો ચિત્ર અને ભૂમિનો.

પુંઠાનું ચિત્ર કરતાં પહેલાં, જોઇતા માપના કાગળના એક સાદા ટુકડા પર પ્રથમ કામચલાઉ ગોઠવણી અને રંગપુરણી કરી તે કેવું લાગશે તે જોવું, અને એકંદર ઠાઠ ઠીક લાગે ત્યાર પછી બારીક કાગળ પર તેનો ટ્રેસ (નકલ) ઉતારી, પછી પુંઠા માટે ખાસ રાખેલા સ્વચ્છ જાડા કાગળ ઉપર, નીચે મશિયો કાગળ (કાર્બન પેપર) રાખી, પેન્સિલથી ઘુંટી તેની મુખ્ય રેખાઓ કાળજીથી ઉતારવી. આ કાગળ ઉપર રબર જરા ય ફેરવવું ન જોઇએ; નહિ તો રંગો સારા નહિ થાય. માસિકના નામના અક્ષરો કંઇક ખાસ રચનાવાળા થવા જોઇએ, જેથી અક્ષરો પણ માસિકની મૂર્તિનો ભાગ બની રહે.

બાળકોના માસિક પર ફૂલો, પંખી, વાજીંત્રો, રમતગમતનાં સાધનો કે એવી વિનોદ આપતી આકૃતિઓની ગુંથણી સુઘટિત અને પ્રમાણબદ્ધ રીતે થવી જોઇએ. શાળાઓનાં માસિકોમાં વાંચતા, ચીતરતા, રમત કે કસરત કરતા અથવા કુદરત જોતા તંદુરસ્ત વિદ્યાર્થીનાં ચિત્રો આવી શકે. પોતાના ગામની કોઇ જાહેર ઇમારત કે વસ્તુ પણ લાવી શકાય. શાળાનું મકાન સુંદર હોય તો તેનું ચિત્ર પણ યુક્તિથી ગોઠવી શકાય. મંડળો

પોતપોતાની ભાવનાને અનુકુળ સંજ્ઞા, મૂર્તિ કે દેવતાનાં ચિત્રો પણ લઇ શકે.

ચિત્રની ભાવના નક્કી કર્યા પછી બની શકે તો ચિત્રશિક્ષક અથવા ચિત્રકારની સૂચના કે સલાહ લઇ શકાય તો સારૂં. એથી ઘણી વાર વિદ્યાર્થીને શીખવાનું મળે છે. ખાસ ધ્યાન એટલું રાખવું કે પુંઠું અનેક બાબતોથી ખીચોખીચ ન થઇ જતાં તેના અક્ષરો, ચિત્ર અને ગોઠવણી, બધાં સપ્રમાણ, એકબીજાને પૂર્તિ આપતાં અને ઉઠાવદાર બનવાં જોઇએ.

માસિકના પુંઠારૂપી દરવાજામાં પેઠા પછી, મુખ-ચિત્ર—એટલે પહેલા પાનાની સામેનું ચિત્ર—એ વાચકનો સત્કાર કરનાર અધિકારી જેવું છે. એની પસંદગી, યોજના, ઠાઠ અને એકંદર રચના એવાં હોવાં જોઇએ કે તે માસિકના એ અંકની અથવા એ માસની ભાવનાને અનુકુળ, અને તેમ ન બને તો સમસ્ત માસિકના પ્રતિનિધિ જેવું, સુંદર, ભાવપ્રેરક અને અસરકારક બને. અત્યંત વિચારપૂર્વક એની પસંદગી થયા પછી એને તૈયાર કરવામાં પુરી કાળજી અને શ્રમ લેવાવાં જોઇએ.

પછી આવે માસિકની અંદરનું પહેલું પાનું. આ પાનામાં ઘણાં માસિક જાતજાતની વેલીઓની ઝાડી કરી મુકે છે એ ઠીક દેખાતું નથી. આ પાના પર તો આખા માસિકની સળંગ ભાવના દર્શાવતો કોઇ નાનો ટુકડો, થોડી સુંદર અને પ્રમાણ સાચવીને ગોઠવેલી ચિત્રાકૃતિઓ સાથે મુકવો જોઇએ. મથાળે મુકવાના મોટા અક્ષરોના વળાંકો આ ચિત્રાકૃતિ સાથે સુસંગતતા જાળવે એવા હોવા જોઇએ. માપ ને ઉઠાવ બંનેમાં સારી કલ્પના ને ગોઠવણીનો ઉપયોગ થઈ શકે.

પ્રથમ પૃષ્ટ ઉપરના મથાળામાં માસિકના નામ સાથે ઘણીવાર કોઈ સૂચક વાક્ય અથવા માસિકનો કે મંડળનો મુદ્રાલેખ હોય છે. તેને થોડી શોભા આપી નાનીનાની આડી ઉભી તકતીઓમાં યોગ્ય રીતે ગોઠવાય તો તે પણ ઘણી વાર સુંદર બને છે.

માસિકની અંદરના બીજા લેખોનાં મથાળાં બે પ્રકારનાં થાય છે. એક તો કાયમી—અમુક જાતના તમામ લેખો માટે વાપરી શકાય તેવાં: જેમકે પુસ્તકો, મનન, અવલોકન, અભ્યાસ વગેરે માટે પુસ્તકો ખડિયો કાગળો વગેરેની ચિત્રરચનાવાળું મથાળું ચાલે. બીજી



સાંકળિયાનું આ પાનું, સપ્રમાણ જગ્યાનું મુકાણ (સ્પેસિંગ), સ્વચ્છ તથા અવનવીન અક્ષરરચના અને કલાત્મક વિચારણાથી સાધેલી સુસંગતતાનો સારો નમુનો ગણાય.

જાતનાં મથાળાં તે તે લેખમાં આવતા વિષયને અનુકુળ ચિત્ર કે ઠાઠવાળાં બનાવી લેવાનાં હોય છે. આ જાતનાં મથાળાં ભાગ્યે જ બીજા લેખ પર મુકી શકાય. જેમકે ' હિમાલયનો પ્રવાસ ' એ લેખના મથાળામાં હિમ-ગિરિનું ચિત્ર આવ્યું હોય તો પછી એ મથાળું બીજા પ્રવાસના લેખમાં ન જ મુકી શકાય. કેટલાક લેખોની શરૂઆત માટે આખું પાનું પણ મથાળા તરીકે શણગારી શકાય. ચિત્રો અને વિભાગો ઓછા હોય ત્યારે આ રીત ખાસ ઉપયોગી થઈ પડે. મથાળા કરવાની તકલિફ બચાવવી હોય ત્યારે એકાદ આકર્ષક ચિત્રની તકતી આડી કે ઉભી પટીમાં ગોઠવી અક્ષરોની બાજુ કે ઉપરનીચે ઘટતી રીતે મુકીને ચલાવી લેવાય. ઘણી વાર આછા ભુખરા કાગળની પટી જોઇતા માપમાં કાપી, પાનામાં ચોડી, તે ઉપર સફેદ અક્ષરે મથાળાનું નામ લખીને કે થોડી શોભા કરીને પણ મથાળું બનાવી લેવાય. પરંતુ એટલું જોવું કે તેમાંના અક્ષરોની રીતભાત અંદરનાં બીજાં મથાળાંને મળતી

આવવી જોઇએ. સાધારણ રીતે ૧×૫ના પ્રમાણમાં મથાળાંની લંબાઇ પહોળાઇ રાખવી ઠીક છે.

અક્ષરોના ઘાટ અને વળાંકામાં પણ અનેક પ્રકારના ભાવ આણી શકાય. ગંભીર લેખોનાં મથાળાંના અક્ષરો વિદ્વાન પંડિતો જેવા ભારેખમ તથા રમુજી લેખોના મથાળાં હસતા રમતિયાળ અક્ષરોવાળાં બની શકે. ટેવાઇ ગએલા કુશળ અક્ષરલેખકો ઘણીવાર અક્ષરોમાં માનવતા આણી શકે છે. કેટલાક અક્ષરો છેલબટાઉ તો કેટલાક ખાનદાન હોય છે. જેવો લેખ તેવા અક્ષરો.

હવે કરીએ ચિત્રો અને પુરણીઓ (ખાલી જગ્યા પુરવા માટે પૂરકચિત્રો, સુશોભનો વગેરે)ની વાત. દરેક સંસ્થામાં સારા બાલ ચિતારાઓ મળવા મુશ્કેલ છે એટલે ચિત્રોની બાબતમાં ઘણાં માસિકોનું દારિદ્ય ઉઘાડું પડી જાય છે. પરંતુ ચિત્રો માટે તેમને ખરેખર લાગણી કે આદર હોય તો સારામાં સારાં એકબે ચિત્રોની છાપ સફાઇથી ચોડી તે ઉપર સુંદર ટુંકું વિવરણ લખી વાંચનારને ચિત્રનો રસ પીતાં શીખવી શકે.

જેમને ચિત્રો કરી આપનારા ઉત્સાહી ચિત્રકો મળી આવે તેમણે તો એ તકનો બહુ જ સરસ ઉપયોગ કરવો ઘટે. પોતાની સંસ્થાના કે ગામના કળાકારો અને કારીગરોની પ્રતિષ્ઠા વધારવાનું પુણ્યકાર્ય દરેક સુશિક્ષિત જુવાને આ યુગમાં ખસુસ કરવાનું છે. એટલે જ્યાં સુધી તેમની કૃતિઓ મળી શકે ત્યાં સુધી બીજી કોઈ પણ વસ્તુની પૂજા પહેલી થાય જ નહિ.

બાલ ચિત્રકોને હાથે એકદમ ઝીણવટવાળાં ચિત્રોની આશા રાખવી નહિ; જોકે બાલચિત્રકો તો ઘણી વાર તેમના ગજા ઉપરની હામથી કામ કરવા તલપે છે. આને પરિણામે તેમનું કામ કુચાવાળું ને બેહુદું દેખાય છે. આ દોષ દૂર રાખવા તેમણે પોતાનાં ચિત્રો કાચા રૂપમાં સાદા કાગળ પર પહેલાં કરીને થોડી સ્વચ્છ રેખાથી ટ્રેસ કરવાં અને સાદા જાડા કાગળ પર ઉતારી લેવાં. ચિત્રમાં શેડ લાઇટ—છાયા પ્રકાશ—લાવવાની કે ઉપસાવવાની ધાંધલમાં પડવું નહિ, પણ દરેક ભાગને આછા રંગના પટથી કે ભાતથી ભરી દેવો. ચીતરેલાં ચિત્રોમાં એક ખાસ બાબત એ જોવાની કે રંગના પટ કે ભાતની ભરણી એક તરફ વધુ અને એક તરફ ઓછી ન થવી જોઇએ. બધી બાજુ એકસરખી વહેંચણી અને ગોઠવણી માટે ખાસ કાળજી રાખવી.

લખાણના અક્ષરો આખા ય માસિકમાં એક જ હાથે, એક જ ઘાટીના લખાવા જોઇએ. બધા અંકોમાં એમ ન બની શકે તો ખાસ અંકોમાં તો આ નિયમ પળાવો જ જોઇએ.

ઘણીવાર લેખો પર નજર કરતાં તેમની લંબાઇ પાનાંઓનાં પાનાંઓ ઉપર થાય છે. કોઇ વખત તો, દુર્ભાગ્યે, પાનામાં એકકેય કંડિકા (પૅરૅગ્રાફ) હોતી નથી. આવા લેખો જોતાં વેંત જ વાંચનાર ગભરાઈ જાય છે અને કંટાળાથી એ વાંચવાની તસ્દી ન લેતાં પડતા મુકે છે. આથી લેખકની મહેનત અને તંત્રીની ઝહેમત પાણીમાં જાય છે. એવાં લાંબાં પાનાં અને કંડિકાઓના યુક્તિથી વિભાગ કરી વચમાં વચમાં નાનાં ચિત્ર કે શોભા મુકી વાંચનારના આનંદ ને વિરામની યોજના કરવી બહુ જરૂરની છે. એ વચ્ચેના વિરામો કોઇકોઈ વાર તો એવાં આકર્ષક ગોઠવી શકાય કે એ જોઇને જ અજાણ્યા માણસને એ લેખ વાંચી જવાનું મન થાય. ઘણી વાર સારા લેખો ખીચોખીચ ભરેલાં લખાણ અને પાનાં જોઇ વંચાયા વિના છોડી દેવાય છે તેનું કારણ તેનો દેખાવ માત્ર જ હોય છે. લેખ અતિશય લાંબો અને ગંભીર વિચારો ભરેલો હોય ત્યારે નીચે ઉપર, આસપાસ કે વચ્ચે કંઇક નવીન વાની ગોઠવવી, જેથી વાંચનારનું તે પાના ઉપર આકર્ષણ થાય. બહુ લાંબી લીટીઓનું લખાણ વાંચનારને જલદી થાક લગાડે છે. મોટાં પગથિયાંની સીડીઓ કરતાં ટુંકા કદમે ચડી જવાય એવી સીડીઓ સારી ગણાય છે, તેમ પહોળા પાના પર બે કે ત્રણ કૉલમ રૂપે લખાણ અપાય છે તે રીત પણ આવકારવા જેવી છે.

જગ્યાનું મુકાણ—સ્પેસિંગ—એ એક કળા છે. જુદાજુદા નમુનાઓ અને રસભરી ગોઠવણો જોયા કરીને ટેવાઈ ગએલી આંખ જ એ સાધી શકે. પણ કોઇને ય એ દુઃસાધ્ય તો નથી જ. અગ્રપૃષ્ઠ—પહેલું પાનું—, કોઇ કવિતા કે ભાવનાની ગોઠવણવાળું પાનું, અથવા બિછાત (માઉન્ટ) ઉપર ચિત્ર ગોઠવવામાં જગ્યાનું મુકાણ ખુબીબંધ થવું જોઇએ. મોટા પાનામાં નાનકડો ફકરો કે કાવ્ય ગોઠવવું હોય, લંબચોરસ પાના ઉપર ચોરસ બિછાતમાં ગોળ ચિત્ર ગોઠવવું હોય, મોટા શોભન ચિત્રમાં નાનકડું મથાળું મુકી નીચે લખાણ ગોઠવવું હોય ત્યારે આ સ્પેસિંગના નિયમો



વિષયદર્શન માટે સુંદર ખ્યાલ અને અક્ષર રચનાવાળું મથાળું
રા. જગમોહન મિસ્ત્રીના હસ્તલિખિત બકુલમાંથી





માસિકમાં આવી શકે એવાં વિવિધ મથાળાંઓની રચના માટે
જુદાજુદા ખ્યાલ

ખાસ જાળવવા જોઇએ. જગ્યાનું મુકાણ એવી યુક્તિથી કરવું કે કોઇ પણ બાજુ વધતુંઓછું પ્રમાણ ન થઈ જાય, આંખને રંજન આપનારી રચના થાય અને ગોઠવાએલી વસ્તુ ઉઠાવદાર બની રહે.

કોઇકોઈવાર વળી સારી કવિતા કે સુંદર ફકરાઓ સુશોભિત અક્ષરોમાં આખા પાના ઉપર કે સુંદર વેલ કે કિનારવાળા ચોકઠા અથવા ઘટામાં ગોઠવી તેનું આકર્ષણ વધારી શકાય. એ કરતાં ખાસ ધ્યાન એ રાખવું કે વેલબુટ્ટીઓની ઝાડી બની જઇને પાનું ખીચોખીચ અને ભારે ન થઇ બેસે. નહિતર બેશુમાર ઘરેણાંના ભારથી લાદેલી સ્ત્રી જેવું એ બની જશે, અને મુળ કવિતા કે ફકરાનું સૌન્દર્ય, ઔચિત્ય અને રસ માર્યાં જશે.

આખા માસિકનો સામાન્ય ઉઠાવ એવો હોવો જોઇએ કે ઉતાવળે કોઇ માણસ માત્ર માસિકનાં પાનાં ફેરવી જાય તોપણ તેને તેના સંસ્કાર અને વિચારની સુગંધ મળી જાય. આંખને તૃપ્તિ મળે અને વધુ વાંચવાની ઇચ્છા પ્રદિપ્ત થાય.

ખાસ ચિત્રો કે ફોટોગ્રાફીની પ્લેટો દરેક ખાસ અંકમાં ત્રણ કે ચાર હોવી જોઇએ. કળાના ઉંચામાં ઉંચા નમુનાઓ અથવા મહાન માનવરત્નની છબીઓ જ આ સ્થાન લઈ શકે. આ બાબતમાં તંત્રીની કલાવૃત્તિ અને ચુંટણી કરવાની શક્તિની કસોટી છે. એ ધોરણ ઉંચામાં ઉંચું રાખવા તેણે અનેક ચિત્રો, પુસ્તકો, આલ્બમો જોઇ નાખેલાં હોવાં જોઇએ. તંત્રીથી એ ન બને તો એમાં કોઈ અનુભવીની મદદ કે સલાહ ઉપકારક થશે.

હાસ્યજનક પ્રાસંગિક ચિત્રો અથવા કાર્ટૂનો (ઉપહાસ ચિત્રો કે કટાક્ષ ચિત્રો)ની કળા આપણા દેશમાં નથી જ એમ કહીએ તો ચાલે. હાસ્યજનક ચિત્રો દ્વારા કેટલી યે બાબતોના મુદ્દા સહજમાં પ્રત્યક્ષ થઇ શકે છે. બાળકો અને યુવાનોને તો ચિત્રોમાં બહુ આકર્ષણ લાગે છે, એટલે રમુજી ચિત્રો કે ટીખળ વિના તેમને દુનિયા નીરસ લાગતાં. નીશાળમાં, ઘરમાં કે પોળોમાં, હસવું આવે એવા ખ્યાલો મળી શકે એમ છે. કોઇ મિત્રની વિચિત્રતાઓ, ચીડિયાં માણસો, પરીક્ષાના ત્રાસો, માસ્તરોની શિક્ષાઓ વગેરે ઉપર અનેક આકર્ષક અને હસામણાં કટાક્ષચિત્રો આપી શકાય. આવાં ચિત્રો માટે બહુ તાલીમવાળી ચિત્રશૈલીની જરૂર નથી. કલ્પના સમજાય એટલા પુરતી સ્પષ્ટ રેખાકૃતિઓ બસ થશે. જાડી કાળી લીટીઓ અને આછા રંગોની પુરણીથી ચિત્રો બહુ આકર્ષક બનશે.

રમુજી ચિત્રો માટે ખ્યાલ, અને તે કેવી રીતે ઉભાં કરવા તે આ નીચેની કેટલીક કલ્પનાઓથી સમજાશે:

(ખ્યાલ) પરીક્ષાના દિવસો પાસે આવે છે
ત્યારે વિદ્યાર્થીની શી દશા થાય છે.

તવાઇ ગએલો વિદ્યાર્થી ચોપડીઓના બિછાનામાંથી ફાટેલા ડોળે પરીક્ષાના ભુતને જોઇ રહ્યો છે.

એ જ ખ્યાલ બીજી રીતે.

વિદ્યાર્થી કચ્છ મારી હાથમાં ઢાલ તરીકે ચોપડી

અને ભાલા તરીકે કલમ કે પેન્સિલ લઈ પરીક્ષારૂપી ભયંકર મહિષાસુર સાથે યુદ્ધ કરી રહ્યો છે. માબાપો અને શિક્ષકો એ ખેલ જોઈ રહ્યાં છે.

(ખ્યાલ) ભણીને શું કરવું ?

અનેક ધંધાદારીઓ પાસે વિદ્યાર્થી ઇતિહાસ ગણિત ભૂગોળ વગેરેનો ભારો બાંધી જાય છે, પણ તેનો માલ રાખવા કોઇ હા પાડતું નથી; એટલે ભારાના પોટલા સામે જોતો તે દીન વદને બેઠો છે.

(ખ્યાલ) ભણવાનો ખર્ચ

ગ્રૅજ્યુએટ થએલા છોકરા પાસે પિતાજી બીલ રજુ કરે છે

(ખ્યાલ) પરણેલો વિદ્યાર્થી કેવી વિટંબણા ભોગવે છે.

આ બાબતમાં તો ઘણાં દશ્યો ચીતરી શકાય. ક્લાસમાં ભણતા વિદ્યાર્થીના મગજ પર કુંડાળું દોરી તેના બૈરાં છોકરાં સાંભરતાં હોય તેવો દેખાવ. બીજી બાજુ માસ્તર સાહેબ રોમ કે ગ્રીસની વાતો કરતા હોય.

(ખ્યાલ) ગરીબ વિદ્યાર્થીનાં દુઃખો અને મોંઘાં ભણતર.

શાળાને બારણે ચોપડીઓના ખર્ચનાં પાટિયાં હોય, કૉલેજના પોશાકના ખર્ચ દેખાતા હોય, કેળવણી ખાતાના અધિકારીઓ જાડા અલમસ્ત દેહમાં અને રૂઆબમાં ગરીબ વિદ્યાર્થીઓ સામે જોઈ ભણવા નાલાયક ગણતા હોય.

(ખ્યાલ) અનારોગ્ય જીવન

મચ્છરો ઉડતા હોય, અંધારૂં હોય, ત્યાં શાળા ચાલતી હોય અને સરસ પાઠો વંચાતા હોય—ખાસ કરી આરોગ્યનો પાઠ ચાલતો હોય ભીંત પર આરોગ્યના જ્ઞાનના નકશા ચોડ્યા હોય મરણ અને આયુષ્ય પ્રમાણ દર્શાવ્યાં હોય.

(ખ્યાલ) અભ્યાસ અને પરિણામ

વિદ્યાર્થી સાત ધોરણ રૂપી સાત સમુદ્રો ડખતો ડખતો બહાર નીકળે ત્યાં નોકરી સાંકળોના હાર લઈ વધાવવા ઉભી હોય.

(ખ્યાલ) ધર્મ અને આચાર


પવિત્ર પીતાંબરો પહેરી, રૂદ્રાક્ષ ધારણ કરી, ભસ્મ તિલક કરેલો બ્રાહ્મણ શહેરના સંડાસ અને ગટર આગળ બેસી જમતો હોય.

આ રીતે હસ્તલિખિત માસિકમાં વિદ્યાર્થીનો અનેક માર્ગે વિકાસ થવાનો અવકાશ છે. દરેક અંકમાં અગાઉના અંકોથી જુદી જ ઢબ અને ઉઠાવ લાવવાનો યત્ન કરવાથી કલ્પના અને યોજના સતેજ થશે, વધશે અને વધારે ફાલ આપશે. બધા કરતાં એ બનાવતાં મુંઝવણો અને મુશ્કેલીઓ દૂર કરવામાં જે શ્રમ પડશે તેનો આનંદ કંઇ નિરાળો જ મળશે.

જુદાજુદા લેખકો પાસેથી તેમની શક્તિ અનુસાર કામ કઢાવવું, મિત્રો, વિદ્વાનો કે શિક્ષકો પાસેથી અનુભવ કે જ્ઞાનની વાતો મેળવવી, કારીગરોની કારીગીરી પર ધ્યાન કરવું, ઇતિહાસનાં સ્થળો પર કલ્પનાભર્યા લેખો લખવા, ઉગતા ફોટોગ્રાફરોને ફોટોગ્રાફીમાં નવીનવી દિશાઓ સુચવવી અને કળા તથા જ્ઞાનમાં વૃદ્ધિ કરવી એમ અનેકરંગી છતાં સુરસ વાતાવરણ રચવું એ તંત્રીનું કામ છે. તેણે બહુશ્રુત રહેવું જોઇએ; ગમે તે સુંદર અનુભવ કે રસ લેવા હમેશાં તત્પર રહેવું જોઇએ.

હસ્તલિખિત માસિકનો તંત્રી એક ઉપયોગી મથક ગણાય. તેને ઘણા મિત્રો હોય; તે નગર અને દેશના હિતચિંતકો અને કાર્યવાહકોની હીલચાલોથી માહિતગાર હોય; સંસ્કૃતિના ઘડનારા કલાકારો અને કવિઓને પીછાની શકતો હોય; મજુર અને કારીગરના પ્રશ્નોને મહત્ત્વ આપતો હોય; ચારિત્ર્ય અને દેશસેવા તેના મંત્ર રૂપ હોય. એવા એક નર બનવાના અધિકારની તૈયારી હસ્તલિખિત માસિકના તંત્રીની હોય. આ દૃષ્ટિ ન હોય ત્યાં એવા માસિકો માત્ર નકલી, સ્પર્ધાભરી, ઉતાવળિયા ને છીછરી કૃતિ બની સત્વર નાશ પામે.





ત્રણ દરવાજા, અમદાવાદ : જ્યાં આગળ ૧૯૧૯નાં રમખાણ વખતે પહેલો ગોળીબાર શરૂ થયો હતો.

પાંચ દિવ્ય પ્રસંગો

૧

૧૯૧૯માં આખો દેશ રૉલેટ કાયદા ઉપર કંઇક ચીડાએલો હતો. ગાંધીજીના સબળ પ્રયત્ને સરકાર થંભી રહી હતી. ચારે બાજુથી વાદળાં ઘેરાતાં હતાં. કઈ ઘડીએ વાદળ તુટી વીજળી પડશે કે કરા પડશે એ સમજાતું નહિ. ગુજરાતમાં લોકોનાં મન વહેમ અને વિષાદથી છવાયાં હતાં. અસંતોષના વાતાવરણમાંથી અગ્નિ સળગવાનાં ચિહ્ન સ્પષ્ટ હતાં.

યુવાવસ્થાને ઉમરે હજુ તો હું પગ જ મુકતો હતો. દેશસેવા કરવાના કંઇક વિચિત્ર તરંગો અને સ્વપ્નાં જાગતાં. નીશાળનાં તોફાનો અને બેફીકર જીંદગી પુરી કરવાની સીમા ઉપર ઉભો હતો. એપ્રિલ મહીનાના બીજા અઠવાડિયામાં મારી મૅટ્રિકની પરીક્ષા હતી. કંઇક ઉત્સાહથી, કંઈક ચિંતાથી અમદાવાદ પરીક્ષા આપવા જવા નકી કર્યું હતું.

ઘર છોડી બહાર રખડવાનું તે વખતે શીખવાનું બાકી હતું. પક્ષીને ભાગ્યે જ પાંખો આવી હશે. જે કંઇ થોડુંઘણું જોએલું તે ગુજરાતમાં જ, અને તે ય તે બાળપણની કાચી અવસ્થાએ. ઘણું તો આગગાડીમાં બેસીને નીરખેલું. એટલે ચરોતરમાંથી અમદાવાદ જવાનું તે પણ ‘ પરદેશ. ’

થોડીઘણી બીક અને બહારગામ રહેવાના ઉદ્વેગ સાથે પરીક્ષાને આગલે દિવસે અમદાવાદમાં પગ મુક્યો. કોલંબસને ય અમેરિકામાં પગ મુકતાં આટલો અંદેશો કે આશ્ચર્ય નહિ થયાં હોય !

પરીક્ષાના દિવસોમાં રાતદિવસ ખુબ જ વાંચવાનો મારો મનોરથ હતો. સાતે વર્ષની મહેનત પર આસ્થા—અનાસ્થા હતી. કોણ જાણે કેમ, પણ તે દિવસોમાં ચોપડીઓમા મન પરોવાતું નહિ. કંઇક સભા તો કંઇક સરઘસ નીકળવાનાં સંભળાતાં. સભામાં જવા કે સરઘસ જોવામાં મન લોભાતું. આજે જ સરકાર ખરી પડવાની હોય એમ ચોપાસ સ્વર નીકળતા. સરકાર તુટી પડે તો પછી મૅટ્રિકની પરીક્ષાનું કામ જ શું હોય ! છતાં યે ગાડીની માફક પરીક્ષા તો આવી. ભદ્ર પાસે બીહામણી છાપ પાડતા વિશાળ મંડપને જોયો. આશરે બેએક હજાર વિદ્યાર્થીઓ આમાં સમાવાના હતા. કોઇક પરીક્ષાને લૉટરી માનતું, કોઇક ભાગ્યવિધાન સમજતું તો કોઇક અડગ ખડકની માફક ટક્કર લેવા તૈયાર હતા. તો યુક્તિ-



ભદ્ર : અમદાવાદ

ફોટો : રમણિકલાલ તોળાટ

પ્રયુક્તિ કે સિફારશથી પાસ થવાની હોંશવાળા થોડાક હતા. કેટલાક ચાંલ્લા કરી આવેલા તો કેટલાકો એ માનતા માની હશે. પરીક્ષા પાસ કરવા પુરતી પણ પ્રભુપ્રાર્થના કરવા ઘણા તૈયાર હતા. માનવ જોડે પરમેશ્વરની પણ પરીક્ષા હતી.

હો હા કરતાં બેએક દિવસ તો પસાર થયા. એકાદ બે પેપર બાકી હતા. એકાદ તો ઘણું કરી ઉંડી મુંઝવણ કરતો ગણિતનો પેપર હશે. તે દિવસે રાતના પથારીમાં જરા વધારે આળોટવું પડેલું. સવારના નવેક વાગતાં શેરીઓમાં ઉંચા સાદ સંભળાવા માંડ્યા. કોઈ હુલ્લડ તો કોઇ લુટની બુમો પાડતા. મન જરા ઉંચું રહેતું. બહાર બુમરાણ થાય એટલે ચોપડી કેમે ય કરી ઉઘડે નહિ. હાથ પણ અડાડવાનું મન ન થાય. તોફાન ન થાય તો સારૂં એમ બધા ય વાતો કરે. વેપારીઓને દુકાનોની પડી હશે, શરાફોને કોથળી સંભાળવી હશે, સરકારને ગભરામણના પસીના પડતા હશે. મને તો તોફાન થાય તો કાંઇક નવું જોવાની મઝા પડે એમ બંધ જીભે થતું. દસેક વાગ્યાના શુમારે તો આખા ગામમાં મીલમજુરોએ ગાંધીજીની આણ વર્તાવી હતી. મંડપની હોળી થએલી ચોક્કસ સાંભળવા છતાં યે તે તરફ નજર કરી આવવા મન લલચાયું.

બેત્રણ જણનો સંગાથ જોઇ આતુર મને ચલાવ્યું. રીચીરોડ પસાર કરી ભદ્રના દરવાજામાં પેઠા. લોકોની મેદની તો માય નહિ. ન તો આગળ જવાનો રસ્તો મળે કે ન તો પાછા વળાય. ધક્કામુક્કીથી આગળ વધવું તો વગર ચાલ્યે વધાતું. બરાબર ભદ્રના ચોકની વચ્ચે આવ્યા કે ગંભીર નાદો સંભળાવા માંડ્યા. સંગાથ તો ક્યારનો યે વિખુટો પડી ગયો હતો. ફક્ત એક જ સાથી આંગળી ઝાલવા પુરતો હતો. થોડી જ વારમાં બંદુકે ફુટવા માંડી. લોકોની નાસભાગ શરૂ થઇ. જેને જેમ ફાવે તેમ નાઠું. તેમાં કેટલા યે અથડાયા હશે, કેટલા યે ચગદાયા હશે. એમાં યે અંગારા જેવી ગોળીઓ સનન કરતી ચારે પાસ જાય. ઉપર નીચે અગ્નિ કે વીજળી વરસતાં હોય એમ ભાસે. સરકારના સૈનિકોને મન તો આ લખોટીઓની રમત. પણ અમારી ગુંચવણ વધી પડી. મગજ બહેર મારી ગયું. ગણિતે ભુલાયું ને પરીક્ષા યે વિસારે પડી. ક્યાં જવું ને કેમ નાસવું તેની સુઝ જ ન પડે. જીવ મુઠીમાં આવ્યો હતો. બીજી પળે રામ રમી જાય તો નવાઇ નહિ. એકાદ પળ પહેલાંનો જીવતો માણસ મુડદું થઇ પડે કે ઘવાય.

મને તો કીડી સરખી માર્યા વગર મરી જવાનું સાલતું હતું. મહા મહેનતે ભદ્રકાળીના મંદિરે આવ્યા. માતાજીને પણ વખતે બીક લાગી હશે એટલે તે પણ બંધ દ્વારે શ્વાસ લેતાં હતાં. ભીંતથી આગળ ક્યાં જવું? ત્યાંથી દોડતા એકાદ મસ્જિદમાં લપાયા. થોડી વારે બંદુકના અવાજ નરમ પડ્યા. અમને કંઇક કળ વળી. જીવતા રહ્યા છીએ એ જોવા શરીર તરફ નજર કરી. આડેઅવળે રસ્તે થઇ યમરાજાને શરતમાં હરાવ્યા. છેવટે ઘર આવ્યું. ચારસો યે હાડકાં પુરાં લઇ પાછા આવવા માટે પરમેશ્વરના ઓશિયાળા થયા. બીચારો મંડપ ! તેનો તો હવન થઇ ગયો હતો. કંઇ જ અવશેષ રહ્યો ન હતો. ચોપાસ ઉડતા યુનિવર્સિટીના બળેલા કાગળોએ છેલ્લા સમાચાર પુરા કર્યા.

પછી તો લોકોની ગપોનો પાર ન હતો. મોટીમોટી ચડાઇઓની વાતો થાય. કેમ જાણે તઘલખ વંશ પાછો ન આવતો હોય! માત્ર એક સોલ્જરને દેખતાં ગમે એવડું મોટું ટોળું પણ વિખરાઇ જાય. બંદુકના

: અનુસંધાન સામા પાનાના પહેલા કોલમને છેડે :

પક્ષીનિરીક્ષણ

[સ્કાઉટિંગ]

જંગલનિવાસથી સ્કાઉટોને જે એક અમૂલ્ય તક મળે છે તે પક્ષીનિરીક્ષણ કરવાની. જાતજાતનાં પક્ષીઓ જોવાં, સવારસાંજ તેમનું મધુર સંગીત સાંભળવું, તેમના માળાની રચના તથા તેમની બચ્ચાં ઉછેરવાની વિવિધ કળા નીહાળવી અને તેમની ઉપયોગિતાનો અભ્યાસ કરવો તે સ્કાઉટોને માટે ઓછી રસમય પ્રવૃત્તિ નથી. જેની નિકટમાં નિકટ રહેના છતાં તે સંબંધી ઓછામાં ઓછું જ્ઞાન આપણે ધરાવતા હોઇએ એવું કાંઇ પણ હોય તો તે પક્ષીઓ છે. સૃષ્ટિની શરૂઆતથી જ માણસો અને પક્ષીઓ એકબીજાના નિકટ સંબંધમાં હોય તેમ લાગે છે. કવિઓએ પક્ષીઓનાં ગુણગાન કર્યા છે, ચિત્રકારોએ ચિત્રકળાને પક્ષીઓથી સમૃદ્ધ કરી છે, ભવિષ્યવેત્તાઓ અને પુરાણકારોએ તેમને શુભ અશુભ પ્રસંગોમાં ધાર્મિક દૃષ્ટિએ તેમજ વહેમના વિચારોથી આલેખેલાં છે; છતાં તેમના સંબંધી આપણું અજ્ઞાન ઘણું છે.

આપણી પોતાની રીત પ્રમાણે આપણે પક્ષીઓને સ્પૃસ્ય અને અસ્પૃશ્ય એવા બે વિભાગમાં વહેંચી નાખ્યાં છે, અને તે વહેંચણીમાં પક્ષીઓને મોટો અન્યાય થયો ભાસે છે. કાગડા, ગીધ, ઘુવડ, ચીબરી જેવાં પક્ષીઓને આપણે ઘણી કરડી નજરથી જોઇએ છીએ. તેમને અડવાથી સ્નાન કરવું પડે છે, તેના બોલવાથી અપશુકન થાય છે, જો તે મકાન પર બેસે તોપણ મહા આફત આવશે એમ આપણે માનીએ છીએ. બીજી બાજુ પોપટ, સારસ, ગરુડ, દાવાળી ઘોડો, તેતર, કબુતર જેવાં પક્ષીઓને આપણે પવિત્ર અને શુભ શુકનના સૂચક માનીએ છીએ. પરંતુ આપણે જો પક્ષીઓનો અભ્યાસ કરીએ, તેમની દરેક હીલચાલ તપાસીએ, તેમના ફોટો લઇએ અથવા ચિત્રો દોરીએ, તેમના માળાઓનાં બાંધકામ, તેમના ખોરાક વગેરેનો જો નિયમિત અભ્યાસ કરીએ તો આપણને ખબર પડે કે એ માન્યતામાં ક્યાંક્યાં ખામીઓ છે. એથી સ્કાઉટ જીવનમાં એક ઘણી જ રસમય પ્રવૃત્તિ ઉભી થાય, તે સાથે કુદરતના સહવાસમાં વિશેષ અવાય, જંગલજીવન વધુ સેવતા થઇએ અને પક્ષીઓ તરફની આપણી મમતા વધે.


જેને આપણે અસ્પૃસ્ય વર્ગનાં પક્ષીઓ માનીએ છીએ તે દિનરાત આપણી કેવી સેવા કરે છે તે નીચેના એકબે દાખલા પરથી સમજાશે. જ્યારે ખેતરની અંદર વાવેતર થાય ત્યારે કાગડા પાછળપાછળ ફરીને વાવેલ દાણા ખાઇ જાય છે ને પાક બગાડે છે. એક વખત ઇંગ્લંડમાં આ માન્યતાથી કાગડાઓને ખેડુતોએ મારી નાખ્યા. બીજે વર્ષે દર વર્ષ કરતાં પાક ઘણો જ જુજ આવ્યો અને ખેતરોમાં જીવાત એટલી તો વધી પડી કે તેનો કેમ નાશ કરવો તે મોટો પ્રશ્ન થઇ પડ્યો. તપાસ કરતાં જણાયું કે કાગડાઓ જ બધી જીવાતનો નાશ કરતા. તે જે કાંઇ બગાડતા તેના કરતાં ફાયદો વિશેષ કરી આપતા. બીજે જ વર્ષે તેમને કાગડાના સંરક્ષણનો કાયદો કરવો પડ્યો! ઇજીપ્તની અંદર તો ઘણા જુના સમયથી કાગડાના સંરક્ષણનો કાયદો છે. કાગડો જોકે અસ્પૃશ્ય ગણાય છે છતાં આપણામાં પણ કાગડાને મારવામાં પાપ મનાયું છે. ટિબેટના લોકો જોકે માંસાહારી છે છતાં ત્યાં પક્ષીઓને મારવાનો પ્રતિબંધ છે. આપણાં કુતરાં બીલાડાં માફક પક્ષીઓ ત્યાં માણસોનાં ઘરમાં દાખલ થઇ નિર્ભયતાથી ખાવાનું ખાય છે.

જીવાત ત્રણ જાતની થાય છે: એક જમીન પર ફરતાં જીવડાં, બીજાં ઝાડનાં થડ અને ડાળો પર રહેતાં જીવડાં, અને ત્રીજાં હવામાં ઉડતાં જીવડાં. આ ત્રણે જાતનાં જીવડાંના નાશને માટે ત્રણ જાતનાં પક્ષીઓ કામ કરે છે. અને જો આવાં પક્ષીઓ ન હોત તો દુનિયા પર એટલી બધી જીવાત વધી જાત

અવાજ તો થયા જ કરે. શતક કે સહસ્રથી મૃત્યુની વાતો થાય. ટપાલ, તાર ને ટ્રેન અટકી ગયેલાં. કેટલાકને તો ટપાલ કે તાર મારફતે ઘેર પાછા ફરવાનું મન થયું હશે! ન મળે શાક કે દુધ. સાધારણ વસ્તુના ભાવ દશગણા વધી ગયા. ઘર બહાર નીકળવાનું એટલે તોલડીની તૈયારી કરી નીકળવાનું. ખરા ગભરાટ કરતાં લોકોનો ગભરાટ વધારે હતો. નગારાં વગાડીને શાંતિનો ઉપદેશ અપાતો. કાઠીનો કુંજર બોલાતો.

રામ રાખે તેને કોણ ચાખે? મને તો એ શસ્ત્ર સજવાનું યજ્ઞોપવિત હતું.


'સૈનિક'



વિવિધ પક્ષીઓનાં માથાં અને ચાંચોના જુદાજુદા પ્રકાર: આમાનાં તમે કેટલાં ઓળખી શકો છો ? એમાં ચકલી, બતક, પોપટ, કુકડો, ગરુડ અને બગલો છે.

કે માણસને જીવવું પણ દુષ્કર થઇ પડત. જમીન પર ફરતાં જીવડાં અને ઇયળોના નાશ માટે ચકલી, કાબર, દીવાળી ઘોડો એવાં કેટલાંક પક્ષીઓ છે. ઝાડના સંરક્ષણ અર્થે કુદરતે લક્કડખોદ જેવાં પક્ષીઓ બનાવ્યાં છે, જેની અણીવાળી ચાંચ, ખરબચડી જીભ, પગ ને પુંછડી કુદરતે એવાં બનાવ્યાં છે કે તે ઝાડની છાલની અંદર ભરાઇ ગએલ જીવાતનો નાશ કરી મોટાં વૃક્ષોને આબાદ રાખે છે. હવાની જીવાતનો નાશ કરવા તેમજ પાણીનાં જીવડાં સાફ કરવા બીજી બે જાતનાં પક્ષીઓ થાય છે. ખેતરોની અંદર થતા ઉંદરોના નાશનું કામ સમળીઓ દિવસે અને ઘુવડ તથા ચીબરી રાત્રે કરી આપણી સેવા દિનરાત ઉઠાવે છે. તે ઉપરાંત ચકલાં નકામા છોડવાનાં બીજ ખાઇને નીંદામણના ઉગતા છોડવાનો નાશ કરે છે.

આ પ્રમાણે ઉપયોગી થતાં પક્ષીઓ, તેમની રીતભાત, તેમના ખોરાક, તેમના માળા, તેમનાં ઇંડાં અને તેમની ઉપયોગિતા વિષેનું આપણું અજ્ઞાન ઘણું જ છે. કાગડા, ચકલાં, પોપટ, ઘુવડ તથા દીવાળી



લક્કડખોદ: એની જીભ કેટલી લાંબી તથા મજબુત છે !

ઘોડા જેવાં હમેશાં નજરે પડતાં, ફળીમાં દાણા ચણી ખાતાં અને પડોશનાં જ ઝાડ પર રહેતાં પક્ષીઓ બાબત આપણે ઘણું ઓછું જાણીએ છીએ. આપણે પોપટ પાળીએ છીએ, તેને ગૃહ પક્ષી ગણીએ છીએ, પણ સાચું પુછો તો તેની ઉપયોગિતા બહુ જ ઓછી છે. તે આપણી કશી જ સેવા કરતો નથી. ખાય છે તેના કરતાં વિશેષ નુકસાન કરે છે. એક ફળ ખાય છે ત્યારે દસ ટોચીને નીચે નાખે છે. તેનાં ટોળાં આપણને જોઇ, જાણે મશ્કરી કરતાં હોય તેમ, ચીચિયારી કરી ઉડી જાય છે, અને જ્યાં ઉતરે છે ત્યાં પારાવાર નુકસાન કરે છે. જ્યારે, જેને જોઇને પણ આપણે અભડાઇએ છીએ તેવું ઘુવડ રાત્રે ખેતરોની અંદર નુકસાન કરતા ઉંદરનો નાશ કરી, ઘઉં અને કપાસના વાવેતરને સલામત રાખે છે.


મિ. ડગલસ દીવાર પોતાના 'હિંદુસ્તાનનાં પક્ષીઓ' નામના પુસ્તકમાં ચકલીઓ બાબત લખે છે કે ચકલીઓ અનાજના કણ ખાય છે તેના કરતાં નાનાં જીવડાં અને ઇયળો વિશેષ ખાય છે. અને તેનાં બચ્ચાં તો ખાસ કરીને ઇયળો પર જ જીવે છે. તેના બંગલામાં એક ચકલીએ માળો બાંધેલો. બચ્ચાં માટે તે આખો દિવસ ઇયળો લાવતી તે પરથી તેણે નીચે પ્રમાણે હીસાબ કાઢેલો: ' ચકલીનાં નાનાં બચ્ચાં બહુ જ ભુખાળવાં હોય છે. તે આખો દિવસ મોઢાં ફાડી ખોરાક માટે માળામાં બેસી રહે છે, ને ચકલી બાર કલાક સુધી લાગલાગટ કાંઇક ને કાંઇક લાવી તેમનાં મોઢાંમાં મુકયા જ કરે છે. એક કલાકમાં પંદર વખત ચકલી બચ્ચાં પાસે આવે છે અને દરેક વખતે ચાંચમાં ત્રણેક ઇયળો લાવે છે. એટલે આખા દિવસમાં તે ૧૫×૩×૧૨=૫૪૦ ઇયળો લાવે છે. આ પ્રમાણે બચ્ચાંને પોષવાનું કાર્ય ૨૦ દિવસ સુધી ચાલે છે. એ-

ટલે એક ચકલી એટલા સમયમાં ૫૪૦×૨૦=૧૦૮૦૦ ઇયળોનો તો નાશ કરે જ છે. તે આખા વર્ષમાં બેવાર ઈંડાં મુકે છે એટલે એક ચકલી એક વર્ષમાં પોતાનાં બચ્ચાં માટે લગભગ સાડી એકવીસ હજાર ઇયળોનો નાશ કરે છે. આ ઉપરાંત પોતાને માટે જોઇતો ખોરાક તો જુદો. ચકલીનાં ટોળાં આપણાં ખેતરોમાં અને આંગણામાં ન ઉતરતાં હોય તો શું થાય તે વિચારી જોવા જેવું છે. સ્કાઉટો પણ જો મિ. ડગલસ દિવાર-ની માફક પક્ષીઓનો ખાસ અભ્યાસ કરે તો આવી ઘણી ચમત્કારિક હકીકતો નજરે પડે.

પણ આ અભ્યાસ કરવો શી રીતે? અહીં એક રીત બતાવી છે. એક યાદી રાખવી અને તેની અંદર નીચેની હકીકતો વિગતવાર લખવીઃ પક્ષીનું નામ, કદ, રંગ, ખોરાક, માળા, ઈંડાંનો રંગ અને આકાર, ઇંડાં મુકવાની ઋતુ, પ્રથમ ક્યારે જોયું તેની તારીખ, છેલ્લું ક્યારે જોયું તેની તારીખ અને ખાસ નોંધ.

કદને માટે પાંચ ભાગ પાડી શકાયઃ ચકલી જેવડું, બુલબુલ જેવડું, કાબરના કદનું, કાગડા જેવડું અને સમળી જેવડું. એ પાંચ જાતમાંથી જેના જેવડું હોય તેનું નામ લખવું. ખાસ નોંધમાં પુંછડીનો રંગ, ડોકનો રંગ, માથે કલગી હોય તો તે, ચાંચનો રંગ વગેરે કાંઇ ખાસ જાણવા જેવું હોય તે લખવું. પછી જો તેનું નામ ન આવડતું હોય તો કોઇને તે નોંધ બતાવી નક્કી કરવું. આપણે ત્યાં આખા વરસમાં લગભગ ૧૫૦ જાતનાં પક્ષીઓ દેખાય છે. આપણને તો એમાંથી માત્ર પંદરનાં નામ પણ ભાગ્યે જ આવડતાં હશે; તો તેમના સંબંધી ખાસ જ્ઞાન તો ક્યાંથી જ હોય?

નીલકંઠ અથવા જય નામનું પક્ષી આપણે ત્યાં ખાસ શુકનવાળું ગણાય છે. દશેરાને દિવસે જો તે દેખાય તો ક્ષત્રિઓ તેને શુભ શુકન ગણે છે. મેં આ પક્ષી કદિ જોએલું નહિ. ઉપર દર્શાવી તેવી એક યાદી હું તૈયાર કરતો હતો. એક દિવસ ગામ બહાર ચાલતાં મારા પગ નજીકથી એક પક્ષી ઉડ્યું, અને તેની વાદળી જેવી લીલી પાંખો જ માત્ર ચમકી ન ચમકી ને તે અદૃશ્ય થયું. હું બીજે દિવસે તે જ સમયે તે જ સ્થળે ગયો, તો ધુળમાં ભળી જાય તેવા રંગનું, આપણા હોલા જેવું મેલું એક પક્ષી કાંઇક વીણી ખાતું દેખાયું. હું તો દૂરથી તેને હોલું ધારી પાછો ફરત; પણ તે



જુદાજુદા પક્ષીઓના પગ તથા તેના વિવિધ પ્રકારઃ દરેક પક્ષી જુદીજુદી પ્રકૃતિનું હોઇ કુદરતે તેના પગ પણ તે મુજબ સર્જ્યા છેઃ (૧) ગરુડ–શીકારી પક્ષી (૨) પોપટઃ ચડનારૂં પંખી (૩) ચકલીઃ બેસનારૂં (૪) કુકડોઃ ખણખોતર કરનાર (૫) બગલોઃ ખુંદીને ચાલનાર (૬) બતકઃ તરનાર (૭) શાહમૃગઃ દોડનાર

મને જોઇને ઉડ્યું, અને ફરી તેની તે સુંદર વાદળી–લીલી પાંખો ચમકી. વિશેષ તપાસ કરતાં તે જ નીલકંઠ એમ માલુમ પડ્યું. ત્યાર પછી તો મેં ઘણાં નીલકંઠ જોયાં. પ્રથમ જોતો ત્યારે ઓળખતો નહિ; હવે ઓળખું છું ત્યારે વારંવાર દેખું છું.

જો આપણે પક્ષીઓના મિત્ર થઈ જઇએ, તેમને માટે માળા બાંધીએ, તેમને માટે ખાવાનો બંદોબસ્ત કરીએ, ઉનાળામાં તેમને માટે પાણીની સગવડ કરીએ તો ઘેર બેઠાં અનેક સુંદર પક્ષીઓ નીહાળવાનો અવકાશ મળે, અને સાથોસાથ આપણી માન્યતા પ્રમાણે પુણ્યકાર્ય પણ થાય. પક્ષીઓને નિકટ સહવાસમાં લાવવાની આવી કેટલીક યુક્તિઓ, અને તેવી યુક્તિ-ઓથી પક્ષીઓ વિષે મળેલી કેટલીક હકીકતો આપણે આવતે મહીને જોઇશું.

ગજાનન ભટ્ટ



આ અંકનું મુખચિત્ર

બુદ્ધને જ્ઞાનપ્રાપ્તિ થયા બાદ તેમણે કુટુંબની યાત્રા કરેલી. એ વેળા તેમની પત્ની યશોધરા ને બાળક રાહુલ તેમની પાસે દીક્ષા લેવા આવે છે એ પ્રસંગનું એ ભવ્ય ને વેધક ચિત્ર છે.

અજન્તા મઠની ૧૭ નંબરની ગુફાના ગર્ભમંદિરની પરસાળમાં, દ્વારની જમણી બાજુ પર એ ચિત્ર આવેલું છે. તેમાંની યશોધરા ને રાહુલની આકૃતિઓ આ અંકના મુખચિત્રમાં બહુ નાની આવેલી હોવાથી મુળની સુંદર ચિત્રશૈલીનો પરિચય કરાવવા માટે અહીં તેનું મોટું રેખાંકન આપ્યું છે. ભીંત પરના ચિત્રમાં તો એ આકૃતિઓ પુરા માનવી માપની છે. આ ઉપરથી ખ્યાલ આવશે એ કેવડું વિસ્તારવાળું ને ભવ્ય હશે.

જ્ઞાની થએલ પુરુષ સામાન્ય જનોની દૃષ્ટિએ મહાન ગણાય છે તેથી તેની આકૃતિ મોટી ચીતરવાની પ્રણાલિ પ્રાચીન ચિત્રકળામાં હતી. તેથી જ બુદ્ધની આકૃતિ એવડી વિશાળ ચીતરી છે. ઉપર દેવદૂત છત્ર ધારે છે; આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થાય છે.

ગુફાની ભીંત પરના મુળ ચિત્રમાં માતા અને બાળકની આકૃતિઓ, અહીં બતાવી છે તેટલી જ, કેડ સુધીની દેખાય છે; બાકીનો ભાગ નાશ પામ્યો છે. પ્રતિકૃતિ કરનારે એ ભાગો પુરા કરીને જે સંપૂર્ણ ચિત્ર તૈયાર કર્યું છે તે આ અંકમાં ઉતાર્યું છે.

એમ મનાય છે કે અજન્તાની એ ૧૭મા નંબરની ગુફામાંનાં લગભગ બધાં જ ચિત્રો મુખ્ય ઉસ્તાદોએ ચીતરેલાં છે. એમની શૈલીમાં સચોટતા અને ભાવનિદર્શનમાં સુકુમાર છટા સહજ પ્રયત્ને ઉતરેલાં લાગે છે.

વનરાજનું હૈયું

[અનુસંધાન પાન ૨૮૨થી]

માણસોનું ટોળું ભરાયું હતું. બીજા ઘણા બહાર બેઠા હતા અને અંદરઅંદર વાતો કરતા હતા કે આપણા જ પાપે આ બન્યું. દાક્તરે ને મૅનેજરે તેને દવાખાનાની રાવટીમાં લઇ જવાની બહુ યે માથાકુટ કરી, પણ ગંગાધર એકનો બે ન થયો. તે તો કહ્યા જ કરતો હતો કે આમાં દવાખાનાને ખાટલે પડવા જેવું છે શું ? માત્ર ઉઝરડા જ થયા છે. કાલ તો પાછો હું કામે ચડી જવાનો !

યમુના તેની પથારી પાસે સુશ્રુષા કરતી બેઠી હતી. તેની સામે સ્મિત કરી આનંદિત સ્વરે ગંગાધર બોલ્યો, 'મારી વાત ખરી કે નહિ ?' અને સૌની તરફ વિજયભરી દૃષ્ટિ ફેંકી તેણે આગળ ચલાવ્યું, 'હું ને મહાવીર કદિ જુદા છીએ જ નહિ. હું નહોતો કહેતો કે એ હરઘડી ચીડાય છે, પણ વખત આવ્યે ડાહ્યો થઇ જાય છે. અમથા ઉઝરડા કરવાની તો એને ટેવ જ છે.


[અંગ્રેજી ઉપરથી] **અનન્ત પંડ્યા**

'તરવું તાતરવું ને તસ્કરવું, એ ત્રણ આપ કળાય' એ જ્ઞાન બહુ જ જુનું છે. છતાં યે અમારો પ્રયોગ તરવાનું શિક્ષણ આપવાનો હતો !



ઘણા વખત પહેલાં શરીર-વિકાસના પ્રયોગો કરતાં, છેવટે દંડ બેઠકને તિલાંજલિ આપી અમે એક નવી નીશાળ માંડી. આ દેશમાં સાપ, વાઘ કે પ્લેગથી મરતાંની ગણતરી સરકાર કરે છે, પણ પાણીમાં ડુબી મરતાંઓની ગણતરી કરવાનો ચાલ નથી. અમારા એક યુવાન મિત્ર જળ-શાયી થતાં અમારો મીજાજ ગએલો. ક્રૂર વિધાતા કરતાં ક્રૂર સમાજ ઉપર અમે વધુ ચીડાયા, અને આજથી ત્રણ વર્ષ પહેલાં અમે આ નીશાળના ગણેશ માંડ્યા.

વગર મુડીએ નીશાળ ચલાવવી એ અમારો ઉદ્દેશ હતો. લોકોના ડર અને સાધનના અભાવ સામે અમારે ઝઝુમવાનું હતું. અમારામાંથી બેત્રણ જણને તરતાં આવડતું, એટલે હીંમત કરી અમે તળાવે ધોવા જવાનું શરૂ કર્યું. અમારા મનોરાજ્યની તો વાતો જ ન કરતા. ધોતાંધોતાં ધીરેધીરે નહાવાનું શરૂ કર્યું. અમને છુટથી તરતા જોઇ કેટલાકને કુતૂહલ થયું. અમે તરવાની અવનવી, મઝાની, શેરડીના રસ જેવી વાતો કરી લોભાવ્યા. એમની લાલચનો તરત જ અમે ઉપયોગ કર્યો. થોડા દિવસ પછી એક મજબુત દોરડી લાવી, જેઓને તરતાં શીખવું હતું તેમને કેડે બાંધી તળાવમાં નાખવા માંડ્યા. પાણી પીએ, ડુબકાં ખાય, એમ થોડા અકળાવા દઇ અમે તાણી લઇએ. પછીથી અમે તુંબડાં વસાવતા ગયા. થોડા હાથપગ હલાવતાં આવડે કે દોરડી છોડી તુંબડાં આપીએ. તુંબડાંથી તરવાનો રસ લગાડી ખેંચી લઇએ. એટલે પછી તો મને કમને એમને હાથપગ હલાવ્યે જ છુટકો. આમ ચારપાંચ જણે છાનામાના શીખી લીધું કે અમારી નીશાળના શિક્ષકો તૈયાર થયા.



બને ત્યાં સુધી તો અમે દસ-બાર વર્ષના જ છોકરાને તરવાની ભુરકી નાખવા મથતા. તરવા શીખવાની જરૂરિયાતો ઉપર ઉપદેશ કોરે રાખી તેમને તળાવે લઇ જઇએ. અમે તરતા હોઇએ ને ખુબ જ મઝા પડતી હોય એમ બતાવીએ. વીસ વર્ષની ઉપરના માટે જવાબદારી અમે ન જ લેતા. કુમળા ઝાડને જ વાળવાનું હોય.

છેવટે અમે ત્રણ વર્ગ પાડ્યાઃ (૧) તરવા શીખવાના ઉમેદવારો કે લ્હેરી ગૃહસ્થો, (૨) સાધારણ તરતાં શીખેલા, (૩) નિપુણવર્ગ.

પહેલા વર્ગની બહુ સંભાળ લેવી પડે. નરમાશથી કામ લેવાનું. બીજા વર્ગને ખુબ જ ધમકાવો પડે; વખતે નિર્દય પણ થવું પડે. ત્રીજો વર્ગ આ સઘળું સંભાળે.

અમારી મુખ્ય હરકત તો પાણીની બીક ભાંગવાની રહે. કેટલાક તો એટલા ડરકુ હોય કે દોરી બાંધે, તુંબડાનો સાજ સજે, બે જણ હાથ ઝાલે, તો યે જાણે યમરાજ જોડે યુદ્ધ કરતા હોય એવો દેખાવ કરવા માંડે! અમે એમની ગાળો સાંભળીએ, છણકા સાંભળીએ, બધું ગળી જઈ સમજાવીએ પટાવીએ, અને એમ છતાં યે એ કહ્યું ન માને એટલે ઉચકીને પાણીમાં ફેંકીએ. આમ કરતાંકરતાં છેવટે બહુ લાંબે વખતે આવા બીકણો તો શીખે. બાકી પાણી ઉપર રહેતાં તો એક અઠવાડિયામાં સહેજે આવડે.

એક ભાઇ જરા વિજ્ઞાન શીખેલા. તેઓ પોતાની Specific Gravityનો ખ્યાલ કરતા. પછી પાણીમાં પગ મુકવા વિષે વિચાર કરતા. એ જોઇને અમે એમને કાંઠે બેસી રહેવાનું સુચવ્યું છે. તરતાં શીખવું હોય તો હવામાં તો ઓછું જ શીખાય છે?

પાણીનું કામ એટલે જીવનો ભય રહે. માટે તળાવને આરે સખ્ત કાયદો રાખેલો. જરાક કોઇ શેખી કરે કે એને ગળચીઓ મારી શ્વાસ કાઢી નાખીએ. જરા દમથી કામ તો લેવું પડે જ. નાદાનની જોડે રમતાં જાનનો ભો રહે, માટે જ આમ કરવું પડે. પાછળથી શીખ્યા પછીથી

અમને મળતી ઉપકારની નજરમા સર્વ કાંઇ લેવડદેવડ' ચુકવી લેવાતી.

આ જળ રમતમાં વય અને શરીર પ્રમાણે પાણીમાં રહેવાનો વખત નક્કી કરેલો છે. થાક લાગતાં જ નીકળી જવું જોઇએ. પહેલા બે વર્ગ એક આરે ભેગા ન થાય એ લક્ષમાં રાખવાનું. ત્રીજા વર્ગે સાવધાની રાખવાની.


ધીરેધીરે અમારી નીશાળ જામી. દેખાદેખીથી તરવાનો શોખ વધવા માંડ્યો. લોકોને પણ વિશ્વાસ બેઠો કે એ ' મૃત્યુશાળા ' નથી. આજે આઠ વરસનાં કુમળાં બાળકો પણ સુખેથી આવે છે.

સાધનોમાં દોરી અને તુંબડાં મુકયાં નથી. નીશાળિયા વધ્યા છે તે પ્રમાણમાં અમારી સાવધાની પણ વધારવી પડી છે. તુંબડું સહેજે બોખરૂં થવાનો શક જતાં ભાંગી નાખીએ છીએ. દોરીનો વળ ઉકલેલો લાગતાં ગાંઠ મારીએ છીએ. જરા કહોવા લાગતાં ફેંકી દઇએ છીએ. તંગ ચડ્ડી કે લંગોટ પહેરવાની ફરજ પાડી છે. જરા લટકા માટે સાબુ, આયનો ને કાંસકી વસાવવાનો પણ ઇરાદો છે.

ચાલુ નીશાળોમાંથી ભણવાની રજા પડે ત્યારે (મે અને ઑકટોબર મહીનામાં) અમારી નીશાળ ખુલે.

તેનો વખત એક જ કલાક છે. કુવાના હવાડામાં યે અમારી નીશાળનો બાળવર્ગ તો ચાલી શકે. આજે અમારી નાતમાં માત્ર ગણ્યાગાંઠ્યાને જ તરતા નથી આવડતું. અમારો વિચાર છોકરાઓને દેડકાં અને છોકરીઓને જળકુકડીઓ બનાવવાનો છે, કે જેથી જીંદગીમાં કોઈ વાર અનાયાસે વરુણદેવના પંજામાં પકડાઇએ તો હારી ખાવા વારો ન આવે.

' ભણ્યો ભુલે અને તારો ડુબે ' એવી બાયલી કહેવતો ઉપર હવે ચોકડી મુકવાનો વખત આવ્યો છે.



ગુજરાત ભલે તેરમાના ઘીમાં ડુબે, પણ પાણીમાં તો કોઈપણ ગુજરાતી જળશાયી ન જ થવો જોઇએ.

' સૈનિક '



બા ◻ ળ ◻ વિ ◻ ભા ◻ ગ

બુલબુલ

એક હતો રાજમહેલ. ભવ્ય ને સુંદર. જાણે સ્ફટિકનો. ફરતી એક વાડી. જાણે નંદનવન. આઘે એક ઝાડી. ઝાડ તો જાણે આકાશે અડ્યાં. દૂરદૂર એક અઘોર વન. આકાશ જેટલું ઉંડું. એમાં રહે એક બુલબુલ. મીઠું એનું ગાન. કોમળ એનો સૂર સાંભળીને જળ જંપી જાય, પવન થંભી જાય, ચાંદો તારા થાક ખાય. જે સાંભળે તે કહે, ' આ કાંઇ બુલબુલ ન હોય. કાં તો કોઈ અપ્સરા કે કાં તો કોઈ નાગકન્યા. કોણ જાણે કોનો ય શાપ લાગ્યો હશે ! '

દેશદેશથી લોકો આવે. મહેલ જોઈ, વાડી જોઇ, ઝાડી જોઇ, વન જોઇ, બુલબુલ જોઇ, પાછાં જાય. વાત કહે તો એક બુલબુલની જ કહે. ગ્રંથ લખે તો મહીં લખે કે ' પણ બુલબુલની ટોચે કોઇ ન આવે.'

જ્યાં સાંભળો ત્યાં એક બુલબુલની જ વાત.

રાજા કહે, ' મારા જ રાજમાં બુલબુલ, મારા જ

વનમાં બુલબુલ, ને મને ખબર નહિ ? ' પ્રધાનજી, પ્રધાનજી, આ શું ? બુલબુલની જાત્રા ચાલે, બુલબુલની કવિતા થાય, બુલબુલનાં ચિત્ર થાય ને હું જ એક ન જાણું ?'

પ્રધાનજી કહે, ' એવું તે કેમ હોય ? હું યે નથી જાણતો. '

રાજા કહે, ' જુઓ આ ગ્રંથ, જુઓ આ ચિત્રો. આ આપણો મહેલ, આ આપણી વાડી, આ આપણું વન, આ એમાં બુલબુલ. બધું ય ચીતર્યું છે. પકડી મંગાવો એ બુલબુલને. આ ઘડીએ ને આ ઘડીએ.'

પ્રધાનજી તો દોડ્યા.

અમીરને પુછ્યું, ઉમરાવને પુછ્યું; નોકરને પુછ્યું, ચાકરને પુછ્યું; બ્રાહ્મણને પુછ્યું, દેડને પુછ્યું; સઇને પુછ્યું, સોનીને પુછ્યું, ' છે કોઇને બુલબુલની ખબર ? '

સૌ કહે, ' મહારાજ, અમને ખબર નથી. '

પ્રધાનજી વીલે મોઢે પાછા આવ્યા.

પગ પછાડી રાજા બોલ્યા, ' શું આ ચોપડી ખોટી ? સાંજ પહેલાં બુલબુલ લાવો. હા નીકર ના. ન લાવો તો ઘાણીએ ઘાલીને તેલ કાઢું. '

પ્રધાનજી તો ગભરાયા. હાંફળા ફાંફળા દોડ્યા જાય ને પુછતા જાય, ' કોઇએ ભાઇ બુલબુલ ભાળ્યું છે. અઘોર વનમાં રહે છે, મીઠુંમીઠું ગાય છે. એવું તો ગાય છે કે મોર બધા નાચે, કોયલ બધી કુજે ને હું તો ઉંઘી જ જાઉં. '

પ્રધાનજી તો બુલબુલ જોવા ચાલ્યા. અમીરઉમરાવ કહે, 'અમે સાથે આવીએ.' નોકરચાકર પણ

વર્ષાને વધામણે

વાદળીઓની વેલ આવે,
પાંખ ભરી પાણીડાં લાવે;
ધુમાડાના ગોટ જેવાં
આકાશેથી ટોળાં આવે.

આભનાં આંગણુલાં કૂજે,
મેઘનાં પારણીઆં કૂજે;
ઘર – નેવાંની આંખોમાંથી
આનંદનાં આંસુઓ કૂજે.

વાડી ભીંજે, વાડ ભીંજે,
નાનાંમોટાં ઝાડ ભીંજે;
અંતરના ઉમળકા ઢોળી
સરવર કેરી પાળ ભીંજે.

ચાતક ને બપૈયા બોલે,
ઘરની ઉપર મોર બોલે;
કોયલના ટહુકાર ભેગો
વનવગડે કલશોર બોલે.

છોડવાની કુંજો ડોલે,
ફુલની પાંખડીઓ ડોલે;
મેઘ–મદે ઘેરાતી પેલી
કળીઓની આંખડીઓ ડોલે.

વધામણે વેગીલી ધારા,
હરખભરી મારે ઉછાળા;
મોતીડાંના જાણે પડદા
બારણાંની આડે બાંધ્યા !

વર્ષા, વર્ષા, આવજે,
સુખ સંદેશો લાવજે;
અન્નકૂટની વાની કેરો,
જીવનરસ પીવડાવજે !

ઇન્દુલાલ ગાંધી

સાથે ચાલ્યા. ગામ બધું હાલી મળ્યું. કેમ જાણે બુલબુલને મેળે નીકળ્યા. જરા દૂર ગયા ત્યાં તો ' ભાં ભાં ' કરતી ગાય મળી. અમીરઉમરાવ કહે, " એલા, બુલબુલ લાગે છે ! વાહ, કેવો કુણો અવાજ ! ' ભાં ભાં ' વાહ ! "

એક છોકરી કહે, 'ના રે ના, એ તો ગાય છે.'

જરાક આઘે ગયા ત્યાં દેડકાં ' ડ્રાઉં ' ' ડ્રાઉં ' કરતાં'તાં. પ્રધાનજી કહે, ' છોકરી, બુલબુલ બોલતું સંભળાય છે. કેવો મીઠો અવાજ ! '

છોકરી કહે, 'અરે રામ, એટલી યે ખબર નથી ? એ તો દેડકાં છે.'

સંઘ બધો વનમાં આવ્યો.

છોકરી કહે 'ચુપ.' બધાં ચુપ. ત્યાં તો બુલબુલે ગાયું. મીઠાશની નદીઓ રેલી, કોમળતાની કળીઓ ખીલી. બધા કહે. ' વાહવાહ, વાહવાહ.'

પ્રધાન કહે, 'બુલબુલજી, બુલબુલજી ! અમારે મહેલે આવશો ? મીઠાં ગીતો ગાશો ? રાજાજીએ હઠ લીધી છે.'

બુલબુલ કહે, 'અમે તો વનનાં વાસી, પણ ચાલો.'

રાત પડી. ધૂપધાપનો મઘમઘાટ, અત્તરગુલાબની રેલમછેલ, અગરૂચંદન અપરંપાર, ફુલના તો ઢગલેઢગલા, દીવાની તો દીવાળી. મહેલ આખો મઘમઘાટ ને ઝગઝગાટ. એક સિંહાસન ઉપર રાજા ને બીજા સિંહાસન ઉપર બુલબુલ.

રાજા કહે, ' બુલબુલજી, બુલબુલજી, સંભળાવો તમારૂં ગીત. શાં અમારાં ધન્ય ભાગ્ય ! '

બુલબુલે ગાયું. અપૂર્વ ને

અદ્દભુત ગાન. રસની જાણે રેલ ચાલી. રાજાને ગાલે હર્ષનાં આંસુ ટપક્યાં. કચેરી આખી સ્તબ્ધ બની ગઇ. રાજા કહે, ' એક વાર વધારે. '

બુલબુલે ફરી ગાયું.

સૌ કહે, ' મોહક, અતિ મોહક. '

ફરી ગાન.

સૌ કહે : ' અતૃપ્ત, અતૃપ્ત. '

વળી ગાન.

સૌ કહે, ' અદ્દભુત ! અદ્દભુત ! '

રાજા કહે, ' બુલબુલજી, આજથી તમે અમારા રાજગવૈયા. સોનાને પીંજરે તમારો વાસ. ઉપવનનાં ફળો તમારો ઉપાહાર. આ મીઠાં દુધ તમારૂં અનુપાન. '

એક દિ' રાજા ઉપર એક પેટી આવી. ઉપર લખેલું, ' બુલબુલ. '

ખોલીને જોયું તો સોનાનું બુલબુલ, રૂપાની પાંખો ને પાંખેપાંખે હીરા જડ્યા. ચાવી દે ત્યાં ગાય. તેત્રીસ ચાવી ફેરવી ને બુલબુલે તેત્રીસ વાર ગાયું.

બધાં કહે, ' આ બુલબુલ તો ચડે. '

રાજા કહે, ' હવે આપણા બુલબુલનો વારો. '

પાંજરા સામે જુએ ત્યાં બુલબુલ ન મળે !

રાજા કહે, ' નિમકહરામ પક્ષી ! કાંઇ નહિ, આપણે આ બુલબુલ સારૂં છે. છો ગયું તો. એને કાંઇ હીરાની પાંખો હતી ? '

એક દિ' ખર્‌ર્‌ર્‌ર્ ખટ્ ને નવા બુલબુલનું ગાણું ખલાસ ! રાજા કહે, ' બુલબુલ માંદું પડ્યું. '

વૈદની કારી ન ફાવી. કારીગર મથીમથીને થાક્યા. પણ બુલબુલ તો અટક્યું તે અટક્યું જ.

એમ કરતાં રાજા માંદો પડ્યો.

પેલું સોનાનું બુલબુલ તો પાસે જ. ગાય નહિ તેથી શું ? એનાં હીરા માણેક તો રૂપાળાં હતાં ને ?

માંદગી વધવા લાગી. પીડાનો તો પાર નહિ. દર્દથી રહ્યું ન જાય. ખાવું ય ન ભાવે ને પીવું ય ન ભાવે. કોઇનું બોલ્યું ય ગમે ત્યારે ને ? મોત જાણે પાસે આવ્યું. ગભરામણનો પાર નહિ. પેલાં સોનાના બુલબુલને જોઇ રાજા કહે, ' ભાઇ, એક ગીત તો ગા. તારાં તેત્રીસ ગીતો ક્યાં ગયાં ?

પણ કાંઇ સોનાનું બુલબુલ ગાય ?

એવામાં પેલો ચિરપરિચિત મધુર કંઠ સંભળાયો.

રાજાના જીવમાં જીવ આવ્યો. શરીરમાં ચેતન આવ્યું. આંખે તેજ આવ્યું. રાજા કહે, ' એ આવ્યું મારૂં બુલબુલ. આવ મારા પ્રાણ. એક વાર ગા. તારૂં છેલ્લું ગીત સાંભળી લઉં. '

બુલબુલે ગાયું. મુક્ત કંઠે ગાયું. મધુર કંઠે ગાયું.

મૃત્યુ તો સ્તંભી ગયું. તે કહે, ' ગા ગા, યમલોકમાં યે આવું ગાન કદિ નથી સાંભળ્યું. '

બુલબુલ કહે, ' ગાઉં, પણ રાજાનો તાજ આપીશ ? '

મૃત્યુ કહે, ' જરૂર; જે કહે તે આપું. '

બુલબુલે ગાયું, સરળ કંઠે ગાયું, મૃદુલ કંઠે ગાયું, મધુરતમ ગાયું. હર્ષપુલકિત મૃત્યુએ કહ્યું, ' બુલબુલ, ના અટક. ગા, ગા. '

બુલબુલ કહે, ' ગાઉં તો ખરૂં, પણ મને રાજદંડ આપીશ ? ' મૃત્યુ કહે, ' રાજદંડ ? ' એથી યે વધારે. જે માગે તે આપીશ.

બુલબુલે ગાયું, સ્નિગ્ધ કંઠે ગાયું, કોમળ કંઠે ગાયું. યમ કહે, ' માગ, માગ. '

' માગું ? માગું એક રાજાનું જીવન. યમલોકમાં પાછો જા. મારા રાજાને છોડ. '

બુલબુલે હજાર ગીત ગાયાં. યમ પ્રસન્ન થયો.

રાજા કહે, ' બુલબુલ, તેં મને જીવતદાન આપ્યું. તું મારો પરમ મિત્ર. આ રાજ તારૂં. '

બુલબુલ કહે, ' અમે તો વનવાસી. અમે તો ફરતા રામ. અમારૂં રાજ સ્વતંત્ર વિહાર. પરંતુ આવીશ; જરૂર આવીશ. રોજ રાત્રિએ તારી બારીએ બેસીને એકાદ ગીત તો જરૂર ગાઇશ. '

હજી યે ચીનના રાજાની બારીએ રોજ રાતે બુલબુલ મધુરાં ગીત ગાય છે. જશો કોઇ સાંભળવા ?

(અંગ્રેજીને આધારે) **ગિજુભાઈ**

બે પ્રશ્નો

નવા વાંચનાર ! તમે ' કુમાર 'ના ગ્રાહક ન હો તો આ આખો અંક વાંચી ગયા પછી આ બે પ્રશ્નો પર વિચાર કરશો.

(૧) ' કુમાર ' ગ્રાહક થવા જેવું ખરૂં કે નહિ ?

(૨) તો પછી તમે એના ગ્રાહક શા માટે નથી ?

અને પરિણામે અમને ખાતરી છે કે તમે એક કાર્ડ અમને જરૂર લખવાના.

આ માસથી નવો છ માસિક હપતો શરૂ થાય છે.

નવાં પુસ્તકો



તણખાઃ લેખક 'ધૂમકેતુ'; પ્રકાશક, લક્ષ્મી આર્ટ પ્રિ. વર્ક્સ, ભાયખલા મુંબાઇ–૮ કી રૂા. ૨.

ટુંકી વાર્તાઓના અજોડ લેખક તરીકે શ્રી 'ધૂમકેતુ'નું નામ ગુજરાતી સાહિત્ય–આકાશમાં આગળ પડતું તરી આવે છે. આ પુસ્તક 'તણખા' એ એમની ટુંકી વાર્તાઓનો પહેલો સંગ્રહ છે. એમાં જુદાજુદા વિષય, પ્રસંગ અને પ્રકારની ઓગણીસ ટુંકી વાર્તાઓ છે, જેમાંની પંદર છુટાંછુટાં માસિકોમાં આવી ગએલી અને ચાર તદ્દન નવી છે.

'કુમાર'ના વાંચનારાઓને શ્રી 'ધૂમકેતુ'ની ઓળખાણ નવી કરાવવી પડે એમ નથી. 'ઇતિહાસદર્શન'ની એમની લેખમાળા અને બીજા છુટા લેખોથી એ પુરેપુરા પરિચિત છે. પણ સાહિત્યમાં એમની ખરી ખ્યાતિ તો જીવન અને દર્દભરી ટુંકી વાર્તાઓના લેખક તરીકે ફેલાએલી છે.

સાદી અને સરળ, છતાં સંયમી, જોમભરી અને ભાવ તથા ભાષાના ચમકારવાળી એમની લેખનશૈલીમાં એ જીવનના રોજંદા સાદા બનાવોને ગુંથીને એનો એવો તો તાદૃશ ચિતાર ખડો કરી દે છે કે એ જીવનના ઉંડાણ સુધી આપણી દૃષ્ટિ પહોંચી શકે છે ને ત્યાં રહેલા સત્યનું આપણને ભાન થાય છે.

એમની વાર્તાઓના ઘણાખરા પ્રસંગો અને પાત્રો સત્ય અને જીવંત હોય છે. એ પકડવાની એમની ચોટ એટલી સજ્જડ ને એમની દૃષ્ટિ એટલી તીણી છે કે જે પાત્ર અથવા પ્રસંગ સામાન્ય આંખને નજીવાં લાગે તેને એ એકદમ તારવી કાઢે છે; અને પોતાની સહૃદય શૈલીથી જ્યારે તે રજુ કરે છે ત્યારે જ તેના સત્ય સ્વરૂપનું આપણને સકૌતુક ભાન થાય છે. આ સંગ્રહમાંની બીજા નંબરની વાર્તાનું પાત્ર ભૈયાદાદા હજી યે જીવંત છે, અને એ જ જગ્યાએ વસે છે; પુસ્તકમાં મુકેલાં રા. પંડિતનાં દોરેલાં ભૈયાદાદા તથા એની ઝુંપડીનાં ચિત્રો પણ એ સત્ય પાત્ર અને સ્થળનાં જ છે. પહેલી વાર્તામાંની પોસ્ટ ઑફિસ અને 'એક ભુલ'માંની શાક મારકીટ તથા એમાંનાં આડપાત્રો આબેહુબ છે. ભીખુની વાર્તામાંનાં સ્થળ અને જીવન અમદાવાદના ત્રણ દરવાજા આગળનાં જ છે એ વાંચ્યા પછી હરકોઈ પ્રીછી શકે. 'અખંડ જ્યોત'માંનો પ્રસંગ, વાંચનાર નહિ માને, પણ તદ્દન સત્ય છે. 'કેસરી વાઘા' અને 'તારણહાર'માંનાં સ્થળ, વસ્તુ અને પાત્રાલેખન લેખકના ગામડાના જીવનનાં દર્દમય સ્મરણો જેવાં છે. 'હૃદયપલટો' અને 'સોનેરી પંખી'ની વાર્તાઓ એમના સીમલા



શ્રી ધૂમકેતુ

–નૈનીતાલ તરફના પ્રવાસ સમયે ત્યાંના જીવનમાં કરેલાં ડોકિયાંના ફલ રૂપ છે.

એકલા જીવનના જ પ્રસંગો નહિ, પરંતુ ઇતિહાસમાંથી પણ એમની એ વેધક દૃષ્ટિ એકાદ પ્રસંગ ઉચકી તેને ખીલવે છે કે તરત એમની કલમમાં એ સજીવ બની રહે છે. 'આત્માનાં આંસુ'ની સેંકડો વર્ષ પહેલાંની ઇતિહાસકથાને આપણી નજર આગળ એ તરતી કરી દે છે.

એમનાં પાત્રો અને વાર્તાનાં ક્ષેત્રો, આપણી ઘરેડિયા વાર્તાઓની જેમ એક સંકુચિત કોટિનાં કે સ્થળનાં જ નથી. શહેરો, ઑફિસો, કૉલેજો અને અમુક કોટિનાં ગૃહજીવન તથા ગ્રૅજ્યુએટો, કારકુનો અને ભણેલી ગૃહિણીએ. છોડીને ધૂમકેતુ ગામડાના ચોરા, નદી કિનારા, જંગલની ધાર, રસ્તાનો કાંઠો, રેલ્વેનું ફાટક, ગરીબની ઝુંપડી, શાક મારકીટ, પોસ્ટ ઑફિસ અને ખેતરનાં જીવન શોધે છે; અને જુમો ભિસ્તી, ભૈયાદાદા, અલી કોચમીન, ભીખુ, વાઘજી મોચી, સામંત બહારવટિયો, ગરીબ છોકરીઓ પાની ને બંસી, અનાથ બાળક પ્યારેમોહન વગેરે જેવાં તરછોડાએલાં પાત્રો એમની કલમમાં જીવતાં બની આપણી આગળ આવી એમના જીવનની દર્દમય કથાઓ કહે છે.

જીવનના ઉલ્લાસ કરતાં જીવનનું દર્દ ધૂમકેતુ પર ઘણું અસર કરી શક્યું છે, અને પરિણામે એમની એંશી ટકા વાર્તાઓ કરુણાન્ત હોય છે; એવી કે આપણને એ દર્દમાં સમભાગી કરી અંતર પર ઉંડી છાપ મુકી દે છે. એમનાં વર્ણનો તાદૃશ છતાં લાંબાં કે કંટાળાભરેલાં નથી હોતાં; અને ઘણીવાર તો મિત ભાષામાં ભારે અસર પ્રગટાવનારાં સૂત્રાત્મક ને સચોટ વાક્યો એમની કલમમાંથી સહજ સરી આવે છે.

આવી અનન્ય શક્તિવાળા આ જુવાન લેખકનો પરિચય ઉગતી પ્રજા વધુ સંગીન કરે એ ખચિત ઇચ્છવા જોગ છે.



ગુજરાત કલા પ્રદર્શન

એ નામ નીચે અઠી વર્ષ પહેલાં અમદાવાદમાં એક પ્રદર્શન થયું હતું, અને આવતા ઑક્ટોબર માસમાં સુરતમાં એવું જ બીજું પ્રદર્શન થશે. 'એવું જ પ્રદર્શન' એ શબ્દો લખતા અમને છેલ્લા પ્રદર્શન ખાતે થએલો ગંજાવર ખર્ચ અને ઉમંગી યુવાનોની મહેનત તથા તેના ફળનો વિચાર સહેજે આવી જાય છે.

લોકરૂચિ કેળવી દેશના કલાકારો અને કારીગરોની કૃતિઓનો સત્કાર કરાવવો એ આવાં પ્રદર્શનોનો હેતુ હોવો જોઇએ. પણ શોકજનક વાત એ છે કે કલાને નામે જુજ ખર્ચ કરનારા પણ આપણા દેશમાં ક્વચિત જ નજરે પડે છે, અને પ્રદર્શનો કે મ્યૂઝિયમોમાં સ્વર્ગસ્થ ચિત્રકારોની કબરો પર જરી ભરેલી ચાદરો ઓઢાડવાનો વિધિ થાય છે. જીવન-વિગ્રહમાં મથી રહેલા કલાકારો કે કારીગરોના જીવનમાં રસ લેવાની કે તેમને સહાય કે નિર્વાહ આપવાની યોજના કોઇને સુઝતી નથી.

સુરતના ઉત્સાહી કાર્યકર્તાઓ આ વિચાર ભુલી નહિ જાય એવી આશા રાખીએ અને તેમના સાહસમાં વિજય ઈચ્છીએ તે સાથે તેમને એક બાબત યાદ રાખવા ભલામણ કરીશું, કે ચાલુ જમાનામાં આવાં પ્રદર્શનો વારંવાર કરવાની પ્રજાની તાકાત નથી; એટલે જે ખર્ચ કરવામાં આવે તે વડે ગુજરાતના શિલ્પીઓ અને કલાકારોના ઉત્તેજનાર્થે ગુજરાતમાં કાયમ ખાતે એક એવી સંસ્થા ઉભી થવી જોઇએ કે જે કલાના શિક્ષણ, પ્રચાર, ઉત્તેજન અને તેને યોગ્ય સાહિત્યનું પ્રકાશન ચાલુ રાખી શકે.

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ તથા બાળકોની કૃતિઓ માટે ખાસ ખંડ યોજવામાં આવશે એવું કહેવામાં આવ્યું છે; એટલે 'કુમાર'ના વાચકો એમાં જરૂર ભાગ લે, અને એક જ સ્થળે ઉગતી પ્રજાની કૃતિઓ જોવાની તક પ્રજાને આપે.

સ્વીકાર

બાલવાર્તા ભાગ ૪: ગિજુભાઈની સંઘરેલી બાલ-વાર્તાઓના ત્રણ ભાગનો રસ ગુજરાતનાં બાળકોએ ચાખ્યો છે એટલે આને વિષે વધારે કહેવાનું ન હોય. જેણે આગલા ત્રણે ભાગ વાંચ્યા હશે તે આને કદિ નહિ છોડે. ન વાંચ્યા હોય એને ચારે ય માટે અમારી ભલામણ છે. ભાવનગર દક્ષિણામૂર્તિ ભવનમાંથી એ મળશે.

રાજબા લેખક: શયદા, પ્રકાશક: હરજી લવજી દામાણી બે ઘડી મોજ ઑફિસ, પાયધુની, મુંબાઈ–૩; કીં. રૂ.૩–૮–૦. એનો પ્રવેશક લખનાર શ્રી બ. ક. ઠાકોરના શબ્દોમાં કહીએ તો 'સીધી, સાદી ને વેગીલી લખાવટવાળી આ નવલમાં 'રોમન્સ'ની સર્વ સામગ્રી મળે તેમ છે.' નવલકથાના રસિયાએ આ પુસ્તક વાંચી જવા જેવું ખરૂં.

ઓલિયા જોશીનો અખાડો (પુ. ૧લું) સંગ્રાહક અને પ્રકાશક: જગજીવનદાસ ત્રિકમજી કોઠારી, સોરઠ પ્રિ. પ્રેસ, કિંગ્ઝ રોડ, જુનાગઢ; કીં. ૨–૮–૦ પો. જુદું. હાસ્યરસ અને વિનોદના લેખોથી પ્રસિદ્ધ થએલા રા. ઓલિયા જોશીના જુદાજુદા વિષયના ૩૭ લેખોનો, ચાર ચિત્રો સાથેનો ૨૭૮ પાનાંનો આ સંગ્રહ વિનોદને માટે વાંચવા યોગ્ય છે.

સચિત્ર પશુપક્ષી વર્ણન: વિચિત્ર રંગીન ચિત્રોમાં જાડા કાગળ પર પૂનાના ચિત્રશાળા પ્રેસે છાપી બહાર પાડેલું એક રૂપિયાની (પાતળા કાગળ ૦–૧૨–૦) કીંમતનું આ પુસ્તક બાળકોનું રંજન કરે એવું છે.

નવી ગુજરાતણ યાને શંખ અને કોડી: ત્રિઅંકી પરિહાસિકા: લખનાર કોઈપણ; પ્રકાશક ગુજરાત નૂતન કાર્યાલય, કોટ મુંબાઇ–૧; કીં. રૂ. ૨. હસવા ઇચ્છનારે વાંચી જવું.

રામસંહિતા (પ્રથમ વિભાગ) અનુવાદક: નાગોરી મનઃસુખલાલ મગનલાલ ઝવેરી, જામનગર; કીં. ૧ રૂ.

વિનોદવાટિકા લેખક પ્રકાશક: હરિશંકર દલછારામ ત્રિવેદી, વાવ; કીંમત ૦-૧૨-૦

શિવાપરાધક્ષમાપન સ્તોત્ર તથા દેવ્યપરાધક્ષમાપન સ્તોત્ર: અનુવાદક તથા પ્રકાશક, મણિલાલ જાદવરાય ત્રિવેદી, નીલકંઠ મહાદેવ, કપડવણજ. વિનામૂલ્યે.

નડિયાદ હિંદુ અનાથાશ્રમનો ૧૯૨૪–૨૫નો રીપોર્ટ.


બોમ્બે શીઆ ઇસ્નાઅશરી યુવકમંડળનો ૧૯૮૧નો રીપોર્ટ.

ગુજરાત પ્રાંતિક વૈદ્યસંમેલનના ૧લા અધિવેશનનો રીપોર્ટ.

શ્રી ભાવનગર મહિલા વિદ્યાલયનો ૧૯૨૫–૨૬નો અહેવાલ.

જ્ઞાનલીલા

જેઠ માસની જ્ઞાનલીલાના ઘણા ઉત્તરો આવેલા; અને ઉત્તર આપવામાં જો ચીવટ અને ચોંપ રખાયાં હોત તો નીચેના જે માત્ર નવ જ જણ સંપૂર્ણરીતે ફતેહમંદ થઈ શક્યા છે તેને બદલે તેથી ત્રણ ગણી સંખ્યા થઈ હોત. પણ કોણ જાણે કેમ, ફક્ત છ ઉત્તરો લખવા, તેટલા પુરતી યે આપણે કાળજી નથી રાખી શકતા. ભુજંગી છંદની કવિતાની બીજી લીટીમાં છેલ્લો શબ્દ 'લોક કાજે' છે તેને બદલે ઘણાએ 'લોક લાજે' લખ્યો છે. શબ્દગોઠવણમાં શુદ્ધ 'નૂપુર'ને સાટે કેટલાકે પ્રાકૃત નેપુર અથવા નપુર લખીને જવાબ ખોટો પાડચો છે. કોઈએ શબ્દગોઠવણના શબ્દો આકૃતિ મુજબ ગોઠવ્યા નથી, તો એક જણે તો બીલાડીઓનાં નીશાન મુક્યા વગર ખાલી વર્તુળો જ દોરી મોકલ્યાં છે. ખરા જવાબ આપનારાઓમાં પણ સુઘડ રીતે કંપાસથી વર્તુળ દોરી સ્પષ્ટ ઉત્તર લખનારા બેત્રણ ભાગ્યે જ નીકળે. કેટલાકો હજી પણ પોસ્ટકાર્ડ પર અધુરા જવાબો લખી મોકલે છે. આ કેમ ચાલે? ઇનામ મેળવનારા આ રહ્યા: (૧) છોટાલાલ નરસિંહભાઇ પટેલ, અંભેટા (૨) ગૌતમરામ નાનાલાલ દવે, ભાવનગર (૩) છગનલાલ ભગુભાઈ સોલંકી, વાંકાનેર (૪) બાલુભાઇ હરિભાઇ મહેતા, ભાવનગર (૫) માણેકલાલ પ્રેમચંદ મોદી, વાંકાનેર (૬) ચાંપસિંહ વિજપાર, ઘાટકોપર (૭) નાનાલાલ ડાહ્યાભાઇ પાટડિયા, રાણપુર (૮) વ્રજલાલ કેશવલાલ સંઘવી, લીમડી (૯) જીવંતિકા ગિરધરલાલ શાહ, અમદાવાદ. ખરા જવાબ નીચે મુજબ: વર્તુળમાંની દસ બીલાડીઓને છુટી પાડનારાં બીજાં ત્રણ વર્તુળો અંદર નીચે પ્રમાણે આવે:



શબ્દગોઠવણ

શિ
નિ કા સ
સા બ ર મ તી
નૂ પુ ર
ર


ગણિતગમ્મત (૧) મોટાભાઈ પાસે ૩ા રૂપિયા; નાના પાસે ૧ા રૂપિયો. (૨) આનો ઉત્તર બેત્રણ રીતે આવી શકે આ સામે તેનો એક પ્રકાર આપ્યો છે:

	ભરેલી પેટી	અરધી	ખાલી
નરેન્દ્ર	૩	૧	૩
કાન્તિ	૨	૩	૨
અનુપ	૨	૩	૨

શબ્દશિરચ્છેદ (કા)વેરી; (બા)જરી; (શા)મળ. **શોધી કાઢો:** નથી વિદ્વત્તા વાપરી દેશ દાઝે, નથી વાપરી પાઇ જો લોક કાજે; નથી કામ કીધાં સ્વદેશાભિમાની, વૃથા જન્મ ખોયો કરી શી કમાણી?

નવા સવાલ

શોધી કાઢો (૧) એક મોટો ચોરસ દોરો અને તેના ૩૬ સરખા ભાગ કરી તેમાં ૧૨ ટપકાં એવી રીતે ગોઠવો કે જેથી તેની આડી, ઉભી અને કર્ણરેખાથી જોતાં દરેક લીટીમાં બબ્બે ટપકાં આવે. (ગો. શાહ) **(૨)** પાંચ કહેવતો ગુંચવાઇ ગઇ છે; શોધી કાઢો: (૧) શેઠજી જાકે ભાટ રખાશે કેર (૨) ઘણો બેરો રખે ભુ પરે મનો (૩) નેવું વાણે તેલ રેમેવું તે કપાવે (૪) મોભે ઇટાળા મોડો નાશ (૫) ચુરમાના ઘેટીલા ઘેર. (અં. જોશી)



(૩) એક કાગળમાંથી કાપી કાઢેલા આ ટુકડાઓને એવી રીતે ગોઠવો કે તેનો એક ષટકોણ બની રહે. **(૪)** એવું શું છે કે જે આ દુનિયાનાં બધાં માણસો એકી સાથે કરે છે?

શબ્દગોઠવણ બાજુમાં બતાવેલા આકારમાં નીચેના અર્થવાળા શબ્દો ક્રમસર ગોઠવવાથી વચ્ચેની કાળા અક્ષરની ઉભી લીટીમાં જગતનું એક સનાતન સૂત્ર એની મેળે રચાઇ જશે: ૧,૨,૩=ખીલવણી, ૪,૫,૬ =વ્યાકરણનું એક અંગ; ૭,૮,૯=હિંદુસ્તાનની ગૌરવભૂમિ; ૧૦,૧૧,૧૨=પવિત્ર; ૧૩,૧૪,૧૫=હિંદુ સમાજનું પ્રતિત અંગ; ૧૬,૧૭,૧૮=સુખી; ૧૯,૨૦,૨૧=ભારતની એક ભાષા.

૧ ૨ **૩**
૪ **૫** ૬
૭ ૮ ૯
૧૦ **૧૧** ૧૨
૧૩ ૧૪ **૧૫**
૧૬ **૧૭** ૧૮
૧૯ ૨૦ ૨૧

ગણિતગમ્મત: આ કોઠામાંના આંકડાઓને એજ કોઠામાં એવી રીતે ગોઠવો કે જેથી દરેક સીધી લીટીમાં આવતા ચાર આંકડાનો, વચલા ચોરસનો તથા સામસામા છેડાના ચાર આંકડાનો સરવાળો ૨૬ થાય.

	૧	૨	
૩	૪	૫	૬
૭	૮	૯	૧૦
	૧૧	૧૨	

(૨) મેં પોસ્ટ ઑફિસમાંથી થોડીક આનાવાળી, તેથી દસ ગણી અરધા આનાવાળી ને બાકીની અઢી આનાવાળી ટીકીટો ખરીદી, અને કુલ ૩ રૂા. ખર્ચ્યા; તો દરેક જાતની કેટલી ટીકીટો મેં ખરીદી હશે? (વે. બુચ)

તસતસતાં તંગ કપડાં જેને 'ફિટ' કહેવામાં આવે છે તેવાં, ગળામાં જેને લીધે ઉંટની માફક ગરદન રાખવી પડે તેવો કૉલર કે ફાંસા જેવી નેકટાઈ, પગને છુંદીને આંટણ પાડે અને લોહી ફરતું અટકાવે એવા બુટ, અને જેમાંથી પગ કાઢતાં આખા મોટા ઘરમાં ફેલાઈ જાય એવી દુર્ગંધ મારતું આખો દિવસ સડનારૂં મોજું જે પગની ચામડીના બધાં છિદ્રોને રૂંધી નાખે—આ બધાં મનુષ્યની કાર્યશક્તિને ક્ષીણ કરનારાં સાધનો છે એમ અમેરિકાના મિ. એડિસન કહે છે, એ હિંદી જુવાનિયાઓએ શીખવા જેવું છે. એડિસન કહે છે કે હું હમેશાં ઢીલાં (પહેરણ જેવાં) કપડાં વાપરૂં છું. (ગુ. કેસરી)



માધુકરી

કંઇકંઇ અંગુલિએ શીવ્યા સાંધેસાંધા શ્રમભેર;
કંઇકંઇ વીરિએ રંગ્યો જીવનરૂધિરે સો ફેર;
કંઇકંઈ ઋષિએ દઢ રોપી કાઠી જેની સદ્ધર્મે,
અકલિત તે ભારતધ્વજના છે ઉંડા ચેતનમર્મે.
કોટિક જનની નસનસના મહીં તંતુ ગુંથાયા ગાઢ,
કોટિક આત્માની વાંછા મહીં પાપી તેજઉઘાડ;
ઓ વીર ! ફરી ફરકાવો એ જયપટ વ્યોમ વિશાળ,
એ હતો, હજી છે, રહેશે, ભારતનો ધ્વજ ચિરકાળ.

—કવિ ખબરદાર

સાઈકલ પર સહેલગાહ


યુવાવસ્થા માનવજીવનનો સર્વથી વધુ મહત્ત્વનો કાળ છે. અનિયન્ત્રિત સ્વચ્છંદતા અને કલ્લોલથી ઉભરાતા યૌવનનો આનંદ વિરલ છે. એ સમયમાં મનુષ્ય, પ્રકૃતિની આબેહુબ પ્રતિકૃતિ જણાય છે. સ્વૈર આચાર, ઉદ્દામ મનોવૃત્તિ, નિયત બંધનોનો નાશ, નવીન પ્રણાલિકાનો ઉત્સર્ગ—આમ અનેક પ્રકારનાં તત્ત્વો યુવાનીનાં તેમ જ પ્રકૃતિદેવીનાં વિવિધ અંગોમાં નજરે પડે છે. પણ આ બધાં આચરણોને પોષનાર અત્યારનું વાતાવરણ નથી. અત્યારના સમાજની નિશ્ચેષ્ટ સભ્યતાના જડ બંધનોનો ભાર એટલો તો ભયાનક છે કે આપણા યૌવનવનનો ઉચ્છેદ જ થયો છે. આપણી અસભ્ય સામાજિક સભ્યતા અને આપણી ગુંગળાવનારી શિક્ષણ-પ્રણાલિકાના પાશમાં જકડાએલું આપણું યૌવનબળ નિશ્ચેષ્ટ થયું છે. અને તોફાન નાચી રહ્યાં હોય એવા—નાચતા કુદતા દોડતા, દોડીદોડીને થાકી જતા, યૌવનના અમાપ બળના ઉભરાને એ રીતે શાંત કરતા યુવાનો આપણા સમાજમાં કહીં પણ જણાય છે? આમ ને આમ જો ચાલશે તો યૌવન જેવી વસ્તુ પણ રહેવાની નથી.

આ વન્ધ્યાવસ્થાનો પ્રતિકાર કરવા પાશ્ચાત્ય દેશોમાં અનેક ઉપાયો યોજાય છે. એમાંનો એક ઉપાય વનવિહારનો છે. શિક્ષણમંદિરના આશ્રયથી કે સ્વતંત્રરીતે જુવાનોનાં ટોળાં શહેરનાં કલુષિત વાતાવરણને તજી, માનસિક બોજાને ઓછો કરી, પ્રકૃતિને ખોળે શરીર—મન—હૃદયને પ્રફુલ્લ કરવા, નવું જીવનબળને મેળવવા યાત્રાએ જાય છે. જ્યાં શિષ્ટાચારથી શરમાવાનું નથી, જ્યાં સૌંદર્ય વ્યભિચારવૃત્તિ વિનાનું કેવળ નૈસર્ગિક છે, જ્યાં માણસની વિવિધ વૃત્તિઓને પોષવાનાં સાધનો અપાર છે, એવાં જંગલોમાં—વગડામાં આથડવામાં, વેરાન ગીચ ઝાડીઓમાં માર્ગ કરવામાં, રજ પણ વિચાર વિના દરેક વિષયની વાતો કરવામાં, નદીનાળાં, ખાડાખાબોચિયાં ને વાવકુવામાં યથાવકાશ ઉલળ્યા કરવામાં, કાચુંપાકું યથાપ્રાપ્ત ખાઇ ઝાડની છાયામાં ઘોરવામાં યુવાનોનાં જીવન નવપલ્લવિત બને છે. આવી યાત્રાઓને અંગ્રેજી ભાષામાં કૅમ્પિંગ કે હાઇકિંગ કહે છે. અને એ અત્યારના સમયમાં શિક્ષણનું એક મહત્ત્વનું અંગ ગણાય છે.

આ યાત્રા કરવામાં કાં તો પગે ચાલીને જવાનું હોય છે વા વાહનથી. પગે ચાલનારને સ્વાસ્થ્યના સુધરવા ઉપરાંત પ્રત્યેક વસ્તુના ગાઢ પ્રસંગ ને અવલોકનનો લાભ વિશેષ થાય છે. પરંતુ ટુંક સમય હોય ત્યારે આવી યાત્રાઓ બહુ ફલવતી નીવડતી નથી. તેમજ મુસાફરીમાં ઉપયોગી સામાનનો ભાર ઉપાડતાં આનંદમાં જરા ભંગનો અવકાશ રહે છે.

વાહનોમાં તો ગાડી, ગાડાં, રેલવે, મોટર, ઘોડાં, ઉંટ, સાઇકલ વગેરે છે. આમાં છેલ્લું સાધન સૌથી મહત્ત્વનું છે. આજના જુવાનોમાં સાઇકલ પ્રાપ્ત કરવી એ એક ખાસ હક્ક ગણાય છે. એના ઉપકારો અનેક છે. ખાસ કરીને વનયાત્રા કરવામાં એના જેવું મહત્ત્વનું સાધન એક પણ નથી. જોઇએ તેટલો સામાન વગર મહેનતે લઇ જવામાં, યોગ્ય સમયે ધારેલે સ્થળે પહોંચવામાં અને ઓછા શ્રમે વધુ આનંદ મેળવવામાં સાઈકલ જેવું સાધન અન્ય નથી.

આવી યાત્રાઓ કરવામાં ઉત્સાહ અને સહનશીલતા ઉપરાંત ધીરજ અને શાંતિ તથા મનોબળ ખુબ કેળવવાં પડે છે. શરીર તો દઢ જોઇએ જ: પણ એની સાથે અથાગ નિશ્ચય-બળ પણ હોવું જોઇએ. કંટાળો, ઉચાટ કે ઉતાવળને એમાં અવકાશ જ હોતો નથી. પુરતાં સાધનો હોવા છતાં પણ કદિકદિ અણધારી આવશ્યક્તાને દૂર કરવાની સમયસૂચક્તા



પણ વાપરવી પડે છે; રસ્તો ન હોય ત્યાં રસ્તો કરવાની આવડત પણ કેળવવી પડે છે; અને એ બધા ઉપરાંત આનંદ તો મેળવવાનો જ હોય છે.

દોઢેક વર્ષ ઉપર અમે પાંચ જણ—હું, ઇન્દુભાઇ, ઈન્દ્રવદન, હરિવદન ને ડાહ્યાભાઇ—ભુલા મૅન્શનમાંથી સાંજે પાંચ વાગ્યે નીકળ્યા. અમારી પાસે ત્રણ રૅલે પૉપ્યુલર, એક બી. એસ. એ. અને એક ટ્રાયમ્ફ સાઇકલો સરસ સ્થિતિની હતી. ત્રણ સિલ્વર કિંગ લૅમ્પ, એક પાઉડર લૅમ્પ અને એક કોડિયું (!); પાંચ પંપ, એક હથોડી ને પકડ; સ્પૅનર્સ, ઑઇલ કૅન્સ, પંક્ચર સાંધવાનો સામાન; દોરી, દીવાસળી, મીણબત્તી, કોપરેલની તથા ગ્યાસતેલની શીશીઓ; સાબુ, કાંસકી, દર્પણ, ચપ્પુ હતાં. ખાવાને માટે ભાથાના ડબ્બા તથા પાણી ભરેલી વૉટર બાટલો હતી. પાથરવાને શેતરંજી તથા ઓઢવાને ધાબળા હતાં. ખાખી ચડ્ડી અને ખમીસ પહેર્યાં હતાં તેથી દરરોજ પહેરવાનાં કપડાં સાથે લીધાં હતાં. આ ઉપરાંત થોડોક બીજો સામાન હતો. દરેકની સાઇકલ ઉપર—હૅન્ડલ બાર, વચલો બાર અને પાછળના કૅરીઅર ઉપર—પોતપોતાનો સામાન બાંધેલો હતો.

નીકળ્યા ત્યારે ધારેલું કે રાતે ૧૦ વાગ્યે વીરમગામ પહોંચી જઇશું. અમદાવાદથી વીરમગામ ૩૬ માઇલ થાય. ' ઠેઠ સુધી સડક છે ' એમ કોઇએ છાંટેલી, એટલે અમે હરખભર્યા નીકળ્યા. ૧૪ માઈલ સાણંદ સુધી તો નિર્વિઘ્ને પહોંચ્યા. ત્યાં સડક ગેપ! ઢીંચણ જેટલી ધુળથી છવાએલી સડકના નામાવશેષ જેવી સરણી આવી, એટલે મુંઝવણનું પહેલું દર્શન થયું. અંધારાનો દોર પણ ઓર જામ્યો હતો. આખરે થોડીક રકઝક પછી સડકની ડાબી બાજુની પગદંડી ઉપર મુસાફરી કરવાનું નક્કી કર્યું. ભસતાં કુતરાં, હસતાં છોકરાં અને પુછતાં ઘરડેરાંની વિદાય લઈ અમે નીકળ્યા. પાઉડર લૅમ્પ અમારો ભોમિયો હતો. માથે બોરડી, બાવળ ને કેરડાનાં ડાળાં ઘસડાતાં. ઢીંચણથી ઉઘાડા પગે ઝાંખરાં ભરાતાં. ક્વચિત પગથી ધુળવાળી આવતાં ભાન વિના સાઈકલો અથડાતી. ઉપર તારાથી ભરેલું આકાશ, આજુબાજુ ઘોર અંધકારમાં અમારાં ફાનસોના પ્રકાશના ચિત્રવિચિત્ર ઓળા પડતાં ઉભરાતાં ભયંકર ભુતાવળ જેવાં દશ્યો, હસવાના તથા વાતોના તડાકા મારતાં થતા વિનોદના અમારા નાદો, ભડકતાં શિયાળના રડવાના અવાજ —આ બધા વાતાવરણમાંથી પસાર થતાં અમારી મનોવૃત્તિ કંઈ અપૂર્વ ભાવ અનુભવતી હતી. સહરાનાં રણમાં પસાર થતાં કારવાનોની મુંઝવણ અને એક પ્રકારની વિશિષ્ટ આનંદવૃત્તિના જેવું જ અમને કંઇક અંશે ભાન થતું હતું.

આમ આશરે બે કલાક ચાલતાં ચોવીસ માઇલ પુરા કરી રહ્યા ત્યાં તો અમારી પગદંડી પણ પુરી થઇ. આગળ વધવાનો હવે માર્ગ ન હતો. થાક લાગેલો, પણ અમારા અદમનીય ઉત્સાહ અને નિશ્ચયને લીધે અમે તાજા હતા. અમારી સાઇકલો રેલવેના ફાટક આગળ ઉભી હતી. હવે રેલવેની પગથી વિના બીજો રસ્તો ન હતો. એટલે મેં આગેવાની કરી અને રેલવે ઉપર સાઇકલો લીધી. અમદાવાદથી વીરમગામ જતી બી. બી. કંપનીની મોટા માપની રેલવે હોવાથી એની પાસે સારી પગથી હશે એમ ધારેલું. પણ અહીં યે બન્યા. કારણ ચોમાસા પછી સડક સાફ થએલી જ ન હતી, એટલે દર્ભના જુથથી, પત્થરના ઢગલાથી અને કાદવ સુકાતાં પડેલા ખાડાથી છવાએલી પગથી પર પરાણે પગ ટેકવવો પડતો. સૌથી વધારે ત્રાસ તો નાળાં આવતાં થતો. જમીનથી દસપંદર ફુટ ઉંચે, ચાલીસથી સીત્તેર ફુટ લાંબાં નાળાં ઉપરથી ખભે સાઇકલ લઈ લથડતા જતા અમને કોઇ જુએ તો એની આંખમાં આશ્ચર્ય, શાબાશી અને કૌતુકની જગ્યાએ આંસુ જ આવે વળી ક્વચિત પગદંડી ન મળે, એટલે સડકની બહાર જવું પડતું. આ દેખાવ અપૂર્વ હતો. સડકની બંને બાજુ છાતી જેટલા ઉંચા ઘાસથી છવાઇ હતી. તારની વાડ પણ એટલી જ ઉંચી. તારની બહાર ખાડામાં બાવળની શૂળોના ઢગ પડેલા. આ બધું સાઇકલ ખભે કરી ઓળંગવાનું હતું. એમાં ય મારા પગમાં ઉપાનનો અભાવ; એટલે બીજાઓ ખાડા ઉતરી પેલી તરફ જાય, ત્યાંથી એક જણ બીજાનાં ચંપલ લઇ મને આપવા આવે ને એ ચંપલ પહેરી સાઇકલ ખભે કરી હું બહાર નીકળું. વળી મારા પગ જરા લાંબા હોવાથી પેલા ચંપલ તેમની સાથે દોસ્તી કરવાની ના પાડે એ અનુભવ પણ જેવોતેવો ન હતો.

આમ અથડાતા કુટાતા અમે જખવાડા સ્ટેશને પહોંચ્યા ત્યારે રાતના બાર વાગ્યા હતા. એ રીતે છેલ્લા છ માઇલ અમે ખાસા ત્રણ કલાકમાં કાપ્યા ગણાય ! જખવાડા સ્ટેશને રાત ગાળી સવારના છ વાગ્યે વીરમગામ જવા નીકળ્યા. દિવસ હતો અને સડક પણ સારી હતી, એટલે ઝાઝા અનુભવ વિના વીરમગામ પહોંચ્યા. ધુળથી ખરડાએલાં વીલા મોં, મેલી થએલી સાઇકલો અને વિચિત્ર ખાખી પોષાક સાથે વીરમગામના બજારમાં થઇ, બોર્ડીંગ જોઇ સીધા તળાવ ઉપર ગયા. મુનસરમાં પ્રાતર્વિધિ આટોપી લીધો અને સાઇકલો સાફ કરી નવી બનાવી દીધી. કપડાં ધોયાં, બદલ્યાં અને ગામમાં ઉતારે ગયા. મારે કામ હોવાથી હું સીધો સ્ટેશને આવી ગાડીમાં અમદાવાદ આવ્યો. બાકીના રાતની ગાડીમાં પાછા આવ્યા. આ ઉપરાંત અમારી પાછળ ડિટેકિટવો પડ્યા એ અનુભવ જુદો.

આ અવનવી મુસાફરીમાં અમને શરીરે રજ પણ ઈજા પહોંચી ન હતી, તેમ જ એક પણ પંકચર પડ્યું ન હતું. વિશેષતા એટલી કે રાત હતી એટલે જ આ મુસાફરી કરી શક્યા. દિવસે આવા રસ્તે જવાની હીમત જ ચાલત નહિ. અમારૂં અનુકરણ કરનાર બીચારા પાછા આવ્યા હતા.

આવી મુસાફરી રજાના દિવસોમાં લાંબે સુધી કરી શકાય. અમદાવાદથી ખેડબ્રહ્મા કે ઇડર, અમદાવાદથી ગોધરા અને ત્યાંથી રતલામ થઈ દિલ્હી, આગ્રા, પેશાવર, કાશ્મીર કે કલકત્તા; અમદાવાદથી આબુ ને અજમેર થઇ આગ્રા અને ત્યાંથી કાશ્મીર. આ માત્ર દિગ્દર્શન કરવા પુરતો માર્ગદર્શક ક્રમ છે. અમદાવાદથી ગીરનાર, જામનગર, ભાવનગર કે ધ્રાંગધ્રા જવાનું પણ સરળ છે.

યૂરોપ અને અમેરિકાના યુવાનોમાં સાઇકલની મુસાફરી કરવાની હરીફાઇઓ દર વર્ષે થાય છે. આ ઉપરાંત ત્યાં એક અવનવી સરત ' સિક્સ ડે સાઇકિલંગ ' નામની છે. એમાં બબ્બેની જોડીઓ વચ્ચે શરત થાય છે. શરતમાં ઉતરનારા રવિવારની રાત્રે સાઇકલ ઉપર રવાના થાય. એમની પાછળ મૉટર ટ્રકસમાં જજ, રીફરી વગેરે અમલદારો તથા ખાવા-પીવાનાં, સુવાનાં, નિત્યકર્મનાં સઘળાં સાધનો દવાદારૂ અને જોઇતું સાહિત્ય હોય છે. દરેક જોડીમાંનો એક જણ સાઇકલ ચલાવતો હોય ત્યારે બીજો આરામ લે છે. પછી એ સાઇકલ ચલાવવા માંડે એટલે પહેલો આરામ લે. આમ વારાફરતી બંને ભેરૂ સાઇકલ ચલાવ્યે જ જાય. દરેક જોડીની સાઇકલો એક ક્ષણ પણ બંધ પડવી ન જોઇએ. આમ શનિવારની રાત સુધીમાં જે જોડી વધારેમાં વધારે અંતર કાપે તે જીતી ગણાય અને એ જીતનારી જોડીમાં પણ જે ભેરૂ વધારે અંતર કાપે તે ચૅમ્પીઅન મનાય. આ અત્યંત આનંદપ્રદ કસોટીની શરત છે.

લંડનથી આખી દુનિયાની સાઈકલ ઉપર મુસાફરી કરી અઢી ત્રણ વરસે ઘેર પહોંચનાર ત્રણ અંગ્રેજ યુવાનોના પ્રવાસનું વર્ણન ચમત્કારી છે. થોડાક સમયથી આપણા દેશના જ વતની પારસી કોમના યુવાન સ્કાઉટ માસ્ટર મિ. દાવર એકલા દુનિયાનો પ્રવાસ સાઇકલ ઉપર કરવા નીકળ્યા છે. બીજા ત્રણ સ્કાઉટ માસ્ટરો પણ એવા જ ઉદ્દેશથી મુંબાઇથી થોડાક માસ ઉપર નીકળ્યા છે. ખરા ધૈર્યની અને મર્દાનગીની કસોટી આવા લાંબા પ્રવાસોમાં થાય છે. આપણા યુવાનોનું આ વિષયમાં હું ખાસ લક્ષ ખેંચું છું. ઉનાળાની લાંબી રજાઓ કે બીજી ટુંકી રજાઓનો ઉપયોગ આવાં સાહસનાં કાર્યો કરવામાં આપણા વિદ્યાર્થીઓ ગાળે તો કુદરતના માર્ગ મોકળા છે. ભાવે તેટલો આનંદ લુટો. પણ લુટનારા ક્યાં છે ?

(સાબરમતી) **અ૦ હરિનારાયણ આચાર્ય**

જૉસેફ પિલ્સુદ્સ્કી

પાતળિયા દેખાવનો ને ઠીંગણા કદનો, પણ ચકોર દૃષ્ટિ ને નિશ્ચયાત્મક બુદ્ધિવાળો. એક માનવી, પોતે સ્થાપેલી પોલાંડની સ્વતંત્ર રાજવ્યવસ્થામાં હમણાં પાછો પલટો આપી રહ્યો છે.



પોલાંડને શિરે સ્વાતંત્ર્યમુકુટ મુકનાર એ વીર નર ૫૯ વર્ષ પહેલાં વીએનામાં જન્મ્યો. પુત્રનાં લક્ષણ પારણામાંથી. એ અરસામાં પોલાંડ પર રશિયાનો જુલમી હકુમતી પંજો હતો. ૧૯ વર્ષની વયે તો તેણે તેની સામે માથું ઉચકી તેને નેસ્ત-નાબુદ કરવા એક છાપું કાઢ્યું અને એક ખાનગી મંડળ જમાવી તેમાં છુપી રીતે લશ્કરી તાલીમ આપી સૈનિકો તૈયાર કરવા માંડ્યા. રશિયન સરકારે એને આ હીલચાલો કરવા બદલ પાંચ વરસ સુધી સાઈબીરિયામાં દેશનિકાલ કર્યો.

આ મંગળ શરૂઆત પછી તે આખું જીવન દેશની સ્વતંત્રતા માટે મથતો આવ્યો, અને જે જે તક મળી તેનો લાભ લઇ તેણે જુલમી સત્તા સામે સ્વાતંત્ર્યનો ઘોષ કર્યો. યૂરોપની મહાન લડાઇ જાગી એ વેળા તે સાત વર્ષથી રશિયાની સરહદ પર હતો, અને ત્યાંથી નાસી ગૅલીશિયામાં ભરાયો હતો. ત્યાં તેણે 'સોકોલ' નામની કલબ સ્થાપી તેમાં ગોળીબારની રમતો શરૂ કરી હતી. ૧૯૧૪માં લડાઇ જાહેર થઇ કે તેણે તરત સરહદ ઓળંગી કિલ્લેક સર કર્યું. આમાં લડાયક બહાદુરી નહોતી, પણ એની બેનમૂન હીમત અને સાહસિક વૃત્તિ હતી. એ સાહસવીરમાં પોલાંડે પોતાના ભાવી નેતાની મૂર્તિ જોઈ.

રશિયાનું નામમાત્ર સાંભળતાં તે તેની સામે તુટી પડતો. જર્મન અને ઑસ્ટ્રિયન રાજ્યો રશિયાનાં દુશ્મન હતાં, એટલે તેમણે પિલ્સુદ્સ્કીને પડખું આપ્યું, અને ૧૯૧૭માં તો એ ૧૮૦૦૦ પોલીશ સીપાઇઓનો સરદાર બની રહ્યો. એ વખતે તેણે બધી પોલીશ ટુકડીઓ માટે પોતાના દેશ પોલાંડના જ—પોલિશ પોશાક ને પોલિશ અમલદારોની માગણી કરી. જર્મનીને એ વધારેપડતું લાગ્યું અને તેને મૅગ્ડેબર્ગમાં કેદ કર્યો.

પણ ૧૯૧૮માં જર્મન રાજ્યક્રાન્તિ થઇ તે વેળા તેનો છુટકારો થયો. તેના દેશજનોએ તેનો સત્કાર કર્યો. તે દમામપૂર્વક પોલાંડના પાટનગર વૉર્સોમાં દાખલ થયો, બધી સત્તા પોતાને હાથ લીધી અને પેડરેવ્સ્કી નામના એક વિખ્યાત સંગીતશાસ્ત્રીને મુખ્ય પ્રધાન નીમ્યો.

૧૯૨૦માં તેણે રશિયા સામે યુદ્ધ માંડયું અને અનેક કુનેહભરી યુદ્ધનીતિ દાખવી રશિયાનો નવો મુલક કબજે કર્યો, જે છેલ્લી રીગાની સંધિની રૂએ પોલાંડ સાથે જોડી દેવામાં આવ્યો.

૧૯૨૧માં લૅમ્બર્ગ ખાતે તેના ઉપર જીવલેણ હુમલો થયો તે પછી તેણે રાજ્યના સરદાર તરીકેનું રાજીનામું આપ્યું. ૧૯૨૩માં લશ્કરની સરદારી પણ મુકી દીધી અને બીજા પ્રધાનોની કામગીરી ઉપર એવાં તીખાં ભાષણો કર્યાં કે હરીફોએ તેને દ્વંદ્વ યુદ્ધમાં ઉતાર્યો. પછી ઘણો વખત એ ચુપ રહ્યો, પણ હમણાં થોડા જ વખત પહેલાં તે વૉર્સો નગરની બહારના એક પરા આગળ ચાર લશ્કરી ટુકડી સાથે દેખાયો અને જાહેર કર્યું કે પ્રધાનો મારૂં કર્યુંકારવ્યું બધું ધોઈ નાખે છે. એટલે પોલાંડનું રાજતંત્ર હું હાથમાં લઇશ. અને તેણે કર્યું પણ એમ જ. રાજસભા સર કરી, ચાલુ કારભારીઓ અને પ્રમુખને દૂર કર્યા અને નવું પ્રધાનમંડળ નીમ્યું.

આટલો શક્તિશાળી એ પિલસુદ્સ્કી જાતે તદ્દન સાદી રીતભાતનો માણસ છે; એટલે સુધી કે જુના ફાટેલા પોશાક સાથે તે જાહેરમાં દેખા દે! રાજદ્વારી આગેવાન તરીકે આગળ પડવા તે ઇચ્છતો નથી; કીર્તિનો તે ભુખ્યો નથી. તેને તો માત્ર એક જ વાત છે: દેશનું હિત. અને તે સાધવા પોતે પાછળ રહી બીજાઓ પાસે કામ પાર ઉતારવાનું તેને ગમે છે. તેના અનેક કટ્ટા દુશ્મનો હોવા છતાં, લશ્કર આખાનો તે માનીતો છે. પોલાંડનો એ સ્વાતંત્ર્યવીર છે.

વનસ્પતિનો બ્રહ્મા



અમેરિકાનો પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બ્યુરબૅન્ક હમણાં જ ૭૭ વર્ષની ઉમરે ગુજરી ગયો. દુનિયાનું ભલું કરનારા મહાન પુરુષોમાં તેની ગણતરી કરી શકાય; કેમકે દુનિયા ખોરાક ઉપર નભે છે, અને બ્યુરબૅન્કે વનસ્પતિઓમાંથી અગાઉના કરતાં વધારે ખોરાક અને રસકસ ઉત્પન્ન કરી આપ્યાં છે. તેણે થોરના કાંટા ઉડાવી દઇ ઢોરને ખાવાલાયક ખોરાક રૂપ તેને બનાવ્યો; બોર જેવાં ફળના ઠળિયા ઝીણા બી જેવડા બનાવી ઉપરનો ગર સફરજન જેટલો કર્યો; ઝીણાં ફુલોને હથેલી જેવડાં મોટાં ઉગતા કર્યાં; ઝાડમાંથી થડ પાંદડાં ઓછાં કરી ફળોમાં તેનો રસ ઉતારી પાકમાં વધારો કર્યો. આવુંઆવું તો તેણે પુષ્કળ કર્યું છે. એકલા થોરના કાંટા કાઢી નાખીને જ તેણે અમેરિકાના પૅસિફિક કિનારાની ભૂમિને એક અબજ ને પચાસ કરોડ રૂપિયાનો ફાયદો કરી આપ્યો છે; અને તેણે શોધેલી બટેટાંની નવી જાતે તો જમીનમાંથી અનગળ દ્રવ્ય અને રસકસ ઉત્પન્ન કર્યા છે.

અને આ બધું તેણે કંઇ પૈસાને માટે નથી કર્યું. પણ જગતની, કુદરતની સેવાને કાજે. એ તેના આત્માનો આવિર્ભાવ માત્ર હતો. કુદરતનો તે જાણે કોઇ મહાન જાદુગર હતો; વનસ્પતિનો બ્રહ્મા હતો. તે ઇશ્વરમાં નહોતો માનતો. કુદરતને જ ઈશ્વર તરીકે માનતો.

તેણે પૃથ્વીને વધુ રસકસવંતી કરી છે; વનસ્પતિ અને કુદરતને વધુ સુંદર બનાવી છે, જગતને વધારે રસથી પોષ્યું છે.

તમે ડરકુ છો ?

યુદ્ધક્ષેત્રમાંથી પીઠ દેખાડી પાછા ફરેલ બીકણ સીપાઇઓને નસીહત કરવા સારૂ સ્પાર્ટામાં એક વિચિત્ર રીવાજ ચાલતો હતો. (૧) તેઓને 'સ્પાર્ટાના ડરકણો' કહીને બોલાવવામાં આવતા. (૨) રાજ્યતંત્રમાં તેમને કોઈપણ જગ્યા મળી શકતી નહિ. (૩) એમને કોઇ કન્યા આપે તે શરમ અને હલકાઈની વાત ગણાતી. (૪) તેઓને જે સામું મળે તે લગાવે. તેઓએ માર ખમી લેવો જોઇતો; અને મોંમાંથી એક પણ હરફ કઢાતો નહિ. (૫) તેઓને ફાટાંતુટાં અને રંગીન કાપલીઓનાં થીગડાં દીધેલ જભ્ભા પહેરવા


પડતા. (૬) અને સૌથી બુરૂં તો એ હતું કે તેઓને એક બાજુની અરધી હજામત જ કરાવવી પડતી !

પુત્ર માટે જીવતી ચામડી ઉતારી દેનાર

આણંદ તાલુકાના ખંભોલજના ધનિક પટેલ શનાભાઈ મફતદાસનો ૧૧ વરસની વયનો પુત્ર અંબાલાલ ફાનસમાંથી આખા શરીર પર ઘાસતેલ ઢળવાથી પાછલા ભાગમાં કપડાં સાથે બળી ગએલો. તેને સારવાર માટે વડોદરાની ડફરિન હૉસ્પિટલમાં લઈ ગએલા. બળી જવાથી પગના ઢીંચણ નીચેની ચામડી કાચી પડશે એમ લાગવાથી કોઇ જીવતા માણસની ચામડી આપવા વડોદરા સ્ટેટના ચીફ મેડિકલ ઑફિસરે માગણી કર્યાથી શ્રી શનાભાઇએ પોતાના બંને પગમાંથી છ ઇંચ લાંબી ને પાંચ ઇંચ પહોળી ચામડી ઉતારી આપી.

વજન કેમ ઉઠાવવું ?

'બળ નહિ પણ કળ' એ વજન ઉઠાવવાની કુંચી છે. રેંકડીવાળાઓ ને સ્ટેશન ઉપરના મજુરોને આપણે તેમના ગજા કરતાં અતિશય વધારે બોજો ઉચકી જતા જોઇએ છીએ તેમાં બળ કરતાં કળ જ વધારે હોય છે.



ચિત્ર નં. ૧ ચિત્ર નં. ૨ ચિત્ર નં. ૩

આપણા શરીરમાં મજબુતમાં મજબુત સ્નાયુઓ સાથળના હોય છે. વજન ઉચકવામાં તેનો બને તેટલો ઉપયોગ કરો. કેડેથી ટટ્ટાર રહી પહેલાં ઢીંચણ વાળો. પછી હાથ વતી વજન ઉચકી ઢીંચણ પર ચડાવી દો અને ઢીંચણ ટટ્ટાર કરી દો. પગના સ્નાયુઓ આ રીતે વધારેમાં વધારે વજન ઉચકી શકશે. જુઓ ચિત્ર નં. ૩ અને ૪.

પગ પછી બીજો વધારે મજબુત અને ફાવટ વાળો ભાગ ખભો છે. તેના ઉપર પણ માણસ કળથી ઘણું વજન ઉચકી જઇ શકે. એ કળ તે કાવડની પેઠે વજનને બે બાજુ વહેંચી ઉઠાવી લઇ જવાની. ચીના મજુરો હમેશાં આ રીતે વજન ઉઠાવે છે. વાંસની મજબુત લાકડીને બે છેડે બે મોટા દાગીના વળગાડી સહેલાઇથી એ લોકો વજન ખેંચી જાય છે.



ચિત્ર નં. ૪



ચિત્ર નં. ૫

એક રીત કદી ન કરતા. ચિત્ર નં. ૫માં બતાવ્યા પ્રમાણે વજનને દૂર રાખી કેડેથી નમી, પછી હાથેથી ઉચકવાનું બળ કદિ ન કરશો. એથી તમારા હાથ અને કમરના સ્નાયુ તથા હાડકાંને ઈજા થશે. એ રીત તદ્દન ખોટી છે. વજનને શરીરથી દૂર કદિ ન રાખવું. બીજી એક યુક્તિ વજનના નાના નાના ભાગ કરી નાખવાથી છે. મુસાફરીમાં પટારા જેવી મોટી એક ટ્રંક રાખવા કરતાં બે નાની ટ્રંક રાખશો તો બે હાથમાં બંનેને સહેલાઇથી ઉચકી લઇ જઇ શકશો. એક મોટા પટારાને તમારા બંને હાથ નહિ પહોંચી વળે. હાથમાં પેટી સહેલાઈથી ઉચકી જવી હોય તો ચિત્ર નં. ૧માં બતાવ્યા મુજબ કોણીને જરા વાળીને ઉચકજો. એથી ઓછો આલ આવશે.

મોટાં ફરનીચર, ભારે દાગીના કે પેટીઓ ઉઠાવવા માટે ચિત્ર નં. ૨માં બતાવ્યા પ્રમાણે સાથળના સ્નાયુઓની મદદ લેજો, અને શરીરને જેમ બને તેમ દાગીનાની લગોલગ રાખજો. વજનને જેટલું દૂર રાખશો તેટલું નુકસાન છે.